અહિચ્છત્ર-કાવ્યકલાપ.



સંયોજક

દયાશંકર ભાઇશંકર શુક્લ.

અહિચ્છત્ર-કાવ્યકલાપ

કે

અહિચ્છત્ર (પ્રશ્નોરા) નાગર જ્ઞાતિના પ્રાચીન અને અર્વાચીન કવિઓનાં કાવ્યોમાંથી ચુંટી કાઢેલાં ઉત્તમ કાવ્યોનો સંગ્રહ.

(ટીકા સહિત.)

સંયોજક અને પ્રકાશક

દયાશંકર ભાઈશંકર શુક્લ.

આસિસ્ટંટ માસ્તર, સાર્વજનિક હાઈસ્કૂલ,

સુરત.

ખુ. અ. ના ધી સુરત "જૈન પ્રિન્ટીંગ પ્રેસમાં" મહુભાઈ ભાઇદાસે છાપ્યું. ખપાટીઆ ચકલા—સુરત.

પ્રથમાવૃત્તિ.

સંવત્ ૧૯૭૦. સને ૧૯૧૪.

કિંમત { કાચું પૂઠું રૂ. ૦-૧૦-૦
પાકું પૂઠું રૂ. ૦-૧૨-૦ }

સમર્પણ.

આ દુનીઆમાં મારા પ્રતિ સર્વ કરતાં વિશેષ પ્રીતિ

ધરાવનારાં અને મારા હૃદયમાં વ્યકિતમાત્રની સેવારૂપી

વૃક્ષનું બીજ રોપનારાં મારાં **પરમપૂજ્ય**

માતા પિતાને જ્ઞાતિની તેમજ સાહિત્યની

સેવારૂપી આ લઘુ પુસ્તક તેઓશ્રીના અપાર

ઉપકારો નીચે દબાએલો એવો હું શુદ્ધ

અંતઃકરણપૂર્વક સપ્રેમ સમર્પું છું.

લિ૦

દયાશંકર.

પ્રથમના બે બોલ.

એકજ જ્ઞાતિમંના ગુર્જર કવિઓની કૃતિના પ્રાકટ્યનો હેતુ નિર્દિષ્ટ કરવાને બે બોલ લખીશ તો તે અપ્રાસાંગિક લેખાશે નહિ.

આધુનિક સમયમાં જનસમૂહની ગુર્જર ગિરા પ્રતિની અભિરુચિ વૃદ્ધિંગત થતી જોઇને કેટલાએક વિદ્વજ્જનો તરફથી જે પદ્યાત્મક ગ્રંથો પ્રકટ થતા માલમ પડે છે તે સર્વના હેતુઓ કેવળ ભિન્ન જણાય છે, જેવા કે:—કેટલાએકના અર્વાચીન કવિઓની કૃતિ પ્રસિદ્ધ કરવાના તો કેટલાએકના પ્રાચીન કવિઓની કૃતિ પ્રસિદ્ધ કરવાના, કેટલાએકના પ્રસિદ્ધ થએલી કૃતિમાંથી અમુક ભાગ પસંદ કરી પ્રસિદ્ધ કરવાના તો કેટલાએકના તદ્દન અપ્રસિદ્ધ રહેલી કૃતિ પ્રસિદ્ધ કરવાના, કેટલાએકના વિશેષે કરીને પુરુષવર્ગને ઉપયોગી થઇ પડે તેવી કૃતિ પ્રકટ કરવાના તો કેટલાએકના વિશેષે કરીને સ્ત્રીવર્ગને ઉપયોગી પડે તેવી કૃતિ પ્રકટ કરવાના ને કેટલાએકના શાળાઓના વિદ્યાર્થીઓનેજ ઉપયોગી થઈ પડે તેવી કૃતિ પ્રકટ કરવાના તો કેટલા-એકના માત્ર સામાન્ય મનુષ્યોને ઉપયોગી થઇ પડે તેવી કૃતિ પ્રકટ કરવાના હેતુઓ હોય છે. આ સર્વ હેતુઓનું ઐક્ય એકજ પદ્યાત્મક પુસ્તકના હેતુમાં સમાએલું હોય એવું પુસ્તક એક કેળવાએલી નાગરી કોમના કવિઓની ઉત્તમ કૃતિથી બનેલું અને ગરીબવર્ગ પણ લઇ શકે તેવા થોડા મૂલ્યવાળું જો પ્રકટ થાય, તો તે જનસમુદાયને વિશેષ લાભદાયક થઈ પડે; એમ ધારીનેજ આ પુસ્તક પ્રકટ કરવામાં આવ્યું છે.

ઉપર દર્શાવેલી કેળવાએલી નાગરી કોમ અન્ય નહિ પણ અહિચ્છત્ર નાગર બ્રાહ્મણનીજ જ્ઞાતિ છે. જે હાલમાં પ્રશ્નોરા નાગર કે

બ્રાહ્મણની જ્ઞાતિને નામે પ્રસિદ્ધ છે. તેને એવી તો કુદરની બક્ષીસ મળેલી છે કે તે જ તિના મનુષ્યો જે કાર્ય હસ્તકમાં લે તેમાં બહુધા ઉ-ત્તીર્ણ થયા વિના રહેજ નહિ.

દષ્ટાંતથી દરેક બાબત વધારે સ્પષ્ટ જણાય છે માટે ઉપર દર્શાવેલી બાબતને માટે અત્ર સ્થળે કેટલાંએક દષ્ટાંત આપીશ તો તે અયોગ્ય ગણાશે નહિ. સાંપ્રત કાળમાં રાજકીય બાબતમાં ઑનરેબલ પ્રભાશંકર દલપતરામ પટણી, સી, આઇ, ઈ, સંસ્કૃત કવિત્વમાં મહા મહોપાધ્યાય શીઘ્ર કવિશ્રી શંકરલાલ માહેશ્વર, ને શિષ્ટ ગુજરાતી લેખનમાં મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત) વગેરે, અને પ્રાચીન સમયમાં ચિત્રકળાને મંત્ર સાધ્યમાં લાલજી શુક્લ (જુઓ પૃ૪. ૧૯) વૈદકમાં વૈદ્યરાજ શ્રી ઝંડુભટ્ટજી, સંગીત-કળામાં સુપ્રસિદ્ધ સંગીતશાસ્ત્રી આદિત્યરામજી (જુઓ પૃષ્ઠ ૬૮મુ) ને પંડિતાઇમાં પુનાની મહાસભામાં જય મેળવનાર જગન્નાથ પંડિત, વગેરે ઉત્તીર્ણ નીવડેલા જણાય છે. જે વાચકની ધ્યાનમાં આવ્યું હશે.

આવી કુદરતી બક્ષીસવાળી ઉચ્ચ પ્રતિની કોમ કે જે અખિલ ભારતવર્ષમાં આચાર વિચારને માટે પણ અધિક ગૌરવ ધરાવે છે તેની આજ દિન સુધીમાં બહુધા પ્રસિદ્ધિમાં નહિ આવેલી એવા રસિક ને વર્ણનાત્મક કૃતિ ને કેટલીએક પ્રસિદ્ધિમાં આવેલી કૃતિમાંની જનસમૂહમાં અતિ રુચિકર થઇ પડેલી કૃતિ આ પુસ્તકમાં પ્રકટ કરવાને હું ભાગ્યશાળી થયો છું તે બાતે મારા ઇષ્ટદેવ શ્રી હાટકેશ્વરનો અને તે પ્રસિદ્ધ કરવાની અનુજ્ઞા આપનારા મારા જ્ઞાતિબંધુઓનો મોટો આભાર માનું છું.

વળી સ્વજાત્યભ્યુદયેચ્છક ઑ. **પ્રભાશંકરભાઈ પટણીએ** મને જે મદદ કરી છે તેના બદલામાં તેઓશ્રીનો આભાર માનવાનું મારે ભૂલી જવું ન જોઇએ.

આ પુસ્તકમાં જે પ્રસિદ્ધ થએલી કૃતિ પ્રકટ કરવામાં આવી છે, તે જે પુસ્તકમાંથી લેવામાં આવી છે તે પુસ્તકનું નામ તે કાવ્યની નીચેજ પ્રકટ કરવામાં આવ્યું છે.

જોડણીની બાબતમાં તો બનતાં સુધી રીવીઝન કમિટીના નિયમો પ્રમાણેજ ચાલવા પ્રયત્ન કર્યો છે. છતાં તેમાં દોષ જણાય ત્યાં વાચકવર્ગને સુધારી લેવા વિનતિ છે.

કવિઓ સંબંધી જે સંક્ષિપ્ત નોંધ આપવામાં આવી છે તે માત્ર પ્રાચીન કવિઓનીજ છે. અર્વાચીન કવિઓની તેવી નોંધ આપવાનું આ સમયે બની શક્યું નથી, પણ યથાવકાશે તે આપવા વિચાર છે.

'મનુષ્યમાત્ર ભૂલને પાત્ર છે' એ લોકોક્તિ મુજબ આ પુસ્તકમાં પણ અનેક દોષો હશે તો તે તરફ મારૂં લક્ષ ખેંચવાને અને સુધારીને વાંચવાને વિદ્વજ્જનો પ્રતિ મારી અભ્યર્થના છે.

છેવટે કેટલોએક અપ્રસિદ્ધ સંગ્રહ મેળવી આપનારા મારા મામાશ્રી બકોરદાસ ભવાની ૫ર મહેતાને, કેટલાએક કવિઓની શોધ કરી આપનારા મારી જ્ઞાતિના ભાવનગરની ગુ. હાઇસ્કૂલના હેડ માસ્તર દેવશંકર વૈકુંઠજી ભટ્ટને, કેટલાંએક પ્રાચીન કાવ્યોના રાગ ગોઠવી આપનારા મારા શુભેચ્છક પ્રે. ટ્રે. ટ્રેનિંગ કૅાલેજના સંગીતશાસ્ત્રી લક્ષ્મીદાસ આદિત્યરામજીને અને મારા વિદ્વાન મિત્ર રા. મુળજી જેઠાભાઇ અંજારીયા બી, એ; એસ, ટી, સી, ડી.નો ને રા. રતનરામ ઉત્તમરામ ભટ્ટ (સાહિત્ય વિલાસના કર્તા) નો કરેલા મદદના બદલામાં મોટો આભાર માની વિરમું છું.

સાર્વજનિક હાઇસ્કૂલ,
સુરત.
તા૦ ૧૭મી ફેબ્રુઆરી ૧૯૧૪.

લિ૦
દયાશંકર ભા. શુક્લ.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૩	૧૨	લેથી	લેરી
૫	૫	મધ્ય	મધ્ય
૮	૧૦	કરૂં છું	ફરૂં છું
૧૦	૮	માર્મિકોદ્ગાર	માર્મિકોદ્ગાર
૧૧	૯	દેહ	છેહ
૧૨	૧૯	દ:ખ	દુ:ખ
૧૩	૨	સુરી	સારો
૧૫	૧૫	સ્વામી	સ્વામી
૧૬	૩	સથ	સાથ
૧૭	૧	નથવેસર	નકવેસર
૨૯	૧૭	ગતિમંત્ર	ગતિમંત
૩૦	૮	પ્રમર	ભ્રમર
૩૧	૧૦	બાપેલમંદ	બાપેલચંદ
૩૬	૩	ક્રશતા	કૃશતા
૪૦	૧૩	પવનનો	પવન ન
૪૩	૪	પીતાંમ્બર	પીતાંબર
૪૫	૨૦	સતાળ	સતાર
૪૬	૧	કાકર	કરકર
૪૭	૪	કુરચ	ઉરચ
૪૯	૧૨	મોહનને	મોહને
૫૧	૧૫	પંચાધ્યાયાનાં	પંચાધ્યાયીનાં
૫૨	૪	કાળ્યો	કાળ્યા
૫૪	૨	વારાસણી	વારાણસી
૫૫	૬	મણિ કણિકા	મણિકર્ણિકા
૫૬	૧૫	હરિ	હરી
૮૩	૧૧	સદ્ગુરુનું	સદ્ગુરુનું
૮૯	૧૧	જાગ્યો	જાગે
૧૦૯	૧૮	પાવ	પાળો
૧૧૧	૧૪	ઇંદ્રપ્રસ્થો	ઇંદ્રપ્રસ્થ
૧૧૭	છેલ્લી	પશ્ચિત	પશ્ચિમ
૧૩૬	૨૧	કરતું	કર તું
૧૩૭	૧૪	અવનર	અવર
૧૫૨	૧૩	અગણિન	અગણિત
૧૫૨	૧૫	ચોપાહ	ચોપાટ
૧૫૬	૧૦	પચણ	પ્રણય
૧૬૨	૨૦	દ્રષ્ટિને	દૃષ્ટિને
૧૬૪	૧૫	હૃદય	હૃદય
૧૭૩	૧૫	ગ્રહીલે	ગ્રહીલે
૧૭૪	૯	વસનાબુધ્ધ	વાસનાબુદ્ધિ
૧૭૪	૧૫	એનું	એ
૧૭૪	૧૬	દ્વૈષ	દ્વૈષ એ
૧૮૦	૧૬	રજ	રાજ

ઉપર દર્શાવી તે ઉપરાંત કેટલીએક સામાન્ય ભૂલો છે, જેવાકે વિરહ ને બદલે વીરહ, ભૃગુને બદલે ભ્રગુ, વૃંદને બદલે વ્રંદ અને કેટલેક સ્થળે અનુસ્વર ને કાનો ઉડી ગએલ છે, તેમજ ધને બદલે કેટલેક ઠેકાણે ધ છપાયો છે તે સુધારીને વાંચવા વિનતિ છે.

અનુક્રમણિકા.

અહિચ્છત્ર કાવ્યકલાપ.

લાલજી શુકલ.

અહિચ્છત્રદ્વિજ ગુરુશિરોમણિ લાલજીનો જન્મ ધોલેરા બંદર પાસેના નાનીબોરૂ ગામની અંદર સંવત્ ૧૭૬૬ માં કુંવરજી શુકલજીને ત્યાં થયો હતો.

આ કવિશ્રીને ભુવનેશ્વરીના મંત્રના પ્રતાપથી એવો વર મળ્યો હતો કે "એક દિવસમાં જેટલાં પુસ્તકો જોવામાં આવશે તે બધાં જિહ્વાગ્રે થશે, અને જેટલી કળાઓ જોવામાં આવશે તેટલી બધી ઘણી સારી રીતે આવડશે." આવો ઉત્તમ વર પ્રાપ્ત કર્યા બાદ તેઓશ્રીએ જયપુરમાં ભારતવર્ષના ચિત્રકાર અને સંગીત શાસ્ત્રીઓની મહાસભા થઇ હતી તેમાં ઉત્તમ પારિતોષિક મેળવ્યું હતું.

તેમનાં કાવ્યોની કૃતિ નીચેના કાવ્ય વિના બધી ગુમ થઇ ગએલી જણાય છે. તેમના મરણ સંબધી નોંધ ક્યાંઇ પણ જણાતી નથી.

૧

ગરબો.

ઢાળ.

ગણપતિ ગુણને વર્ણવું, ગોવિંદના ગુણ પ્રણમું;
ચરણ નમીને ગાઉં રે, નરોહર ગુણ કેતાજી. ૧
ગુણ કેતાં ગોવિંદજી કેરા, કવિતા કઈ પેરે ગાઉં ?
ગોવિંદ ગોકુલ ગરબે રમીયા, તે રીતે હું ગાઉં. ૨
આસો સુદ નવરાત્રિ પહવે, ઘેર ઘેર ગરબા દાર;
આભૂષણ વસ્ત્ર ધરીને રમવા, ટોળે મળી વ્રજનાર. ૩
મુગ્ધા, બાળા, પ્રૌઢા પનોતી, પદ્મિની મુખ સુગંધ;
અંગે મૃગમદ કરે વાસના, પગલે કુમ કુમ બંધ. ૪
ચિત્રાંગી ચંચલ ગતિ ચાલે, બોલે મધુરી વાણી;
લક્ષણ બત્રીશે પુરી લલના, વેદે તે વખાણી. ૫
નાભી ગંભીરી ત્રિવલી ઓપે, ગજગતિ મંદગતિ કરતી;
નવલપણું જેને અંગે ઓપે, હરિતની હરિમન હરતી. ૬
શ્યામા નવોઢા ચતુરા નારી, બહુ ગુણવંતી ગોરી;
નેહભરી શું નંદ કુંવરને, નાગર નવલ કિશોરી. ૭
× × × × ×
હરિને હેતેશું સુંદરી;
વસ્ત્ર કનક આભૂષણ પેર્યાં, અંગો અંગ ધરી. ૮
અંગ આભૂષણ ધર્યાં ને શ્યામા, શીર ઢળીને બોલે;
હીરા રાખડી વેણી ઉપર, ઝયમ ઝયમ મણિધર ડોલે. ૯
શેંથ ભરી સિન્દુરે સેંથો, જડાવ ટીલડી સોહે;
ઝાલ દામણી ઝળકે શ્યામા, મુનિવરનાં મન મોહે. ૧૦

પદ્મરાગ કળિદંત ભામિની, કંઠ સકોટ સમારી;
કટેસરી ચંપકલી માળા, હાર હયે રહી ધારી. ૧૧
કોરાં કાજળે નેત્ર સમારી, કીર નાસિકા સોતી;
અધર બિન્દુ ઉપર અતિ સોહે, નકવેસર ગજમોતી. ૧૨
બાજુબંધ બેરખડા ખળકે, હળકે હયે હમેલ;
કનક કાંકણી ચુડા કંકણુ, મોંઘાં મરકત વેલ. ૧૩
પાય બેર ઝાંઝરીયાં પે'ર્યાં, તોડા ઘુઘર ઘોર;
છલા વાજણા વળી વીંછીયા, અણુવટડાંના સોર. ૧૪
ઘરસાડી ઘરચોળી ચુંદડી, પોપટ ભાત પટોળી;
તાસ તોરંગી બંધ બાંધણી, ચંપાવરણી ચોળી. ૧૫
તાર કનક કાંચળી કસીને, છાપ્યાં છાયલ પે'રી;
શીર્ષજા પણ કસી સમારી, નવલી નવલી લેરી. ૧૬

સૈયર સંચરી, સુંદરી,
શીર ઉપર ગરબો ધરી,
નન્દ તણે ઘર પરવરી,

ઉછરંગ અંગ ન માય મનશું, મોહનને વરી. ૧૭
સૌએ મળીને કહે સુણોને માતા, ઘેર ઘેર ગરબા ગાશું;
શણગારો તમે શ્યામસુંદરને, રમવા તેડી જાશું. ૧૮
જશોદા કહે મારો બીએ બાળુડો, રમે જોગણી રાત;
નોરતડાંમાં બાઇ કયમ ધીરૂં ? આહીરડાંની જાત. ૧૯
સૌએ મળીને કહે સુણોને માતા, અમે કયમ અળગા કરશું?
પ્રાણજીવન અમને અતિ વા'લા, હૈયે હેતે ધરશું. ૨૦

જશોદાજી કહે નંદજી પ્રત્યે, કાન કરે છે આડો;
ગરબે જાય ગોરણીયું સાથે, તમે ન કરશો ત્રાડો. ૨૧
મોહન કે' માતાજી મારો, ગરબડીઓ તો લાવો;
ઘુઘરા ઘાઘરી ઓઢણી અમને, ચોળી સોત પે'રાવો. ૨૨
એમ કે'વાથી કાનકુંવરને, ભૂષણ વસ્ત્ર પે'રાવ્યાં;
સોના ગરબો દીવો પ્રકટી, મંદિરમાંથી લાવ્યાં. ૨૩
સેંથો ટીલી સર્વ સમારી, ખાંતે ખોળે તેડી;
મા મોઢાનાં મીઠાં કરૂં, તમે ગરબો લ્યો મારી ઘેડી. ૨૪
માથે ગરબો ધર્યોને મોહન, ડગમગ ડગમગ ચાલે;
માતા કે' મા ખમા ખમા, ગોરણીયું ગરબો ઝાલે. ૨૫
મોહન કે' માતાજી ર્‌હોને, હવે હું રમવા જાઉ;
વાંકો ચૂંકો નથી જુઓ તમે, સારી પેઠે થાઉં. ૨૬
વા'લા પુત્ર તમે વે'લા વળો કહી, હર્ષ આંસુ ઢાલે;
પરવરીયા પ્રભુ પ્રકટ થયાને, ચંચળ ગતિએ ચાલે. ૨૭
ચતુરાનારી ચોક ગઇને, રસભર રમવા લાગી;
મોહનજી ત્યાં મધ્ય રહ્યાને, ગગન મંડળ રહ્યું ગાજી. ૨૮
સુરલોકમાં શ્રવણ થયુંને, મા'વે માયા માંડી;
ઝળહળ નારી રૂપ પ્રકાશ્યું, પુરૂષપણાને છાંડી. ૨૯
અતિ શોભે શ્યામાનું મુખડું, કોટિક ચંદ્ર પ્રકાશ;
આવ્યા તાંડવ નૃત્ય નીરખવા, અમરલોક આકાશ. ૩૦
મુખ જોઇ માનવીએ મૂકયો, રૂપ તણો અહંકાર;
મહા મનોહર અદ્દભુત આ કોઈ, સકલ લોકનું સાર. ૩૧
મહા માનિની રૂપ જોઈ જોઈ, અતિશય આનંદ પામી;
બાલવૃદ્ધ ગોકુળીયું આવ્યું, ચરણે મસ્તક નામી. ૩૨

ધન્ય ભાગ્ય અહીં એમ કહીને, આશિષો બહુ દીધી;
તત્ક્ષણ રમવા ગોપવધૂએ, ગાગરીઓ કર લીધી. ૩૩
ફરતી સુંદરી, સૌ ફરે, ને શ્યામા નૃત્ય નવું કરે,
ચૌદ લોકનું મન હરે, હરિ હેતે શું ભરી. ૩૪
ગગન મધ્ય ગરબાનું કૌતુક, સૌ સુર લોકે દીઠું;
કરે તે પુષ્પ તણી અતિ વૃષ્ટિ, કે' ગોકુળીયું મીઠું. ૩૫
વૈકુંઠથી વ્રજનાર વિશેષે, એમ કહે સુરનારી;
નંદજી અદકો નેહ ધરે, ત્યાં નૃત્ય રમે ગિરધારી. ૩૬
બ્રહ્મતાળને દીપક ચંપક, તાળીને ત્રિવેદ;
સુગાન પત્ની સામગાનના, નવલા નવલા ભેદ. ૩૭
કોઇ કે' જાણ કરો જશોદાને, જુએ તે ઝળહળ રૂપ;
નંદજી અદકો નેહ ધરે ત્યાં, ભૂતળ ભૂલ્યા ભૂપ. ૩૮
એમ કહ્યું ત્યાં નંદ જશોદા, આવ્યાં તે તત્કાળ;
મહા બીડ મંડાણી એની, ક્યાં છે મારૂં બાળ. ૩૯
માળણીઓ ત્યાં કંઠે આરોપે, ઘણીક પુષ્પની માળ,
દીઠું રૂપ માતાએ મંગાવ્યો, મુક્તાફળનો થાળ. ૪૦
મોતીડે વધાવી હરિનાં, આલિંગન ત્યાં લીધાં;
નાનું રૂપ થયા નરોહરજી, સૌનાં કારજ સીધાં. ૪૧
ધન્ય ધન્યરે ગોકુલ વ્રજ વનિતા, ધન્ય ધન્ય નંદજી તાત;
જગજીવન જેની કૂખે જન્મ્યા, ધન્ય જશોદા માત. ૪૨
ધન્ય ધન્ય હરજી સંગે રમીયા, ગોપ ગોવાળાં હેડી;
માતા મોહનલાલજીને, તરત ગયાં ઘેર તેડી. ૪૩
મોહન કે' માનનીયું સુણો, સરસપણે કહું વાત;
હવે હું તમને રાસ રમાડીશ, શરદ પૂનમની રાત. ૪૪

મોહનનો જે ગરબો ગાશે, સાંભળશે નરનારી;
જે કોઇ ગાશે પ્રેમ ધરી, તેને સુખી કરે મોરારી. ૪૫
નવે નિધિને અષ્ટમા'સિદ્ધિ, તે ઘેર રહેશે દાસી;
દુષ્ટ કર્મને પાપ સમૂળાં, ક્ષણુમાં જાશે નાસી. ૪૬
અહિચ્છત્રની ઉજળી જ્ઞાતે,લીધો છે અવતાર;
શુક્લ લાલજી કહે શામળા, કરો અમારી સાર. ૪૭

મહાનંદ મહેતો.

તેઓશ્રી ધોલેરા બંદર પાસેના નાનીબોરૂ ગામમાં મુળજી મહેતાને ત્યાં જન્મ્યા હતા. તેમના જન્મ મરણ વિષેની વિશેષ નોંધ મળી શકતી નથી, પરન્તુ તેઓશ્રીનાં કાવ્યોની કૃતિપરથી જણાય છે કે સંવત્ ૧૮૯૫ માં તેઓશ્રી હયાત હતા.

તેઓશ્રીએ સંસ્કૃત અને વ્રજભાષાનો ઘણો સારો અભ્યાસ કરેલો હતો, અને તેથી કરીને તેમણે સંસ્કૃતમય ગુજરાતી ભાષામાં અને વ્રજભાષામાં ઘણાં ઉત્તમ કાવ્યો બનાવેલાં જણાય છે; પણ તે બધાં અપ્રસિદ્ધ છે. તેમાંનો કેટલોક ભાગ અત્ર પ્રકટ કરવામાં આવેલો છે.

તેઓશ્રીએ એક સુંદર કશ્યપાખ્યાન લખેલું હતું તેમ કહેવાય છે, તે પ્રયત્ન કરવા છતાં મેળવી શકાયું નથી. મળેથી તુરત પ્રકટ કરવામાં આવશે.

૨

પ્રભાતીઉં.

ચર્ચરી તાલ.

પ્રાત ઊઠી નરા સમર હટકેશ્વરા;
ગુણરે યોગેશ્વરા અમર ગાવે. ટેક.
સમરતાં સુખતણા નિકર પામે સદા;
નીરખતાં દુઃખ તો નિકટ નાવે. પ્રાત.
બલીને બાણાસુરે, રાવણે બહુ ભજ્યા,
ભૂતલે ભજનથી થયારે ભોગી;
પ્રૌઢ તપ આદરી, દેહ દમવે કરી,
મહિપતિ તે હવા મહદ્લોકી. પ્રાત.
વ્યાસ સનકાદિક, બ્રહ્મવેત્તા સઉ,
તે તણા વેદનાં તત્ત્વબૂજે.
દેવતા કોટિ તેત્રીશ બ્રહ્માદિક,
પ્રીતથી અઘહરનાં ચરણ પૂજે. પ્રાત.
હાટકેશ્વરતણું, રટણ કરવા થકી,
જરૂર તિમિર અજ્ઞાન ટળશે;
ભવ ભવેતિ ભવેતિ, ભજો ભાવશું,
તેથી આનંદના ઓઘ વળશે. પ્રાત.
તન તણાં માન અહંકાર મૂકી કરી,
સ્તવન કરજોડી પરભાત કરજો;
કે' મહાનંદ મતિમંદ વિનતિ કરી,
ધૂર્જટિનું હ્રદે ધ્યાન ધરજો. પ્રાત.

૩

પદ.

રાગ-કાફી. તાલ-દીપચંદી.

મંત્ર ભણીને કીધાં મા'વેરે;
કામણીયાં કુંજ વિહારી. ટેક.
કામણગારો એની નંદદુલારો;
આંખડલીમાં સમજાવેરે. કામણીયાં.
મારગ જાતાં મનમથ મોહન;
વે'ની વેણુ વગાડેરે. કામણીયાં.
વીલખી ફરૂં છું એની વીરહેથી વ્રજમાં;
કોઇ મને વૈદ બતાવોરે. કામણીયાં.
મહાનંદ કહે એ છે નૌતમ મુરતિ;
ચિત્ત નિત્ય રંગ રચાવોરે. કામણીયાં.

૪

પદ.

રાગ ઉપર પ્રમાણે.

વાલમ તારો વિયોગરે;
વીલખી હું તો વ્રજમાં ફરૂં છું. ટેક.
નાડ દેખાડું ત્યારે વૈદ ભણે છે;
ઉન્મત્ત વાયુનો રોગરે. વાલખી.

સ્વપ્ન સમે નિત્ય નૌતમ લીલા;
જાગી વિલોકું ત્યારે ફોકરે. વીલખી૦
ક્યાં જાઉં ને હવે કેમ કરૂંરે;
કોઈ તો કરાવો સંયોગરે. વીલખી૦
મહાનંદ પર તમે કરજોરે જાણી;
જગના જીવન ધણી મે'રરે. વીલખી૦

૫

યશોદા પ્રતિ ગોપિકાનો ઉપાલંભ.

રાગ-બિલાવલ, અદ્દિતાલ-દ્રુતલયં.

હો મૈયા, સાંભળ તારા કાનની વાતું. ટેક.
કાનની વાતું નથી સે'વાતું, દા'ડી દા'ડીનાં તોફાન. હો૦
બાળકાં કેરો કરીને ઘેરો, પોતે વડેરો કે'વાય;
વેણુ વગાડે ને બૂમ પડાવે, વટકાવે મોરી ગાય. હો૦
માંકલડાં સંગ મા'વ મળીને, મહિમટુકી શું ખાય;
ઉંચું મૂકું ત્યારે ખાંડણી માંડી, ઉતારીને ખાય. હો૦
લાડકવાયો લાલ જો હોય તો, લાડલડાવજો ઘેર;
મહાનંદના નાથને, સમજાવજો સારી પેર. હો૦

૬

યશોદાનો ઉત્તર.

(રાગ ઉપર પ્રમાણે.)

હો સૈયર, આવું શીદ ઉચરે આવી; ટેક.
ઉચરે આવીને જોર જણાવી, ખોટા બતાવીને ખેલ. હો૦

બાલકાં તારાં અટકચાળાં, વારી રાખે તવઘેર;
કાન કુંવરને કામિની, સમજાવું હું રૂડી પેર. હો૦
કામણગારી નાર ઠગારી, કૂડાં વદે મુખ વેણ;
ધૂમાડાની પેઠે ધૂધવતી ફરે, રોષે રાતાં કરી નેણ. હો૦
ચોપ કરીને લડાઇ નિત્ય, ભાળવા લોક ભરાય;
મહાનંદના નાથને એવો, દોષ કદિ ન ધરાય. હો૦

૭

માર્મિકોદ્દગાર.

કાફી જંગલો; તાલ-દીપચંદી.

(તમે ઓરાને આવોરે—એ ઢાળ.)

પડવે પરિયાણીરે, ગોપવધૂ બેઠી,
આવ્યા માધવ જાણીરે, મનસુબો નેઠી;
કોય કૃષ્ણજી સરખારે, રૂપે તે તોલે,
ભમરાને ભાળીરે, મરમ વચન બોલે. ૧
બીજે બાળાએરે, ષટ્પદ સૂચવીયો,
તુજ પાસેથી શીખ્યોરે, કે તુજને શીખવીયો:
સુગંધી કુસુમનોરે, રસ લઈ પરહરીયો,
વાં'યાની વિદ્યારે, વિઠ્ઠલ તેવી આચરીયો. ૨
ત્રીજે ત્રિકમજીરે, ત્રોડી સ્નેહ ગયા,
મથુરામાં મા'વોરે, કુબ્જા સંગ રહ્યા;
ટીટોડીની પેરેરે, રહ્યાં અમે ટળવળતાં,
વિરહાનલ મધ્યેરે, મૂક્યાં છે પરજળતાં. ૩

ચોથે ચતુરાનેરે, કપટ કર્યું કાને,
છાનો છેહ દીધોરે, નંદ તણે લ.લે:
મહાજલમાં ઉગારી રે, કુબજાને એકલડી,
અમ સરખી અબળારે, મુડંતી મેલી. ૪

પાંચમને દા'ડેરે, પ્રાણ થકી પ્યારો.
એવો નંદદુલારોરે, અમથી રહ્યો ન્યારો;
કાંઈ કામણ કીધાંરે, કે વાંસલડી વાજે,
છાનો દેહ દીધોરે, નંદ તણે લાલે. ૫

છઠ્ઠે શામળિયેરે, હતો ઘણો સુખદાઈ,
પેલી મથુરાંની નારેરે, મોહન લીધો વા'ઈ;
પાતળીયે પે'લારે, પ્રેમ ઘણો કીધો,
સાકરમાં ભેળીરે, સામલને દીધો. ૬

સાતમનો સાંજ્યોરે, બળમાં બળવીરે,
સજડાણી સ્યામારે, પ્રેમ તણે તીરે,
કાઢયો નહિ કોઈરે, કસબી કોઈ નથી,
અકળાંણી અબળારે, પટ્પદ સૂણ સાંઈ. ૭
આઠમની અલખીરે, તપી તડકે ઘામે,
વીંછી વળગાડયારે, રામાને રોમે;
દરજીની પેરેરે. ખીલવટે ખીલ્યાં,
શેરડીના સરખારે, સીચૂડે પીલ્યાં. ૮
નોંમે નરોહરજીરે, શૈલ ઉપર ચડતાં,
શૃંગ લગભગ જાતાંરે, મૂક્યાં ત્યાંથી પડતાં;

અલબેલાને કે'જોરે, અહીં આવી જાજો,
શીર છેદી શ્યામાનાંરે, પછી સુખીઆ થાજો. ૯
દશમે દામોદરરે, દાસીમાં મોહ્યા,
અવગુણ શો અમારોરે, અલબેલે જોયો;
જન્મારાનો જૂઠોરે, જદુપતિ નવ જાણ્યો,
ભમરા તુજ સરખોરે, અમે આજે પરમાણ્યો. ૧૦
એકાદશીએ તો અમનેરે, નંદ તણે લાલે,
મારી પ્રેમ કટારીરે, તે અંતરમાં સાલે;
આટોપાટ થઇ છેરે, નેણ તણી ગોળી,
ઘાયલ થઈ બેઠીરે, ગોપવધૂ ટોળી. ૧૧
બારસનો બેલીરે, મધુપુર મન સે'જો,
સંદેશો અમારોરે, નટવરને કે'જો;
જે દિનથી જીવનરે, મધુપુર જૈ બેઠા,
તે દિનથી તો વ્રજનારે હાથ પડયા હેઠા. ૧૨
તેરસે તલખાવીરે, વ્રજનારી વેહે,
વિના જળ જેમ તલખેરે, મીન નદી તીરે;
ભોજનીયું ન ભાવેરે, ભૂધર નવ ભાળું,
ચકવીના સરખીરે, રેણ રડી ગાળું. ૧૩
દિન ચતુરદશીનોરે, દુઃખ દાયક દીઠો,
તે દિન મથુરાંનોરે, મે'ળાને મીઠો;
ઓચિંતા અમપરરે, દુઃખ ડુંગર પડીયા,
મિથ્યા જલ સરખારે, નટવર નીવડીયા. ૧૪
પૂનમને દા'ડેરે, કાનડને કા'વે,

નગણો તોએ નટવરરે, ભૂધર મન ભાવે;
ષટપદ સંભળાવેરે, વાતલડી સૂરી,
દિવસ નિર્ગમીએરે, રૂપ હૃદે ધારી. ૧૫
ભૂધરવર ભેટીરે, ભ્રમણા ભાગી છે,
મહાનંદ કે મનમાંરે, માયા લાગી છે;
જે ભાવે ગાશેરે, કે શીખે સાંભળશે,
તેના ભવનાં પાતકરે, સરવે બળી જાશે. ૧૬

૮

ઉદ્ધવ પ્રતિ ગોપિકાના ઉદ્દગાર.

(સાતવાર)

(આવોરે હરિ શિવશંકર ભોળા-એ ઢાળ.)

અઘટતું અલબેલે કીધું;
નેહે દુઃખ ઓધવ બહુ દીધું. ॥ ધ્રુવ
ચરતો પટ ભૂષણ સોતાં,
નિત્ય અમે નટવરને જોતાં;
રવિ દિન વીતે છે રોતાં. અઘટતું. ૧
રમાં અમે લોક થકી લપટી,
ન જાણ્યો અમે કાનુડો કપટી;
રાખ્યું દિલ કપટ કરી દપટી. અઘટતું. ૨
સોમે નંદ તણે સદને,

નિરખતાં શશિધરશો વદને;
મુઝાતાં માધવ વિણ મદને. અઘટતું. ૩
તે દુ:ખડું દઈ અમને ચાલ્યો,
મોહન મધુપુરમાં જઇ માં'લ્યો;
કાપીં છે એણે બેસવાની ડાળ્યો. અઘટતું. ૪
જાતાં અમે યમુનાંને આરે,
રમંતાં રાસ અધિક પ્યારે;
મંગળ વિપરીત થયો મારે. અઘટતું. ૫
એ સાથે કામ ઘણાં ધાર્યાં,
પણ શ્યામ સલૂણે નવ સાર્યાં;
ઓધવ એણે વણ મોતે માર્યાં. અઘટતું. ૬
ધરંતાં (અમે) કનક તણી થાળી,
ભોજનીયું કરતાં મુખ ભાળી;
અણુધી ભુધે આપીને બાળી. અઘટતું. ૭
મોહન મળવાને નવ આવ્યો,
નમેરો નંદકુંવર હા'વ્યો;
ભૂંડી પેસી કુબજાએ ભરમાવ્યો. અઘટતું. ૮
ગુરૂએ ગુરુ આગળ જઇએ,
સાધન એવું શાખવજો કહીએ;
જેથી અમે યદુપતિશું જઇએ. અઘટતું. ૯
પ્રથમ એણે પ્રેમપણું દીધું,
ચિત્ત અમારૂં હરણ કરી લીધું;
મહા વિષ મિશ્ર કરી દીધું. અઘટતું. ૧૦

વિકટ અતિ બહુ દિન નિર્ગમીએ,
વીરહાનળે અમે સઉ દમ દમીએ;
વાલમવિણુ સુનાં થઇ ભમીએ. અઘટતું. ૧૧

કામરૂ દેશ તણું બુટ્ટી,
લાવ્યો છે લટકાળો લૂંટી;
મારી એણે મંત્ર ભણી મુઠ્ઠી. અઘટતું. ૧૨

મંદે છોડી ગયા છળમાં,
ન જાણ્યું અમે કાન તણી કળમાં;
જીવન એના નામ તણા બળમાં. અઘટતું. ૧૩

પતિવ્રતાનું વ્રત અમે આચરીએ,
વાલમવિણુ અન્ય કોને વરીએ;
વચન જોઇ ધીર ધરી રહીએ. અઘટતું. ૧૪

ફરી ફરી વાર સ્મરણ આવે,
અધિક શોક અમને ઉપજાવે;
સ્વામી મહાનંદ તણો નાવે. અઘટતું. ૧૫

૯

રાસવર્ણન.

રાગ સારંગ-આદિતાલ.

એક સમે સખીઓ આનંદમાં,
આસો સુદ પડવેને દન;

વાત વિચારે રમવા રાસની,
ભામિની ભેળી થઇને મન;
નટવર સથ રમે વ્રજસુંદરી. ૧
હિંગુલ રેખે શુદ્ધ સમારીયા,
સેંથા પાડી સુંદર કેશ;
કનક કળી ગુંથી તર સેંથીએ,
જાણીએ મણિધર શોભે શેષ. નટવર. ૨
લલિત કપોલે બાંધી દામણી,
કુમકુમ કેસર કેરી આડ;
કામનીએ કીધી કોઇ ભાતની,
લઇ તાંદુલ ચોડયા લેલાટ. નટવર. ૩
કાને કનકતણી છે પાંનડી,
મણિએ જડાવ ઝળકે ઝાલ;
શોભા શી કહું તેહ તણી ઘણી,
તેની કાન્તિ પ્રચરે ગાલ. નટવર. ૪
અબળા તુલીકા આંજી આંખડી,
ઉપમા ચપલ ચકોરી જાણ;
વાંકી ભ્રકુટી જોઇ વનિતા તણી,
મૂકયું મદને મોહક બાણ. નટવર. ૫
અતિ નાસા સુંદીર અબળા તણી,
નાવે તેહની ઓપ સમીપ;
દેખી કીર ગયા વનમાં બળી,
જોઈ જોઇ ઝાંખા પડીયા દીપ. નટવર. ૬

નથવેસર શોભે સોના તણું,
મધ્યે જડાવ ચુની બિંબ;
બિંબાધર મધ્યે દશનાવળી,
સરખી શોભે છે કુરવીંદ. નટવર. ૭
તુસી તનમનીઆં કંઠે પડયાં,
ઝરમર જર માળા ને ચીંગુ;
નંગ જડિત ઝૂમણુ ઉર હેમનાં,
તેજે તારા મંડળ હીણ. નટવર. ૮
અતિ કસબી તતુંકારે કરી,
કંચુક કનક તારની કોર;
હેમ તણે કસબે ભરતે ભરી,
મૂકયા મધ્ય કલાયલ મોર. નટવર. ૯
હાથે હેમચાંપ ચૂડો મઢયો,
મણિએ જડાવ બાજુબંધ;
પુષ્પતણા બેરખ અતિ ઓપતા,
ફોરે તેહતણો શુભગંધ. નટવર. ૧૦
બાજરીયાં ચૂડી ને વાંકડાં,
કંકણ પોંચીને પરચંડ;
અંગુલી મગફળીને હાથેળીયું,
જાણીએ હયંગવીના પીંડ. નટવર. ૧૧
ઉદર વિષે ત્રિવલી સોહામણી,
રોમાવળીની તે પર રેલ;
સ્તન ચકવા ચકવીના મુખથી,
જાણીએ લટકે શૈવલ વેલ. નટવર. ૧૨

કનકમયી રશના રામાતણી,
તેની ઘુઘરીનો ઘમકાર;
સાંભળતામાં ધ્યાની ધીશને,
પ્રકટે મહા યોગીને માર. નટવર. ૧૩
ઉરૂ પેશલ ચારુ અબળાતણું,
તેણે કદળી કીધી તુચ્છ;
જંઘ યુગલ અદકું સોહામણું,
જાણીએ કામધેનુનું પૂચ્છ. નટવર. ૧૪
લંઘર નેપુર ત્રોડા પાયશું,
કોઇને સોના સાંકળસાર;
કડલાં કાંબી અણુવટ વીંછીઆ,
કોઇને હેમપાન દણકાર. નટવર. ૧૫
પેર્યાં ચણીયા અદકા મૂલના,
ભરીયલ હીરકામશું કોર;
કોરે ટાકેલ ઘુઘરીયો ઘણી,
ઘમઘમ વાગે તેનો ઘોર. નટવર. ૧૬
કોર કસુંબી સાળુ એઢણી,
દોરંગી સાડી છે સાર;
કમણુવેશીને કસબી કોરનાં,
ધરીયાં અંબર અંગ અપાર. નટવર. ૧૭
ઘાટી ઘરચોળી ગલ બાંધણી,
છાપલ ચૂંદડીઓને ચીર;
પીત પટોળી લાખી લેરીયાં,
ધરીયાં રીઝવવા બળવીર. નટવર ૧૮

એવા ભાવ કરીને ભામિની,
ધરીયા અંબરને શણગાર;
શકુન જોઇને શ્યામા સંચરી,
આવી નંદ તણે દરબાર. નટવર. ૧૯

માનનીઓ મરકીને ઓચરે,
સુણીએ નંદ યશોદા માત;
સુંદર વરને શણગારો તમો,
રમશું નોરતડાં નવરાત. નટવર. ૨૦

એવાં વચન સુણીં ગોપી તણાં,
યશોદા કે' ઉઠો અલબેલ;
સ્નાન કરાવા સુંદરસ્યામને,
અંગે મરદું ફુલેલ તેલ. નટવર. ૨૧

ઉષ્ણોદકથી સ્નાન કરાવીયાં,
હરિને મૃગમદ મરદન સ્હોય;
પીતામ્બર પે'રાવ્યાં સ્યામને,
જાણીએ જલધર વિદ્યુત જોય. નટવર. ૨૨

*શીર બંધનની શોભા શી કહું,
ગરક કસુંબી નવલે રંગ;
લટકે કનક કલંગી લાલને,
જોઈ જોઈ વ્રજવધુને ઉમંગ. નટવર. ૨૩

---

*આ ૨૩ મી કડીથી તે અંત સુધીનું રાસવર્ણન આ કવિના મહાનંદના પુત્ર ભવાનીશંકરે રચેલું છે.

રચીયું તિલક અલૌકિક ભાલમાં,
કુસુમ કલાપે કસીયા કેશ;
મકરાકારે કુંડળ કાનમાં,
જાણે રવિ શશધર પરવેશ. નટવર. ૨૪

નયન અલૌકિક નંદ કુમારનાં,
તેમાં રકત રેખનું ચિહ્ન;
ચંચળ ચપળપણું શોભે ઘણું,
જોઈ જોઈ લાજે ખંજન, મીન. નટવર. ૨૫

સુંદીર નાસા શ્યામશરીરની,
તેની શોભા શી કહું આજ;
તીલપુષ્પકની પેરે શોભતી,
દેખી શુકચંચુકને લાજ. નટવર. ૨૬

વદનકમળની શોભા શી કહું,
જેની કાન્તિ અધિક અપાર;
અધર પ્રવાળાં જેવા ઓપતા,
દંતકળી દાડમ આકાર. નટવર. ૨૭

હરિએ હેમકડાં હાથે ધર્યાં,
કુસુમ હજારી ઉરપર હાર;
પીત અરૂણ નવરંગી ભાતનાં,
ફરે ભ્રમર કરે ગુંજાર. નટવર. ૨૮

પેર્યાં જરકસી જામા ઓપતા,
ચંપકવરણું ચીર સનાર;

કટિબંધન કસીઉં તેણે કરી,
છેડા સુવર્ણ બુટ્ટાદાર. નટવર. ૨૯
હેમતણાં ઝાંઝર પાયે ધર્યાં,
ગાજે ઘુઘરીનો ઘમઘોર;
ગજગત ચાલે હરિ હેતે કરી,
નાચે થેઇ થેઇ નંદકિશોર. નટવર. ૩૦
ગરબો હરિ હાથે સોહામણો,
જેમાં પ્રબળ જોત પ્રકાશ;
રમવા સૌ સખીઓ ટોળે મળી,
રંગભર ખેલે સુંદર રાસ. નટવર. ૩૧
વાગે શબ્દ ઘણો સોહામણો,
ગાજે તેણે ગોકુળગામ;
ખગ, મૃગ જોઈ શ્રવણ ધરી રહ્યાં
ડગમગ નાચે સુંદર શ્યામ. નટવર. ૩૨
શ્યામે રાસ રમાડયાં રંગમાં,
પ્રીતે પૂરી મનની આશ;
હરિગુણ ગાય, શીખે પ્રેમે કરી,
તે નર પામે વૈકુંઠવાસ. નટવર. ૩૩
ગાવે રાસ રમણ હેતે કરી,
ટાળે ત્રિવિધિના ફંદ;
દુઃખ વ્યાધિ અંગે વ્યાપે નહિ,
કરજોડીને કે’ મહાનંદ. નટવર. ૩૪

૧૦

શ્રી હાટકેશ્વરના પ્રતિષ્ઠોત્સવ વિષે.

દેશી જીલ્લો-આદિતાલ.

પ્રથમ પાય નમીને પ્રીછું, મહિમા મોટો; માય;
વાણી અવિચળ કારણ વંદુ, ગૂઢો ગણપતિ રાયરે,
ભજો ભાવ આણી.

દાદરાની લય.

હાટકેશ્વર હમેશરે, ભજો.
સેવે શારદા સુરેશરે, ભજો.
ચૌદ લોકના નરેશરે, ભજો.
મહામંત્રનો ઉપદેશરે, ભજો.
કલિતિમિરનાદિનેશરે, ભજો.
ભાગે સંકટ ભૂતેશરે, ભજો.

કળી કાળમાં ભૂતલ ઉપર, ભાર વધ્યો અતિભારી;
ભાલ ધરા મધ્યે બદ્રીપુરમાં, પ્રકટ થયા ત્રિપુરારીરે,
નમો હાટકેશ્વરા.

દાદરાની લય.

કોટિ કષ્ટ નાશકારીરે, નમો.
વામ અંગ ઉમાધારીરે, નમો.
શોભા અદ્ભુત છે સારીરે, નમો.
કરી વૃષભની અસ્વારીરે, નમો.
બન્યા અંગ અર્ધ નારીરે, નમો.

વિતળ દેવને ચિંતા વ્યાપી, મૃત્યુ લોકમાં જાવું;
પ્રેમ કરીને ભક્તિ કારણે, સ્થિર સ્થાવર જઈ થાવું રે,
જય જય જયકારી.

દાદરાની લય.

જટા જુટમાંહે ગંગરે, જય.
ભાવે શું ધર્યા ભુજંગરે, જય.
સદા પાર્વતી ઉત્સંગરે, જય.
કર્યો ભસ્મ તે અનંગરે, જય.

સંવત્ અષ્ટાદશ વૈશાખે, પંચાણુંના વરખે;
ગુરુ, પુષ્ય, પંચમીએ પ્રકટયા, હાટકેશ્વર હરખેરે,
શંકર સોહાગી.

દાદરાની લય.

ગાઢા ગુણુતણા ગંભીરરે, શંકર.
અંગે ઓચ્છવ અપારરે, શંકર.
પૂજા ષોડશોપચારરે, શંકર.
જમ્યા વિપ્ર દશ હજારરે, શંકર.
મહાનંદ કહે સારરે, શંકર.

૧૧

ભાલ દેશમાં વસેલા ભીમનાથનું વર્ણન.

ત્રિતાલી.

પ્રથમ વર્ણવું છું હૈમવતી નંદને રે લોલ;
ધ્યાન જ્ઞાનથી નિરાશ ભવ ફંદનેરે લોલ. ૧

થઇ દીન કપટહીન ઓચરૂં અમોરે લોલ;
ભારતી સદા કૃપા કરો મને તમોરે લોલ. ૨
વિનતિ કહું સહુ લહો સુખે સદારે લોલ;
ભજો ભાવ ધરી ભીમનાથ સુખદારે લોલ. ૩
જે કોઇ તત્ત્વથકી શ્રી મહેશ જાણશેરે લોલ;
ખ્યાત તેહની ત્રિલોકમાં પ્રમાણશેરે લોલ. ૪
મૃશા, દેહ, ગેહ દાર, સુપને ધરોરે લોલ;
ભીમનાથ તણું નામ આપ ઓચરોરે લોલ. ૫
નિકટ આવશે પિનાકી જન્મમાં યદારે લોલ;
થાશે પુણ્ય તે અનેક જન્મનું તદારે લોલ. ૬
માટે પાપ પારાવારમાંહી શું ફરોરે લોલ;
ભીમનાથ રૂપી નામ નાવમાં ચડોરે લોલ. ૭
જેથી સુખ પામશો તે હીરા ખાણનુંરે લોલ;
માટે ધ્યાન ધરો શ્રીપિનાકપાણિનુંરે લોલ. ૮
જટા જુટ મધ્યે જહ્નુસુતા ધૂઘવેરે લોલ;
જાણું પીંગવલ્લી મધ્ય વાસુકી રમેરે લોલ. ૯
શોભે ચંદ્રમા કીરીટ ભાલ ઉજળોરે લોલ;
જેને નીરખતાં ટળે ભવાબ્ધિનો કળોરે લોલ. ૧૦
મારનાશકાર નેત્ર ભાલ અગ્નિનુંરે લોલ;
જેને દર્શને કરીને પુણ્ય યજ્ઞનુંરે લોલ. ૧૧
શ્રવણ યુગ્મની શોભાતે શોભતી વળીરે લોલ;
દેખી શુક્તિઓ સમગ્ર અર્ણવે પળીરે લોલ. ૧૨

નેત્ર યુગ્મ કીરણુ કાન્તિ પ્રચરે ઘણીરે લોલ;
તેણે અર્ક ઈંદુની સમીપતા બણીરે લોલ. ૧૩
નાશિકા જાણું શીખાતે દીપની કરીરે લોલ;
કીર ચંચુએ દેખીને વક્રતા ધરીરે લોલ. ૧૪
શ્વેત દંતહાર રક્ત ઓષ્ટમાં મળીરે લોલ;
જાણું સાંધ્યબિંબ મધ્ય તારકા મળીરે લોલ. ૧૫
શોભે પંચ વકત્ર રંગ જુજવે સદારે લોલ;
દેખી ભક્તને આનંદ કંપે દુમંદારે લોલ. ૧૬
સ્યામ કંઠ તે હળાહળે છે ઈશનોરે લોલ.
જાણું સદ્રિરેફગંડ સુર કરીશનોરે લોલ. ૧૭
બાળ વ્યાળ જાળ ચારુ હદ્રિશાળમાંરે લોલ;
તેની ગ્રંથીઓ ગુંથાણી રૂંઢમાળમાંરે લોલ. ૧૮
શોભે પંચ પંચ હસ્ત વામ દક્ષિણારે લોલ;
જાણું શોભતી ભુજંગરાજની ફણારે લોલ. ૧૯
ફણી કંકણી તણી ઘણી મણિદ્યુતિરે લોલ;
નવગ્રહ જાણું એક રાશિના પતિરે લોલ. ૨૦
એક હસ્તમાં શિવે ધર્યું ત્રિશુળનેરે લોલ;
છેદે તે વડે દુરંત દુષ્ટ મૂળનેરે લોલ. ૨૧
દ્વિતીયે ધરે પિનાક શંભુ પાણિએરે લોલ;
શોભા અદ્ભુત બની તે શું વખાણીએરે લોલ. ૨૨
ત્રીજા હસ્તમાં પ્રચંડ ખડ્ગને ધરેરે લોલ;
દુષ્ટ દાનવોના દંભ તે વડે હરેરે લોલ. ૨૩
ધરે શક્તિને ભૂશંડ ચતુર્પંચમાંરે લોલ;
ભક્ત જનોને નાવે તે અજા અંચમાંરે લોલ. ૨૪

ષષ્ઠ, સપ્ત અને અષ્ટ, નવમે કરેરે લોલ;
શંખ, શંગ, ડાક, તાલને ક્રમે ધરેરે લોલ. ૨૫
ધરે પ્રીતથી કપાળ દશમે ભુજેરે લોલ;
દેવતા પાદારવિંદ એહનાં પૂજેરે લોલ. ૨૬
ઉદર ઉપરે શોભે છે રોમ રાજીતારે લોલ;
જાણું જાહ્નવી ભળી કલીન્દની સુતારે લોલ. ૨૭
શોભે નાભિકા ગંભિર શંભુની સહીરે લોલ;
તેણે ક્ષારધીયાવર્ત ઉપમા લહીરે લોલ. ૨૮
શોભે મેખળા પીશંગ મુંજની વળીરે લોલ;
બદ્ધ હેમ મેખળા જાણું શોભે હળીરે લોલ. ૨૯
ઉરૂ ઉપમા તે હસ્તી હસ્તની લહીરે લોલ;
તુલ્ય વર્ણને કઠોરતા નથી કહીરે લોલ. ૩૦
યુગ્મ જંઘમ શ્રીમાન પશુપાલનુંરે લોલ;
અધો વક્ત્ર જાણું છે સરોજ નાળનુંરે લોલ. ૩૧
નાળ લગ્ન તે સરોજ જેવું ઓપતુંરે લોલ;
તેવું શંભુનું પાદારવિંદ શોભતુંરે લોલ. ૩૨
યથા પાંખડી સરોજ તણી ફરફરેરે લોલ;
અંઘ્રી યુગ્મ અંગુલી તથા પ્રભાધરેરે લોલ. ૩૩
એવા રૂપને આપાદ મસ્તકે જુઓરે લોલ;
પૂર્વ પાપના સમૂહ આપના ખુઓરે લોલ. ૩૪
બેઠા ભૂત મધ્યે વનમાં નરોહરિરે લોલ;
વામ અંગ ભૂધરેશની સુતા ધરીરે લોલ. ૩૫
એવા રૂપનાં પાદારવિંદ વર્ણવુંરે લોલ;
ભૂતિએ કરીને શ્વેત અંગ વર્ણવુંરે લોલ. ૩૬

કરિચમંને ધર્યું સીતાંગ ઉપરેરે લોલ;
છાયો હેમ શૈલ તે જાણું ધનાંબરેરે લોલ. 37
વનમાં ફૂલી ઘણી તે વૃક્ષ વેલીઉરે લોલ;
બાંધી પુષ્પને લતા કદંબ બેલીઉરે લોલ. 38
સુગંધી ઘણી છે પુષ્પ સિંદુવારનીરે લોલ;
શોભા શી કહુ શિરીષ કર્ણીકારનીરે લોલ. 39
ગુચ્છ ફેરીઆ અશોક આમ્રના ઘણારે લોલ;
શુક કોકિલા સ્વરે નહિય કો મણારે લોલ. 40
માલતિ તમાલ તાલ પુષ્પ નોદમાંરે લોલ;
વિબુધ લે હવા ફરે છે તે વિનોદમાંરે લોલ. 41
ફૂલી જાય મોગરા કળી લળી અતિરે લોલ;
ચળી જોઇને મહામુનિ તણી મતિરે લોલ. 42
શોભા જોઇ ઋતુ છાયના બનાવનીરે લોલ;
બુદ્ધિ ઉપજે મુનિને હાવ ભાવનીરે લોલ. 43
પ્રત્યહં સુરીનરા ઉપાસના કરેરે લોલ;
ઇષ્ટદેવ થઇ કષ્ટ તેહનાં હરેરે લોલ. 44
ગુણ વર્ણવે વિરંચી ચતુર્વેદથીરે લોલ;
મુનિ સમ ધરે ધ્યાન તત્ત્વ ભેદથીરે લોલ. 45
કરે આરતિ ધરે પુલોમજાપતિરે લોલ;
વાયુ વાદ્ય કરે ગાન દેવતા કથીરે લોલ. 46
રહે કોશ અર્ધ ભાગ બહીર પુરથીરે લોલ;
સ્વપર વ્યક્તિ કારણે મનુષ્યને પથીરે લોલ. 47
જમે ભૂમિદેવવૃંદ પ્રતિ વત્સરેરે લોલ;
જાતવેદમાં હોતાર આહુતિ ધરેરે લોલ. 48

પાસે ક્ષુદ્ર સરસ રૂપ નીલકા નદીરે લોલ;
જેના સ્નાનથી નાવે કુટિલતા કદીરે લોલ. ૪૯
ધેનુકા મયૂર યૂથ યૂથ કેશરીરે લોલ;
રહે એકઠાં તહાં બે વૈર પરહરીરે લોલ. ૫૦
એવા ભાવશું ભજો તે ભીમનાથનેરે લોલ;
કહું વિનતિ સમગ્ર જન સાથનેરે લોલ. ૫૧
બદરિપુરી વિખ્યાત દેશ ભાલમાંરે લોલ;
બાણુ(૫) નાગ(૯) વસુ(૮) ચંદ્ર(૧) તણી સાલમાંરે લોલ. ૫૨
શુભ આશ્વિનિક માસ શુકલ પક્ષકેરે લોલ;
તિથિ સપ્તમી ગુરુને તોય ઋક્ષકેરે લોલ. ૫૩
ગાયો છંદ શંભુનો તે અતિ શર્મણારે લોલ;
મહાનંદ થયા મુકત સુકૃ કર્મણારે લોલ. ૫૪

૧૨

શ્રીજી મહારાજ વિષે.

રાગ દેશ, તાલ એકકો; દ્રુત લય.

આદ્ય વંદુ અવિનાશી, શ્વેત દ્વિપપતિ દેવનેજો;
આપ કરીએ ઉપાસ, સદા ચરણુતણી સેવનેજો. ૧
પૂર્વ દેશમાં પ્રસિદ્ધ, છપૈયા તે એક ગામ છેજો;
નવે નિધિ અષ્ટ સિદ્ધિ, સુખ સંપતિનું ધામ છેજો. ૨

ધર્મદેવં ભકિતનાર, પૂ:ર્ણ પ્રેમ થકી ત્યાં વસેજો;
તેના તેજનો પ્રકાશ, પ્રચર પ્રકટયો દિશો દિશેજો. ૩
તેના પુણ્યનો નહિ પાર, આપ ઇશ્વરે કૃપા કરીજો;
ત્યાં લીધો અવતાર. સાર ધાર શ્રી નરોહરિજો. ૪
બાળક્રીડા બળવંત, પોતે પ્રેમથી લડાવતાંજો;
બહુ જાણી બુદ્ધિમંત, પુષ્પ મોતીડે વધાવતાંજો. ૫
અતિ વાધ્યો ઉમંગ, મોટા માનવીના મનમાંજો;
રચ્યો દેવતાએ રંગ, ઘણો પ્રેમ શું ગગનમાંજો. ૬
ધર્યું નામ ઘનસ્યામ, રૂપ રંગ ઘણો વાધીયોજો;
ધરે ધ્યાન ગ્રહી નામ, થાય તેહને સમાધીયોજો. ૭
હુવાં વર્ષ જ્યારે આઠ, ઉપવીતને ધરાવીયાંજો;
વદે વેદ તણા પાઠ. બહુદ્વિજ તે જમાડીયાજો. ૮
બ્રહ્મચર્ય ધરી આપ, પછી દેશમાંહી આવીયાજો;
ટાળવાને ત્રણે તાપ, મુનિવૃંદ સાથે લાવીયાજો. ૯
બાંધ્યાં ધામ તે અનેક, લોક કલ્યાણને કારણેજો;
કીર્તિ વાધી દેશો દેશ, વડા સંત જાય વારણેજો. ૧૦
સંત સર્વ ગતિ મંત્ર, આપની કરે આરાધનાજો;
ધરે ધ્યાન એક ચિત્ત, સાધે સહજાનંદ સાધનાજો. ૧૧
શોભા શોભતી અપાર, કરે નારાયણ નામથીજો;
શોભે શોભીતા શણગાર, રૂપ રંગ બહુ પ્રેમથીજો. ૧૨
પેચ પાઘડીનો તાલ, કસુંબી કલંગી વાંકડીજો;
ભાલ શોભતું વિશાળ, રૂડી રઢીયાળી આંખડીજો. ૧૩

તિલક કેસરનું ભાલ, રચ્યો કુમકુમનો ચાંદલોજો;
શરદ બિંબ સુરસાળ, તાલ તે તણો અતિ ઘણોજો. ૧૪
શોભે નાસિકા અપાર, તિલપુષ્પની પ્રભા ધરેજો;
દંત દાડમ આકાર, મુખ બોલતાં અમી ઝરેજો. ૧૫
હૈયે હેમ તણો હાર, બહુ ભાતના જડયા મણિજો;
પિત્ત પુષ્પના અપાર, હારડાની સુગંધી ઘણીજો. ૧૬
સોના સાંકળી જડાવ, મણિહાર બાજુબંધમાંજો;
પુષ્પ બેરખા પ્રભાવ, ભ્રમર ગુંજતા સુગંધમાંજો. ૧૭
વેઢ વીંટીઉં સુવર્ણ, મુનિએ જડાવસું ધરીજો;
વાધ્યો તેજપૂંજ વર્ણ, દશ અંગુલી શોભા રહીજો. ૧૮
પે'ર્યાં જરકસીના અંગ, જામા ઓપતાશ્રી રંગશુંજો;
અધિક ઓપતા શ્રીરંગ, ભક્ત નીરખતા ઉમંગશુંજો. ૧૯
કાજુ કનકતણી કોર, પીળાં પીતામ્બર પે'રીયાંજો;
કટિ બાંધી કસી જોર, લાલ લટકંતાં લે'રીયાંજો. ૨૦
સોળે ચિહ્ન સહિત, પાદપંકજ શોભે ઘણુંજો;
જેનું ધ્યાન ધરે ભક્ત, હરિજન લહે ભામણુંજો. ૨૧
એવા ભાવશું ભુવન, જે કોઇ સહજાનંદને નમેજો;
નિર્મળ રાખે જે મન, એ તો લક્ષ્મીપતિને ગમેજો. ૨૨
ગાઓ ગોકુળના વૃંદ, બીજાં કુડ કર્મને તજોજો;
માટે કહે મહાનંદ, ભાવે બદ્રિપતિને ભજોજો. ૨૩

૧૩

સમશ્યા.

કવિત.

ઉદે ભયો ફૂલ જયું, અમૂલ્ય ભોમ સ્યામમાંહી,
ગંધ બાસ નાહિં, વાકો રંગ તો સપેત હે;
બીના પાન પોવનસે, હોત હે પ્રકાશ બાકો,
ફૂલ્યો તમ જનનીકો, રંગહાર લેત હે.
લોક કોઉ દિલસે, અહ ફૂલનકું ચાહત નાહિં,
પ્રકટયો જાકી પાસ તાકુ બડો દુઃખ દેત હે;
કહે મહાનંદ એહી, સમસ્યા બાગ્રેલમંદ,
કવન ફૂલ કાંધલનંદ, તીનકુ કહત હે.

ઉત્તર—આંખનું ફુલું.

રઘુનંદન ભટ્ટ.

તેમના જન્મ મરણ વિષે કંઈ પણ જાણવામાં આવતું નથી, પરન્તું લોકોક્તિ મુજબ તેઓ કવિ શ્રી મહાનંદ મહેતાના સમકાલીન હતા એમ કહી શકાય.

તેમનાં રચેલાં કાવ્યોમાંનાં કેટલાંએક બૃહદ્ કાવ્યદોહનના પાંચમા ભાગમાં પ્રકટ થએલાં છે અને કેટલાંએક અપ્રસિદ્ધ છે. તે અપ્રસિદ્ધમાંનાં મોટાં બે વર્ણનાત્મક કાવ્યો અને બૃ. કા. માંનાં કાવ્યો અત્ર પ્રકટ કરવામાં આવ્યાં છે.

૧૪

માયાધેન તજવા વિષે.

(હરિ ભજન વિના દુઃખ દરિયા સંસારનો પાર ન આવે–એ રાગ)

હે અણુભાગી માયાધેન તજીને જોને જાગી;
મમતા ત્યાગી સહજાનંદ લગનમાં રહેને લાગી. ધ્રુવ.
ધન, ધામ, તન, ઘરની નારી, એ અસત્ય પણે ઉરમાં ધારી;
જેમ રવિ કિરણે કલ્પ્યું વારી. હે અણુભાગી૦
કરે પ્રીત કરીને પાલન તેનું, નવ દીઠું અંગ અમર કેનું;
તેં તો અતુલ ગુમાન કર્યું એનું. હે અણુભાગી૦
સંસાર તણા સુખમાં મોહ્યો, નિજધર્મ વિચારી નવ જોયો;
નર દેહ ધરી એળે ખોયો. હે અણુભાગી૦
સત્સંગ મહાનિધિમાં ના'યે વિષરૂપ વિષયમાં નવ ધાયે;
રઘુનંદન ગુરૂ શરણે જાયે. હે અણુભાગી૦

સ્વ. ઈ. સૂ. કૃત. બૃ. કાવ્ય દોહન.

૧૫

ગુરુ-શરણ.

(રાગ ઉપરનો.)

ગુરુ શરણ જઈ સાધન સાર વિચાર કરી મન ધારો;
અભિમાન ધરી મનુષ્ય જન્મ હીરો શા માટે હારો ? ધ્રુવ૦
દેહાદિક સકળ અસત્ય કહીએ, સચ્ચિદાનંદ સત્યપણે ગ્રહીએ;
એમ વસ્તુ વિવેક કરી લઇએ. ગુરુ શરણ૦
ખોટું સુખ વિષયતણું જેવું, બ્રહ્માદિકને પણ છે તેવું;
તે માટે આત્મનું સુખ લેવું. ગુરુ શરણ૦
મન તો મુરલીધરમાં ધરીએ, રસનાએ રામ રટણ કરીએ;
શુભ કર્મ કરી ફૂલ પરહરીએ. ગુરુ શરણ૦
ગુરુ-જ્ઞાન થકી સંશય નાસે, સાધનથી ચપલપણું જાશે;
રઘુનંદન રૂપ પ્રકટ થાશે. ગુરુ શરણ૦

સ્વ. ઈ. સૂ. કૃત. બૃ. કાવ્યદોહન.

૧૬

અનુભવ-ઉદ્યોત

(રાગ ઉપરનો.)

હવે પ્રકટ થયું રૂપ અખંડાનંદ નિજાત્મા કેરું;
નવ જાય કહ્યું લક્ષ કરીને લીધું રે કારણ મેરું. ધ્રુવ.

અંતરનું મલિનપણું ધોયું, અતિ નિર્મળ નિજપદને જોયું;
ત્યાં જીવપણું સહેજે ખોયું. હવે પ્રકટ૦
કારણમાં અન્વયરૂપ થયું, કારણતાએ વ્યતિરેક રહ્યું;
તે '**तत्त्वमसि**' પદથીજ લહ્યું. હવે પ્રકટ૦
જો તું અનુભવ-ઉદ્યોત ધરી, અજ્ઞાન-તિમિરનો નાશ કરી;
ત્યાં નિરખ નિજ પદમાંય હરિ. હવે પ્રકટ૦
નિર્ગુણ છે પણ નિગમે કળિયો, અણુસંગીને જગમાં ભળીયો;
રઘુનંદન જોતાં હું ગળીયો. હવે પ્રકટ૦

સ્વ. ઈ. સુ. કૃત. બૃ. કાવ્યદોહન.

૧૭.

હુંપદ ગળતાં થતું જ્ઞાન.

(રાગ ઉપરનો.)

હું પદ ગળતાં કારજને કારણ દેખ્યું નહિ કોઇ;
त्वंપદ ટળતાં तत्પદને ભૂલ્યોરે असिપદ જોઇ. ધ્રુવ.
નહિ નામને રૂપને રંગપણું, નહિ લાભને ખોટનું અલ્પપણું;
નહિ સ્થાન તિમિરને તેજ તણું. હું પદ૦
નહિ જ્ઞાતા, જ્ઞાન, વિબુધ. મંદા, નહિ આશ્રમ, જાતિ વરફંદા;
નહિ ઉડગણ, દિનકરને ચંદા. હું પદ૦
નહિ પુણ્ય-પાપ વિરામ મતિ, નહિ સ્વર્ગ નિવાસ કે નરકગતિ;
નહિ નિર્ગુણ સગુણ વિવાદ રતિ. હું પદ૦

ઉપનિષદ્ વાકય અવાચ્ય કહે, સદ્ગુરુ કરૂણાથી સિદ્ધિ લહે;
સમજી રઘુનંદન મૌન રહે. હું ૫૬૦

સ્વ. ઈ. સૂ. કૃત. બૃ. કાવ્યદોહન.

૧૮

અંબિકા વર્ણન.

પ્રથમ ધ્યાન જુગદંબ માતનું ધરૂંરે લોલ;
જેથી વિમળ વાણિમાં રચના કરૂંરે લોલ. ૧
જે કોઇ ધ્યાન જુગદંબ માતનું ધરેરે લોલ;
અભિલાષ તેની ઇશ્વિરી પુરા કરેરે લોલ. ૨
માને તુલ્ય નહિ કોઇ બીજો દેવતારે લોલ;
જેને રૂદ્ર, બ્રહ્મા, વિષ્ણુ, સદા સેવતારે લોલ. ૩
માના ચરણનો રંગ શોભતો ખરેરે લોલ;
તે તો રક્તમણિ ભોમની છબી હરેરે લોલ. ૪
અણવટ વીંછીઆ ઝમંકે માની આંગળીરે લોલ;
અનુમાનમાં અયુક્ત મગની ફળીરે લોલ. ૫
માને શોભતી ધમંકે પાયે ઘુઘરીરે લોલ;
નીરખેથી નાવે ભક્તને દુઃખો કદીરે લોલ. ૬
પગે ઝમકે મણિ જડાવ ઝાંઝરીરે લોલ;
નખે કાંતિ પદ્મરાગની તહાં ધરીરે લોલ. ૭
જઘા જોડ ગોના પૂછની પેરે બનીરે લોલ;
માનું ધ્યાન ધરે ભાવ શું મહામુનિરે લોલ. ૮

ઉપમાન ઉરૂનું તે શું કહું કથીરે લોલ;
ઉપમાન સમરથ કદળી નથીરે લોલ. ૯
કટિ કેશરી થકી તે કૃશતા ઘણીરે લોલ;
ધમકે ઘુઘરી જડાવ મેખળા તણીરે લોલ. ૧૦
ઉદર ઉપરે દીસે વળી રોમાવળીરે લોલ;
પેટની ત્વચા તે જઇને પૃષ્ટ શું ભળીરે લોલ. ૧૧
શોભે સુંદરીની ગૌર ત્રિવળી ઘણીરે લોલ;
જાણે હાર હેમનાં પગથીઆં તણીરે લોલ. ૧૨
હેમ વસ્ત્રની વિરાજે માને કાપડીરે લોલ;
ભાત ભાતની અમુલ્ય મોતીએ જડીરે લોલ. ૧૩
ઉર ઉપરે મણિ જડાવ ઝુંમણુંરે લોલ;
તેતો કાંતિએ કરીને શોભતું ઘણુંરે લોલ. ૧૪
શોભે સાત શેરી માળ હીરલે જડીરે લોલ;
હૈયામાં જડાવ હેમ સાંકળી પડીરે લોલ. ૧૫
કાને હેમકેરી ઝાલમાં નીલા મણિરે લોલ;
શોભા ઉર ઉપરે તેણે વાધી ઘણીરે લોલ. ૧૬
પારો શુદ્ધ પીત હેમનો પડયો ગળેરે લોલ;
ત્રણે ભુવનમાં રૂપ અંબિકા મળેરે લોલ. ૧૭
એક દાણિયું અમુલ્ય મોતીએ જડયુંરે લોલ;
અતિ ચતુરાઇ કરીને સોનીએ ઘડયુંરે લોલ. ૧૮
માળા હેમનીને પુષ્પ કેરો હાર છેરે લોલ;
જેને નીરખવાપણામાં અતિ સાર છેરે લોલ. ૧૯
મોતી હાર હૈયામાં જડાવછે ભલોરે લોલ;

હાથે હેમનો મણિ જડાવ ચુડલોરે લોલ. ૨૦
શોભે પોંચીઓ સુવર્ણ રેખથી જડીરે લોલ;
તેની ભ્રાંતિ ઘણી ગૌર નખમાં પડીરે લોલ. ૨૧
અતિ તેજ તારાનું નખે કરી હર્યુંરે લોલ;
એવું રૂપ અંબિકાએ ભાવશું ધર્યુંરે લોલ. ૨૨
બાંહે બાજુએ કરેણુ કેરૂં ફૂમકુંરે લોલ;
શોભે ચુડીએ મોતી જડાવ ઝુમખુંરે લોલ. ૨૩
અધર બિંબમાં તે દંતની પ્રભા પડીરે લોલ;
મોતીહાર જાણું રક્તમણિમાં જડીરે લોલ. ૨૪
મોતી ઉજળું શોભે છે નાસિકા તણુંરે લોલ;
અધરે કરીને અર્ધ રકત છે ઘણુંરે લોલ. ૨૫
ઉર્ધ્વભાગ તેની નેત્ર નીલમાં રહીરે લોલ;
જાણું શુકચંચુએ ચનોઠડી ગ્રહીરે લોલ. ૨૬
ભાત ભાતનાં ત્રંટકમાં મણિ જડયાંરે લોલ;
તેનાં કિરણ અતિ ગૌર ગાલમાં પડયાંરે લોલ. ૨૭
માને કાનમાં છે કનકતણી પાનડીરે લોલ;
ત્રિધિએ કરીને નીલ મોતીએ જડીરે લોલ. ૨૮
ભાલ પીતઆડ કેસરે કરી સમીરે લોલ;
માઝ રૂપ રાધિકાથકી ઘણું બનીરે લોલ. ૨૯
લીલા ચાંદલાની આડમાં શોભા બનીરે લોલ;
જાણું ચળકતા આકાશમાં તપે શનીરે લોલ. ૩૦
દિપે ભાલમાં જડાવ હેમ દામણીરે લોલ;
કોરે રક્ત મોતી હારની પ્રભા ઘણીરે લોલ. ૩૧

સેંથો શીર ઉપરે સીંદુરનો ભર્યોરે લોલ;
બાલારૂણ જાણું મેઘમંડળે અડયોરે લોલ. ૩૨
મોતીહાર શ્વેત કુસ્ત કેશમાં જડીરે લોલ;
જાણું મેઘમંડળેથી વીજળી ખડીરે લોલ. ૩૩
શેષનાગની પેઠે છે માનો ચોટલોરે લોલ;
મોતીએ જડાવ હેમ ગોફણો ભલેરે લોલ. ૩૪
ઘમકે ઘુઘરી તે હેમ ગોફણા તણીરે લોલ;
માના ચણીયાના કાચની શોભા ઘણીરે લોલ. ૩૫
કસુંબે ચુએ છે હીર કેરી ચુંદડીરે લોલ;
તેની કોર સારાં નીલ મોતીએ જડીરે લોલ. ૩૬
માથે ગરબો ધરીને અંબિકા ભમેરે લોલ;
તેવ તેવડી સખીના સાથમાં રમેરે લોલ. ૩૭
બ્રહ્માદિક દેવતા માની સ્તુતિ કરેરે લોલ;
ત્રણે લોક મોહ્યાં રૂપ અંબિકા તણેરે લોલ. ૩૮
દેવ દુંદુભીના શબ્દ સ્વર્ગમાં ઘણારે લોલ;
નાદ થાય ભેરી ડાક, ડમરૂ તણારે લોલ. ૩૯
કૃષ્ણ વાંસળી વગાડે પ્રેમશું કરીરે લોલ;
નારદ વિણા વગાડે હેતશું ધરીરે લોલ. ૪૦
બ્રહ્મા ગાન ગય વેદ વદને કરીરે લોલ;
શિવે ડાક ડાંડી હેમની કરે ધરીરે લોલ. ૪૧
બાલી બહુચરીને મહા સરસ્વતી વળીરે લોલ;
શિવશક્તિ ને બ્રહ્માણી એકઠી મળીરે લોલ. ૪૨
શશીએ કરીને રાત અતિ ઉજળીરે લોલ;

શોભે ડોલરનાં પુષ્પ ચંપાની કળીરે લોલ. ૪૩
વનમાં તે મો'ર આમ્રની લતા ઘણીરે લોલ;
શોભા શી કહું અતિ વનસ્પતિ તણીરે લોલ. ૪૪
શબ્દ આંમ્ર ઉપરે તે કોકિલા કરેરે લોલ;
ચિત્ત તે .મહામુનિતણાં ઘણાં હરેરે લોલ. ૪૫
શોભા રક્ત છે પલાશ પુષ્પની ઘણીરે લોલ;
છુટે ફેર શ્વેત પુષ્પ ચંપેલી તણીરે લોલ. ૪૬
ગલ, ગુલાબને કરેણે ફૂલ છે ઘણાંરે લોલ;
શોભે યૂથ મોર, હંસ, સુડલા તણાંરે લોલ. ૪૭
સરવિષે શોભા બની છે પોયણી તણીરે લોલ;
દાડમ દ્રાક્ષની લતાને કદળી ઘણીરે લોલ. ૪૮
પારિજાત, કલ્પવૃક્ષમાં કહું વળીરે લોલ;
શોભા છ ઋતુની આવી એકઠી મળીરે લોલ. ૪૯
ગાય ગાન કરે તાન એવા વનમાંરે લોલ;
એક એકને જુએને રીઝે મનમાંરે લોલ. ૫૦
પવાલે કરીને પાન મધુનું કરેરે લોલ;
એક એકને તે હસ્ત કંઠમાં ધરેરે લોલ. ૫૧
ફેર ફૂદડી ફરે કટાક્ષનાં કરેરે લોલ;
ચેતના તે મહા દૈત્યની તેણે હરેરે લોલ. ૫૨
અહિચ્છત્ર રઘુનંદન ગરબી કરેરે લોલ;
જુગદંબ તેની ભક્તિથી દુઃખો હરેરે લોલ. ૫૩

૧૯

નંદકુંવર વ્રજવનિતા શું રમે.

રાગ-સારંગ.

વા'લે વેણુ વગાડી વનમાં,
ગાયું કામ બીજનુ ગાન;
શ્રવણે શબ્દ સુણી ત્રિલોકમાં,
ભૂલ્યાં તન મનનું સૌ ભાન;
નંદકુંવર વ્રજવનિતા શું રમે. ૧
શરદ પૂનમની રાત સોહામણી,
વળી વળી વૃક્ષ લતા વનવેલ;
ફૂળ ફૂલે દિસે અતિ ફૂટડી,
મોર્યાં ચંપાને ચંબેલ. નંદકુવર૦ ૨
પવનંનો વેગ કરે પોતાતણો,
હારોહાર ઠર્યાં જલઠામ;
ખગ, મૃગ શ્રવણ, નયન માંડી રહ્યાં,
ચૂકયાં ચણુ ચારાંનાં કામ. નંદકુવર૦ ૩
ધ્યાની ધ્યાન સમાધીથી ટળ્યા,
જોગી પામ્યા જોગ વિજોગ;
મન્મથ વાધ્યો સૌના મનમાં,
ભાવે કામકળાની ભોગ. નંદકુંવર૦ ૪
ગોકુળ ગામતણી જે ગોરણી,
વીરહે વ્યાકુળ થઇ વ્રજનાર;

મનડાં મોહ્યાં સૌનાં માવશું,
હરખે હીંડી હારો હાર; નંદકુંવર૦ ૫

કોઇક ના'તી અધવચ નીસરી,
કોઇએ દો'તી મેલી ગાય;
વળુ ધવરાવ્યાં છોરૂ વીસરી,
ક્યાં ક્યાં કાનડ કરતી જાય. નંદકુંવર૦ ૬

ચૂલે અન્ન ચડયું જોયું નહિ,
તકવિના કીધો કોઇએ તાપ;
અગ્નિ વધ્યો વિરહનો અંગમાં,
અબળા ભૂલ્યાં તેમાં આપ. નંદકુંવર૦ ૭

એક નયન આંજ્યું અલબેલડી,
કરનું કંકણુ પે'ર્યું પાય;
પગનું નેપુર પે'ર્યું કાનમાં,
વિધિએ ધાર્યું હોય તેમ થાય. નંદકુંવર૦ ૮

કોઇએ કોટે બાંધી દામણી,
ઝરમર લઇ બાંધી લેલાડ;
કોઇ અચાનકની ઉઠી પડે,
કેઇક નીરખીને કરે લાડ. નંદકુંવર૦ ૯

કામિની કર બાંધી કટિમેખળા,
કટિએ પે'ર્યા મુક્તા હાર;
ચતુરાએ ચંદનને ચરણે ધર્યું,
અળતો ભુંસ્યો અંગ અપાર. નંદકુંવર૦ ૧૦

અબળાએ અંજનનો કર્યો ચાંદલો;
આંખે આંજી કુમકુમ રેખ;
પંડ ન જાણે પણ પોતાતણું,
જેણે ધરીઓ અવળો વેશ. નંદકુંવર૦ ૧૧

માતપિતા આવી આડાં ઘરે,
તેનું કોઈ ન માને કે'ણ;
વળતી કોઇકને વળી ભોળાવે,
વીરહીણી તોય ન માને વેણ. નંદકુંવર૦ ૧૨

મેલ્યાં માત,પિતા, સુત, ભ્રાતને,
મેલી લોકતણી પણ લાજ;
જરી ન આણે મનમાં બીકશું,
હૈયે એક હરિનું કાજ. નંદકુંવર૦ ૧૩

વનમાં આવ્યાં સરવે વેગશું,
નીરખ્યું .નંદકુવરનું રૂપ;
કોટિક કામતણી શોભા બની,
તેથી વધ્યો મનોરથ ભૂપ. નંદકુંવર૦ ૧૪

વા'લે વનમાળા કંઠે ધરી,
સુંદીર શોભે તેના રંગ;
હૈયે હાર પડયા બહુ હેમના,
તેમાં નવલાં નવલાં નંગ. નંદકુવર૦ ૧૫

બાંધ્યા બાંયે બાજુબંધ બેરખા,
કરમાં કડાં કનકની જોડ,

હરખી નીરખું હાથ હરિતણું,
જગમગ શોભા તેની જોડ. નંદકુંવર૦ ૧૬

કાંને કેડ બાંધી કટિ મેખલા,
પે'રણુ પીતાંમ્બર અતિસાર;
પગમાં પ્રૌઢાં ઝાંઝર પે'રીયાં,
રણુઝણુ બોલે શબ્દ અપાર. નંદકુંવર૦ ૧૭

માથે મોર મુકુટ સોહામણો,
કાને કુંડળ મકરાકાર;
કાન ઉપર છે ફૂલ કરેણુનું,
તેની શોભા દીસે સાર. નંદકુંવર૦ ૧૮

શોભા સુંદર શ્યામશરીરની,
અદ્ભુત અલબેલાની આજ;
અબળા કે'છે દીઠી આપણે,
સીધ્યાં સઘળાં મનનાં કાજ. નંદકુંવર૦ ૧૯

વનિતા વનજોવાને જો તમે,
આવ્યાં એકલડાં વન વાટ;
શશિકિરણે કરીને અતિ શોભતા,
વનની જુઓ જુજવી જાત. નંદકુંવર૦ ૨૦

ગોવિંદ કે' ગોપીના સાથને,
કો' બાઇ વ્રજમાં કોણ છે રાય;
બીકે નાશી ભાગી આવીયાં,
મુજને મનમાં વિસ્મય થાય. નંદકુંવર. ૨૧

વાણી વિગતે કહું તે સાંભળો,
બાળા બોલું સાચા બોલ;
મોટા કુળનાં છો તમો માનવી,
તારૂણી કાં છાંડોછો તોલ. નંદકુંવર૦ ૨૨

પરણીયત મૂકે પોતાતણું,
ઇચ્છે અવર પુરુષની આશ;
કામિની કુળ બોળે પોતાતણું,
નિશ્ચે કરે નરકમાં વાસ. નંદકુંવર૦ ૨૩

ઘેલાં થઇ ઘર મેલ્યાં આપડાં,
આવ્યાં અણુજાણ્યાં વનવાટ;
એમાં લાંછન લાગે અમને,
એ કાંઈ નહિ તમારો ઘાટ. નંદકુંવર૦ ૨૪

ફેલ તજી સખીઓ પાછી ફરો,
ઘેર જઇ કરો તમારૂં કામ;
કામિની કરજોડી તમને કહું,
ન હવે લેશો મારૂં નામ. નંદકુંવર૦ ૨૫

એવાં વચન સુણી વા'લાતણાં,
મે'ળા મનમાં થઇ મનભંગ;
શ્યામા બુડી સાગર શોકમાં,
ન રહ્યો રાસ રમ્યાનો રંગ. નંદકુંવર૦ ૨૬

આસુંધારા વરસે આંખમાં,
શ્વાસે કંપે થરથર કાય;

શ્વાસોચ્છ્વાસ લઇ સૌ સુંદરી,
કોઇને કષ્ટ કહ્યું નવ જાય. નંદકુંવર૦ ૨૭

આંસુ ઢાળી અંગ સમારીયાં,
બાળા બોલી રીસે બોલ;
વનમાં આવ્યાં વાલા વીઠલા,
એ કાંઇ નહિ તમારો તોલ. નંદકુંવર૦ ૨૮

લોપી લોકતણી ગત લાલજી,
વળી વળી 'વેદધર્મ' વ્યવહાર;
પતિભાવે તમને કમળાપતિ,
નિશ્ચે વરીયાં જગદાધાર. નંદકુંવર૦ ૨૯

કપટ ન કરીએ કૂડા કાનજી,
દાસી ઉપર દીનદયાળ;
કરૂણાસાગર કરૂણા નહિ કરો,
તો અમે પ્રાણ તજશું તત્કાળ. નંદકુંવર૦ ૩૦

એવાં વચન સુણી વનિતા તણાં,
દીઠાં શ્યામાનાં મન સાર;
રૂડાં રૂપ ધર્યાં ત્યાં રંગમાં,
રસીયો રમીયા રાસ અપાર. નંદકુંવર૦ ૩૧

વિધ વિધ વાગે વિણા વાંસળી,
મોટા મૃદંગ ને મોરચંગ;
જંત્ર સતાળ તાળના તાનમાં,
ધીધીકટ ધીધીકટ કરે મૃદંગ. નંદકુંવર૦ ૩૨

ફરતી ફરે તે ફૂદડી,
તાળી, તાળ તણા ત્યાં શોર;
કંકણુ વાગે કડી, કટિમેખળા,
ફરતા ઘુઘરીના ઘમઘોર. નંદકુંવર૦ ૩૩

સુરગણુ ભૂલ્યા ભાન શરીરનું,
દીઠું રાસ રમ્યાનું દષ્ટ;
અબળા સહિત ઉભા આકાશમાં,
કરવા લાગ્યા પુષ્પની વૃષ્ટ. નંદકુંવર૦ ૩૪

રૂડો રાસ રમાડયો રંગમાં,
પ્રભુએ ;પુરી મનની આશ;
જે કોઇ ગાય, શીખે ને સાંભળે,
તે નર પામે વૈકુંઠ વાસ. નંદકુંવર૦ ૩૫

ધન્ય ગોકુળીયું ધન્ય વ્રજ સુંદરી,
ધન્ય ધન્ય રમીયા વા'લો રાસ;
રઘુનંદન કરજોડીને કહે,
રાખો ચરણુ કમળમાં વાસ. નંદકુંવર૦ ૩૬

વિઠ્ઠલજી ભટ્ટ.

ભટ્ટશ્રી વિઠ્ઠલજીનો જન્મ જામનગર નિવાસી ભટ્ટશ્રી કસનજીને ત્યાં થયો હતો.

તેઓશ્રીએ સંસ્કૃત ભાષાનું ઘણું ઉચ્ચ પ્રતિનું જ્ઞાન મેળવ્યું હતું, એટલુંજ નહિ પરંતુ વંશપરંપરાની પોતાની આયુર્વેદ વિદ્યાનું જ્ઞાન પણ પોતાના પિતામહ પાસેથી સારી રીતે પ્રાપ્ત કર્યું હતું.

રા. રઘુનાથ ઇંદ્રજી, વિશ્વ વિખ્યાત વૈદ્યરાજ શ્રી જંડુભટ્ટજી, રસેશ ધર્માચાર્યશ્રી મણિશંકરજી, વગેરેના ગુરૂપદનું માન પણ તેઓશ્રીનેજ ઘટે છે.

તેઓશ્રીની કાવ્યકૃતિ સંસ્કૃત અને ગુજરાતી બંને ભાષામાં છે. તેઓશ્રીનું મરણ સંવત્ ૧૯૧૮ ના આશ્વિન માસમાં થએલું જણાય છે.

૨૦

ગોપિકા ગીત.

(વરતની રહીએ એકાદશી—એ ઢાળ.)

ગાયરે ગોપી ગોવિંદને જઇ યમુનાને ઘાટે;
આંસુડે આંખ્યું ભરી જોઇ વગડાની વાટે. ૧
જન્મ થયે જગદીશને જય પામી અવની;
ઇંદિરા આવી આ દેશમાં કામની કેશવની. ૨

પિયુજી પધારોને પ્રેમથી પોતાનાં જાણી;
ગોપીઓ છે ગોવિંદની એવી વેદની વાણી. ૩
દરશન દેવ દયા કરી નહિ દેશો જો અમને;
તરૂણી ને તજવા તણી ભૂલ ભવની છે તમને. ૪
સુંદર સરસિજ શામળા શરદના હૃદમાં;
આભા તે અરવિંદની અંતરની હદમાં. ૫
રક્ત નયન જોઇ રાચીયું મારો શું મદમાં;
પ્રાણ ધર્યા અમે પ્રેમથી પુરુષોત્તમ પદમાં. ૬
દામ વિનાની દાસીયું દુઃખ દેખે છે તનમાં,
સુરતનાથ સુખ દીજીએ દયા આણીયે મનનાં. ૭
વિષ, જલ, પાવક,વ્યાલથી,વૃષ, મયસુત ભયથી;
ભવભય ભાંગીને ભૂધરા મારો માં અનયથી. ૮
ગર્ભ ધર્યા નથી ગોપિયે અંતર આરામી,
જન્મ તમારો જાણીએ જગજીવન સ્વામી. ૯
વિધિએ વિનતિ આચરી ભૂતલ ભાર હરવા;
જદુકુળ જન્મ્યા છો જાદવા સુર કારજ કરવા. ૧૦
જન્મ મરણ જીવન થકી સુત, ગૃહિણી ઘરથી,
ભયભીરૂ ભયને તજે કરૂણાકર કરથી. ૧૧
સુંદરી શિરપર શોભતો સુંદર કર કરીયેં;
કમળા જે કરથી વર્યા તન તાપને હરીએ. ૧૨
કિંકરિ કેશવની અમે અતિ આતુર થાયેં;
રમણ તજો છો રાતમાં કા'ને કયાં જાયેં? ૧૩
શરણાગતનાં શામળા જેથી પાપ હરો છો;
તૃણચર ચારવા ચાલતાં દુઃખ દૂર કરો છો. ૧૪

લાલચ લક્ષ્મી ને ધણી જે પદમાં પેઠી;
કાળીમદને કાપિયો જેથી જમુના વેઠી. ૧૫
હરિ તે પદને હૃદયે ધરી સખીને સુખ આપો;
વ્રજવલ્લભ વનિતા તણો મન્મથ મદ કાપો. ૧૬
મધુર ગિરા મુખમાં વસે બુધજન બુધ હરની;
વિધિકરિ વિરહે વ્યાકુલી મનમાં દુ:ખ કરતી. ૧૭

અબલા અચ્યુત આશથી વનમાં ઘણું ફરતી;
અધર સુધાયે સીંચીએ કરીએ સુખ ધરતી. ૧૮

કૃષ્ણ કથામૃત પાનથી ભવનાં દુ:ખ ભાગે;
શ્રવણ કર્યેથી શામળા અતિ સુંદર લગે. ૧૯

તપિયા તનના તાપને ક્ષણ એકમાં વારે;
ધીરપણે હૃદયે ધરે મદ મોહનને મારે. ૨૦

કૃષ્ણ કથામૃત વાંચતા તેને જીવન જાણો;
શ્રદ્ધા કરી શ્રવણે સુણો સુરનાં સુખ માણો. ૨૧
માધવ મુખડું નિહાળતાં વિરહાનલ વ્યાપ્યો,
ગતિ મતિ વીરહણ હાસ્યથી તરણી તન થાપ્યો. ૨૨
નિર્જન વન વાતું કરી ઝાલે જઇ લાગો;
કપટી કપટ કરી હવે અમથી શું ભાગો.? ૨૩
ગોવિંદ ગાયો ચરાવવા ચાલી જાઓછો વનમાં;
કુશ, તૃણ, કંટક, વાગશે તપીએ ઘણું તનમાં. ૨૪
સખીઓ સીદાય છે શામલા મનમોહ ધરે છે;
રજનીમાં રમવાને આવિયાં હરિવરને વરે છે. ૨૫

દિનકર દેવ પધારતે પ્રભુ ગોકુલ આવો;
ધનરજ ગર્ભિત આનને મનસિજ મદ લાવો. ૨૬
પ્રીત કરી હવે પ્રેમથી અવગુણ શું ગાવો; ?
દૂર કરો છો દેખતાં એવો અમથી શું દાવો.? ૨૭
જે પદ પદ્માએ પુજ્યું મને તે પદ આપો;
આપતનું આધાર છે આપત ભય કાપો. ૨૮
ધરણીનું મંડન ધારવું સુખ સંપત દેછે;
રામા હૃદયપર ધારીએ પદ આધિ હરે છે. ૨૯
સુરત વધારીને શામળા શોક નાશ કરે છે;
માધવ મુરલી વગાડતાં મુરલી સુખ લેછે. ૩૦
ઇતર પ્રીતિને નીવારતી એવી અધર સુધાયે;
ધીરપણે ધારા કરી અધરામૃત પાયે. ૩૧

દિનકર દેવ પધારતે પ્રભુ ગોકુલ આવો;
તમવિના ત્રુટી એક કાલને યુગ સરખો કરો છો. ૩૨

નિશિ મુખ નાથ પધારતે સખી દર્શન દેખે;
વાંકી કલાપે વીંટીયું મુખ સરસિજ લેખે. ૩૩

દર્શન દેવનું પામતાં પલ આડી પડે છે;
નિર્જર વરને નિહાળતાં વિધિ મૂર્ખ કહે છે. ૩૪

પ્રભુ કાજે સુત ઘર ભ્રાતને માત તાતને મેલી;
સખિઓ સેવવાને આવિયાં કુલ લાજને ઠેલી. ૩૫

વલ્લભ વેણુ વજાડતાં મન મોહ કરો છો;
રાત્રિએ રમવાને આવિયાં હવે દૂર કરો છો. ૩૬

નિર્જન વનમાં વાતથી મન્મથ મદ કરતાં;
મુખ નયણે હસતે હરિ માનની મન હરતાં. ૩૭
વક્ષસ્થલના વાસમાં કમલા અતિ સોહે;
અલબેલા ઇચ્છા ઘણી મનડાં અતિ મોહે. ૩૮
કપટી કપટ નવ કીજીએ વનિતાને વરીને;
દૂર જાયે કેમ દેખતાં તન મનને હરીને. ૩૯
વ્રજમાં વા'લા તમે આવીઆ વ્રજજન સુખ કરવા;
માધવ મંગલ કારણે ભુવન ભાર હરવા. ૪૦
ઔષધ અબલા ઇચ્છીએ આપો તે અમને;
રમણીનો રોગ હરો હરિ જશ આવશે તમને. ૪૧
ગોવિંદ ગાયો ચારવા વિચરો છો વનમાં,
વનિતા વિરહે વ્યાકુલી રજની દિન મનમાં. ૪૨
આશા કરી અમે આવિયાં જાયેં કેમ ઘરમાં;
વિઠ્ઠલ પ્રભુ વા'રે ચડો આવો અમ અંતરમાં. ૪૩

રાસ પંચાધ્યાયાના જોડીયાં.

માહેશ્વર ભટ્ટ.

સંસ્કૃત અને ગુર્જર કવિશ્રી માહેશ્વર ભટ્ટનો જન્મ મોરબીમાં સંવત્ ૧૮૪૯ ના વર્ષારંભમાં થયો હતો, અને મરણ લીંબડીમાં સંવત્ ૧૯૨૭ માં થયું હતું.

તેમના પિતાશ્રીનું નામ મંગલજી અને માતાનું નામ ગલાલબાઈ હતું. તેઓશ્રી સંસ્કૃત ભાષાના ઉત્તમ વિદ્વાન હતા, અને તેથી કરીને સંસ્કૃત ભાષામાં પણ ઘણાં સારાં કાવ્યો બનાવી શકતા. તેઓશ્રી પરમ શિવ ભક્ત હોવાથી તેમનાં સંસ્કૃત અને ગુજરાતી બંને ભાષામાંનાં ઘણુંખરાં કાવ્યો શિવ સંબંધીનાંજ લખેલાં માલમ પડે છે.

૨૧

શિવ સ્તુતિ.

રાગ—અડાણો.

બસોજી મેરે ચિત બિચ ચંદ્ર લલામ. ધ્રુવ.
ચંદ્ર મુગટ શિર સુરધુની સોહે, નગવર નંદિની વામ. બસોજી.
રતિ પતિ રૂપ નિરખ તન લાગે, ધનપતિ સેહિ ગુલામ. બસોજી.
જાકો નામ અખિલ અઘહારી, દુઃખભંજન સુખધામ. બસોજી.
માહેશ્વર પ્રભુ કે પદપંકજ, પૂજત પૂરન કામ. બસોજી.

ભાષા કવિતા.

૨૨

શિવના સાતવાર.

(રઘુપતિ રામ હૃદેમાં રેજોરે—એ ઢાળ.)

રવિ ઉદયે સદા શિવ સેવોરે, વર જન્મ સફળ કરી લેવોરે;
ગુણ દોષ કેનો નવ કે'વો, મારૂં કહ્યું માનને તું પ્રાણિરે;
જાણ શુક સનકાદિક વાણી, મારૂં કહ્યું માનને તું પ્રાણિરે. ૧
ચંદ્રશેખર શું ચિત્ત બાંધીરે, શિવ તત્ત્વમાં લક્ષને સાંધીરે;
નાંખ દુર્વાસનાને રાંધી, મારૂં કહ્યું માનને તું પ્રાણિરે. ૨
મંગળકારી મનોભવ હારીરે, ભવતાપ શમન ઘનવારિરે;
એવું જાણીને ભજો ત્રિપુરારિ, મારૂં કહ્યું માનને તું પ્રાણિરે. ૩
બુધે બોધ સુણો નિત્ય શ્રવણેરે, અન્ય અર્થ નહિ આવે મરણેરે;
કરી તન, મન, ધન શિવ શરણે, મારૂં કહ્યું માનને તું પ્રાણિરે. ૪
ગુરુ જ્ઞાનથી નિદ્રા ત્યાગીરે, જોને હૃદયાભ્યંતર જાગીરે;
જાશે જીવ તણી ભ્રાંતિ ભાગી, મારૂં કહ્યું માનને તું પ્રાણિરે. ૫
કવિએ કોડે તે વાત વખાણીરે, શાસ્ત્ર પુરાણે જે પ્રમાણીરે;
જેને જનક જોગેશ્વરે જાણી, મારૂં કહ્યું માનને તું પ્રાણિરે. ૬
પદ સાધના સેજે થાશેરે, ભય જન્મ મરણનો જાશેરે;
જ્યારે એક મહેશ દેખાશે, મારૂં કહ્યું માનને તું પ્રાણિરે. ૭
સાતવાર વેદાંત વિચારરે, સમજો મહેશ પ્રભુપદ સારરે;
જેને જાણે થાશો ભવપાર, મારૂં કહ્યું માનને તું પ્રાણિરે.
જાણ શુક સનકાદિક વાણી, મારૂં કહ્યું માનને તું પ્રાણિરે. ૮

ભાષા કવિતા.

૨૩

વારાસણી–માહાત્મ્ય.

(ભૂલ્યો મન ભમરા તું કયાં ભમ્યો–એને મળતો ઢાળ.)

કરીએ શ્રી કાશીની કામના, કીધાં કલિમલ મટી જાય;
કારજ સરસે આ કાયનાં, કૈવલ્ય પદવી પમાય. કરીએ.
કાશી કૈવલ્ય કામિની, ત્રિવેણી વેણી શિર જાણ;
સુરવર મુનિવર નિરખતાં, કૈક પામ્યા નિર્વાણ. કરીએ.
ખોલ્યાં નેત્ર ક્ષેત્ર ત્રિલોકનાં, નહિ કોઇ તેની સમાન;
ઇચ્છે અમર જ્યાં મરણને, પરહરિ અમૃત પાન. કરીએ.
ગગન થકી જે ગંગા ગલ્યાં, પામ્યાં શંકર શિરવાસ;
પંચકોશીને પરસવા, તો પણ પ્રકટી મન આશ. કરીએ.
ઘડિએ ઘડિએ ઘટી જાય છે, આયુષ્ય અલ્પ પ્રમાણ;
નીકળ કારાગૃહ ગૃહથકી, કર અવિમુક્ત પુર પર્યાણ. કરીએ.
નર વપુ પામી નીરખ્યું નહિ, આનંદ વન અતિસાર;
ત્યાં લગે ભવવન ભટકવું, એ ઉરમાં નિશ્ચે નિરધાર. કરીએ.
ચંદ્રશેખરનું જ્યાં ચિત્ત ઠર્યું, કીધા ચતુરાનને જાગ;
ચતુર્ભુજ ચૌદ ભુવનતણું, તપ કરી પામ્યાં જ્યાં રાજ્ય. કરીએ.
છત્રપતિને છલે પાડવા, કીધા દેવે ઉપાય;
દેવોદાસ ડગ્યો નહિ, તે એ અવની મહિમાય. કરીએ.
જન્મ મરણનો જ્યાં ભય ટળે, જનની જઠરનો ત્રાસ;
વિશ્વ વિદિત વારાણસી, ન કરે નરપશુ, વાસ. કરીએ.
જ્યાં જાહ્નવી જલમાં ઝીલતાં, હરિહર વાદે અકલાય;
વૈકુંઠ વૈકુંઠ આપે જ્યાં, કરે શિવપદ શિવ પશાય. કરીએ.

નરહરિ, દિનકર, મુનિ, દેવતા, રચિત જ્યાં તીર્થ અપાર;
ગણપતિ પુન્યજન જોગણી, ભૈરવી ચોકબજાર. કરીએ.
ટાળે ત્રિવિધ તાપને, પ્રજાલે પાપ પ્રચંડ;
આપે અવિચલ ધામને, મુક્તિપુરી મધ્યખંડ. કરીએ.
ઠામો ઠામ ઠીક ઠાઠરે, રચ્યા જ્યાં વિધ વિધના ઘાટ;
મધ્ય શોભે જ્યાં મણિ કર્ણિકા, સુંદર શિવપુરની વાટ. કરીએ.
ડાહ્યે ડાંપણુ કરી ખોળીયું, શોધ્યું સાધનનું સાર;
જ્ઞાનવાપી જલપાનથી, નાવે નિશ્ચે સંસાર. કરીએ.
ઋણુ ત્રણુ તત્ક્ષણુ છોડશે, શંકર શરણાગત પાલ;
આપ પોતે આવી આપશે, તારક મંત્ર તત્કાળ. કરીએ.
તારક મંત્ર પ્રતાપથી, તરીયા ત્રિલોકના જીવ;
ત્રિપાથ ગામીરે તનુ ત્યાગતાં, સે'જે થાતા જ્યાં શિવ. કરીએ.
સ્થાવર જંગમના જીવજે, સ્થિર થઇ રેર્યા તે ઠામ;
આવાગમનથી ઉગર્યા, નિશ્ચે જાશે નિજ ધામ. કરીએ.
દેવ દેવાંશો દયા કરી, દેવા મુક્તિનાં દાન;
નિજપદ મેલી પધારીયા, વસીઆ અવિચલ ધામ. કરીએ.
ધામ ધરાને મેલીને, ધિંગાણે ધરણી ધવ ધાય;
યુદ્ધ યજ્ઞથીજ પામવું, તે પદ ત્યાંથી પમાય. કરીએ.
નરપતિ નારીના વાસમે, સજ્યા જે સોળ શણગાર;
સ્પર્શતાં ગંગાજળ પામીયાં, ગજ, મૃગ, મુક્તા કુમિપાર. કરીએ.
પુત્રી પર્વતરાજની કરે, નિત્ય પુરની પ્રતિપાલ;
અન્ન પૂરે અન્નપૂરણા, જનની જુગત જેમ બાલ. કરીએ.

ફોકટ ફંદો ભવના ટળે, ફજેતી જમ પુરની નવ થાય;
પંચકોશીની પરિક્રમા, ફરતાં ફેરો મટી જાય. કરીએ.
બોધ ન લાગ્યો બાળપણે, બગડયો જોબન બળમાંય;
બુઢાપણમાં હજી બુડતાં, બુડવ દે નહિ દઇ પ્રભુ બાંય. કરીએ.
ભૂતળ ભાગ્યે આ ભૂમિકા, ભોળે થાપી ભરતખંડ;
પ્રલય વેળાએ ત્રિશૂલમાં, રે'છે શ્રી ભુજદંડ. કરીએ.
મમતા મેલી માયાતણી, મુક્તિ મંડપ જઇ માણુ;
મંગળ રૂપ મા'રાજનું, નીરખી થાને નિર્વાણુ. કરીએ.
વયનો દંડ જેમાં નહિ, ભૈરવી જાતના જોગ;
દુષ્કૃત કર્મ તજો જેથી, પાછા પામો સુખ ભોગ. કરીએ.
રચના રસનાએ શી કરૂં, રમણિક ભૂમિ વિશાળ;
રત્નરાજીત રંગ મો'લમાં. દંપતી રૂપ રસાળ. કરીએ.
લંપટ હજીએ લાજે નહિ, જીર્ણ થાતાં શરીર;
લલના લીલાનો લાલચી, સેવે નહિ સુરસરિ નાર. કરીએ.
વિધિ હરિ વાંચ્છિત વારાણુસી, વસ્યા જ્યાં વિશ્વનો નાથ;
વાણી મનથી જે વેગળા, વ્યાપક કે'તા ઋષિ સાથ. કરીએ.
શંકર શરણુ કીજે સદા, લીજે શીલ સંતોષ;
તન મન ધનને સમર્પિને, તજીએ રાગને રોષ. કરીએ.
સોળ કળા શશી પામીયો, પ્રીતે પૂજી પશુપાલ;
શરણાગતને શિર ધારીઓ, અવર કોણુ એવો દયાળ. કરીએ.
સેવા કીજે સુરનાથની, વસ્યા જે વારાણુસી વાસ;
એથી અંતર નવ આણીએ, સર્વે શંકરના દાસ. કરીએ.

નાગર અહિચ્છત્ર નામના, મોરબી મધ્ય નિવાસ;
મંગળ તનય માહેશની, પુરો વિશ્વેશ્વર આશ. કરીએ.
કાશી મહિમા કોડે કરી, કીધો સ્વમતિ અનુસાર;
ગજમુખ, ષટ્મુખ, શ્રુતિ, શારદા, શેષ પામે ન પાર. કરીએ.
કાશી મહિમા પ્રીતે કરી, અહર્નિશ સાંભળેને ગાય;
કાશી નાથ પ્રસાદથી, કાશી નિવાસ ફળ થાય. કરીએ.

ભાષા કવિતા.

મુકુંદ ભટ્ટ.

તેઓશ્રીનો જન્મ કાઠિયાવાડમાં આવેલા ચાવંડ ગામમાં સંવત્ ૧૮૫૨માં થયો હતો, અને મરણ સંવત્ ૧૯૨૨માં થયું હતું. તેમના પિતાનું નામ નૃસિંહ ભટ્ટ અને માતાનું નામ જીવીમા હતું. તેઓશ્રીએ ધર્મોપદેશક તરીકે ઘણા વખત સુધી કામ કરેલું જણાય છે.

તેમનાં કાવ્યોનો સંગ્રહ બૃહદ્ કાવ્યદોહનના ૫, મા ભાગમાં અને 'શ્રી મુકુંદ પદ માળા'માં નજરે પડે છે; તે ઉપરાંત કેટલોક સંગ્રહ અપ્રસિધ્ધ છે તેમ મુકુંદપદમાળાની પ્રસ્તાવના જોયાથી જણાય છે. તેમનાં કાવ્યો ગુજરાતી અને વ્રજ બંને ભાષામાં છે, અને તે ઘણાં રસિક ને બોધક છે.

૨૪

મનને ઉપદેશ.

(જાણ્યું જાણ્યું હેત તમારૂં રે જાદવારે લોલ–એ ઢાળ.)

માટે મન તું ભાવે ભજ ગોવિંદને રે લોલ,
મૂકી દેને મિથ્યા તનનું માનજો;
સદ્ગુરૂ શબ્દ સદાતું સાચા જાણજે રે લોલ,
જેથી જાશે અંતરનું અજ્ઞાન જો. માટે૦ ૧

પૂર્વ પૂન્યના યોગે મનુષ્ય દેહ મળ્યોરે લોલ,
જેથકી સઘળાં કાર્ય સદા સંધાયજો;
અનુભવથી તે આત્મા નિજનો ઓળખોરે લોલ,
તોતો, જન્મ મરણનો ભય મટી જાયજો. માટે૦ ૨

આવો અવસર પાછો તુજને નહિ મળેરે લોલ,
ભૂલી જવાથી થાશે મોટી હાણ જો;
તૃષ્ણા લોભે મોહેતું વળગી રહ્યોરે લોલ,
તેણે કરી રાખે તું મનની તાણ જો. માટે૦ ૩

ક્યાંથી આવ્યોને ક્યાં તું વળગી રહ્યોરે લોલ,
જો તું વિચારી કોણ માત ને તાતજો;
રસ્તે સૌસંધાતી તે ભેળાં થયાંરે લોલ,
તેની નમળે જાતિ ને કંઇ ભાતજો. માટે૦ ૪

મુકુંદ માયાનો પડદો તે એજ છે રે લોલ,

રમવાવાળો એ છે સાચો એક જો;
સદ્ગુરૂ સંગે તે પ્રભુને સૌ ઓળખેરે લોલ,
તેણે છુટે મનના સહુ સંદેહ જો. માટે૦ ૫

શ્રી મુકુંદ પદમાળા.

૨૫

અંતરયામી ઓળખવા વિષે.

(રાગ ઉપર પ્રમાણે.)

આ વેળાએ અંતરયામી ઓળખોરે લોલ,
જેને જાણે છે ઉમયાને ઇશજો;
બ્રહ્માદિક સરવે મનથી તેને ભજેરે લોલ,
જુગતે આવી જતન કરે જગદીશજો. આ૦ ૧
તારો જનમારો જોતાં જોતાં ગયોરે લોલ,
કંઇક કૂડાં કીધાં છે તેં કામજો;
કાલ અચાનક આવી તુજને ઝાલશેરે લોલ,
તે વેળા તો આવે હરિનું નામ જો. આ૦ ૨
માલ ખજાના સરવે છે ઘરમાં ભર્યારે લોલ,
ઘર વખરી તે તારી સર્વે ફોકજો;
સ્વારથીયાં તે સરવે જન ભેળાં થયારે લોલ,
ખોટી ખોટી મૂકે તે તો પોકજો. આ૦ ૩

કાળ અચાનક આવી તુજને ઘેરશેરે લોલ,
ત્યાં તો ઝટદઈ આયુ છુટી જાયજો;
રવિના સુત હુકમે લેશે ભાઇ હાલમાંરે લોલ,
ત્યારે કોઇ નથી તેનો ઉપાય જો. આ૦ ૪
રસ્તે તુજને ખરચી ખાવા નહિ મળેરે લોલ,
ઉધારે નહિ આપે તુજને કોઈ જો;
મુકુંદ કે' છે એવું જાણી ચેતજો રે લોલ,
નહિતર અંતે ફજેતી પુરી હોય જો. આ૦ ૫

શ્રી મુકુંદ પદમાળા.

૨૬

રૂડો અવસર.

(ઘડપણ કેણે મોકલ્યું-એ ઢાળ.)

તમે જુઓ વિચારી વાત, અવસર રૂડો આજનો,
કઇ કાળાના ત્રિવિધતાપ, અવસર રૂડો આજનો. ટેક.
સંગતિ કીજે સંત પુરૂષની તો, મટે મનનો મેલ;
આત્મારામને ઓળખેરે, તેને મોક્ષ પદારથ સ્હેલ. અ૦ ૧
દ્વાદશ સંગી સંગ ચાલે, સૃષ્ટિ આગેવાન;
પંદર વિહારી પ્રેમદારે, અંતે સાત પુરૂષનું છે માન. અ૦ ૨
એમ દિવસ કૈ કાળના તે, ફોકટ ફેરા ખાય;
સંગી મળે ચિદ્દ બ્રહ્મનારે, ત્યારે સ્હેજ સમાધી થાય. અ૦ ૩

પાંચ ત્રિયાનું પોષણ કરતાં, થાશે તનની હાણ;
માંડ મનુષા દેહિ મળીરે, તેનું જતન કરો નિરવાણ. અ૦ ૪
ગયો અવસર આવે નહિં, મર કરીએ કોટી ઉપાય;
મુકુંદ કે' મન સમજ્યા વિનારે, આવાગમન ફેરો નવ જાય. અ૦ ૫
શ્રી મુકુંદપદમાળા.

૨૭

દાણ લીલા.

(હું તો ગઈતી કાળંદ્રીને તીરેરે—એ ઢાલ.)

સખી મધુપુર ગઈતી આજરે, મોહન મળીઆરે.
મારાં સીધ્યાંતે સઘળાં કાજરે, હો શામળીઆરે. ૧
વાલો ઉભા તે યમુનાને તીરરે, મોહન૦
સંગે શોભે છે હળધર વીરરે, હો શામ૦ ૨
મારે માથે તે મહિનો માટરે, મોહન૦
દાણ માગે છે દાણીવ ઘાટરે, હો શામ૦ ૩
અમે હતાં સાહેલીયું સાથરે, મોહન૦
અન્યોન્ય કહે શ્રી નાથરે, હો શામ૦ ૪
ગોપી છોડોને મહિનાં દાણરે, મોહન૦
તમે દીસો છો સબલ સજાણરે, હો શામ૦ ૫
દાણ નહિ આપીએ દીનનાથરે, મોહન૦
મારે જાય છે સૈયરનો સાથરે, હો શામ૦ ૬

ત્યારે હસી બોલ્યા મહારાજરે. મોહન૦
સખી વણસે તમારાં કાજરે, હો શામ૦ ७
મહિ મટુકી ફોડિશ આજરે, મોહન૦
ત્યારે જાશે તમારી લાજરે, હો શામ૦ ८
એવું સુણી બોલી વ્રજનારરે, મોહન૦
તમે નાનાછો નંદકુમારરે, હો શામ૦ ९
પે'લી પે'રતા તે ધાબળી ધુંસરે, મોહન૦
નોતી મુખે તમારે મૂછરે, હો શામ૦ १०
હવે બોલવા શીખ્યા બલદેવરે, મોહન૦
મૂકો વાટ રોકયાની ટેવરે, હો શામ૦ ११
કહે કૃષ્ણજી ફોડિશ હેલરે, મોહન૦
ત્યારે થાશે તે રંગડાની રેલરે, હો શામ૦ १२
આજ આવ્યાં છો વ્રજની નારરે, મોહન૦
તમે નાશી જતાં ઘણી વારરે, હો શામ૦ १३
કર જોડી કહે વ્રજનારરે, મોહન૦
ધન્ય જગનો કરો છો ઉદ્ધારરે, હો શામ૦ १४
અમે સુંદર વ્રજની નારરે, મોહન૦
તમે પીતાંબર પે'રનારરે, હો શામ૦ १५
તમે ગાયો તણા ગોવાળરે, મોહન૦
દૈત્ય-દાનવ, કંસના કાળરે હો શામ૦ १६
દાણ લીઓને દીનાનાથરે, મોહન૦
આજ ઉરમાં વસો અવિનાશરે, હો શામ૦ १७

પ્રભુ વનમાંતે ખેલે સાથરે, મોહન૦
હસી તાળી લીએ વ્રજનાથરે, હો શામ૦ ૧૮
વ્રજનારીની પૂરી આશરે, મોહન૦
કહે મુકુંદ હરિના દાસરે, હો શામ૦ ૧૯

શ્રી મુકુંદ પદમાળા.

૨૮

પ્રભાત.

રાગ—ગોડી.

અરજ સુણોને અંતરયામી, શરણે તમારે આવ્યોરે;
કામી ક્રોધી લોભી ઘણોરે, તૃષ્ણાયે બહુ ભરમાવ્યોરે. ધ્રુવ.
કૂડ કપટ કરી કરણી કમાણો, ભવસાગરમાં ભટકયોરે;
સદ્‌ગુરુ શરણનું નાવ મળ્યાથી, અધવચથી હું અટકયોરે. અરજ૦
આપ વિના નથી આરે જગતમાં, કોનો ભરોંસો રાખુંરે;
બંધને મોક્ષના તમેછો દાતા, અરજી તમારી પાસે દાખુંરે. અરજ૦
ભક્ત ઉદ્ધારન કરૂણા નાયક, સકલ ભુવન પ્રતિપાલારે;
શરણાગતની સાર કરોછો, ગર્વગંજન ગોપાલારે. અરજ૦
પતિત પાવન પ્રભુજન હિતકારી, તમવિના કોને કહીએરે;
મુકુંદ કે' મોહન ભરોંસો તમારો, શરણે તમારે રહીએરે. અરજ૦

શ્રી મુકુંદ પદમાળા.

૨૯

(રાગ ઉપર પ્રમાણે)

શ્રી પુરુષોત્તમ પ્રાણુનાથ પ્રભુ, અરજ સુણોને અમારી રે;
ભક્ત ઉદ્ધારણુ પતિત પાવન, સુણીમેં ટેવ તમારી રે. ધ્રુવ.
એવું સુણી તુમ શરણે આવ્યો, શ્રીપતિ કુંજ બિહારીરે;
કાલ ભુજંગ તો કેડે લાગ્યો, ત્રિવિધિ તાપ નિવારી રે.—શ્રી૦
પાંચાળીના તમે પટકુળ પૂર્યાં, ગરૂડ તજીને ગિરધારીરે;
દુઃશાસન દુર્મતિ દુર્યોધન, હિમ્મત બેઠા હારીરે.—શ્રી૦
ગજને કારણુ પાળા તમે પળિયા, ચક્રે ગ્રાહ વિદારીરે;
ઇંદ્રદ્યુમન સોહી પદ પામ્યો, એગતિ સહુથી ન્યારીરે.—શ્રી૦
અજામીલ તો મહા અધર્મી, ન રહ્યો ધર્મ વે'વારે રે;
પુત્રહેતે કરી નામ નારાયણુ, મોક્ષપુરીમાં સીધાવેરે.—શ્રી૦
નામ ભજનનો મહીમા મોટો, જાણે શેષ ત્રિપુરારીરે;
મુકુંદ મનુષ્યા દેહથી સમજો, લીયોને આપ ઉગારીરે—શ્રી૦

શ્રી મુકુંદ પદમાળા.

૩૦

અંતકાળે સંભાળ લેવા વિષે.

મેવાડો—શામેરી.

અંતકાળે આવીરે સંભાળી લેજો શામળારે,
જોશોમાં કાંઇ અમારા અવગુણુ શ્યામ;

પણ છે પોતાનુંરે પ્રભુ તમે પાળજોરે,
અધમઉદ્ધારણ કરૂણાનિધાન—ધ્રુવ.
દોયલી વેળામાંરે કોઇ કોઇનું નથીરે,
જ્યારે કરે જમડા આવીને જોર;
તેણી વેળા આવીરે દયાળુ મુજ દીનનેરે,
બાંહે ગ્રહી લેજો નંદકીશોર.—અંત૦
જ્યારે ત્રુટે નાડીરે ઝલાય જ્યારે જીભડીરે,
બાજે :કફસહીત શ્વાસના ઘોર;
સગાંને સંબંધીરે લાગે સહુ લૂંટવારે,
કૂડા કૂડા કરીને શોર બકોર.—અંત૦
સ્વારથનાં સગાંરે સરવે સંસારમાં રે,
તમવિના જૂઠા સરવે જન;
પોતાના જાણીને રે આશ રાખું આપની રે,
બીજે નવ માને મારૂં મન.—અંત૦
ત્રાય ત્રાય કરીરે પોકારૂં છું હું તમભણીરે,
તમે છોજી શામલીયા સરદાર;
મુકુંદના સ્વામીરે તમે તો સુજાણ છો રે,
વા'લા મારા નોધારાના આધાર.—અંત૦

શ્રી મુકુંદ પદમાળા.

૩૧
ભવિષ્ય.
ધીરા ભક્તની ચાલ.

ટીટોડી કે' તજીએરે, ભૂમિ ઉપર ભારથ થશે;
અઢાર અક્ષોણીરે, દળ અટવાઇ જશે. ધ્રુવ.
ભૂમિ તજી જઇ વ્યોમે વસીએ, પણ ભવિષ્ય ન ભૂલે;
કૃષ્ણે કર્યું તે કોઇથી ન મળે, શું ડા'પણમાં ડૂલે?
હજુર હુકમથારે, હો નારૂં તે સે'જે થશે. ટીટોડી.
રામ થઇને રાવણ રોળ્યો, પાણીમાં બાંધી પાળ;
સોનાની લંકા ક્ષણમાં લુંટાવી, વિભિષણ કર્યોરે ભૂપાળ,
વીશે ભૂજ વાઢયારે, છેદ્યાં મસ્તક દશે. ટીટોડી.
પ્રહ્લાદજીની પ્રતિજ્ઞાપાળી, હિરણ્યકસ્યપુ હણ્યો;
મારે વહાલે નૃસિંહ રૂપ ધરી, બ્રહ્માના વરને ગણ્યો,
હરિથી સર્વે હેઠુંરે, ઉગરે નહિ ઉપાય કરો. ટીટોડી.
ગજ ઘંટ નાંખીને ઈંડાં ઉગાર્યાં, પક્ષીની કીધી વા'ર
મુકુંદ કહે મધુસૂદન મોટા, સમરો દીનદયાળ,
ભાળ મને લાધીરે, હરિ હરિજનમાં વસે. ટીટોડી.

સ્વ. ઈ. સૂ. કૃત. બૃ. કાવ્યદોહન.

૩૨
(રાગ ઉપર પ્રમાણે.)

ભવિષ્ય ન ભૂલેરે, ડૂલો નહિ ડાહ્યા થઇ;
ફાટયા મનના ફૂલોરે, કર્ત્તા કૃષ્ણવિના નહિ. ધ્રુવ.

રાજપાટ સુખપાલ સાહેબી, હય, ગજ, રથ, ભંડાર;
અખિલ લોકમાં આણ ફરે એવો, પરિક્ષિત પુન્ય ન પાર,
ભવિષ્ય ન ભૂલ્યુંરે, અંતે આવી ડંસ્યો અહિ. ભવિષ્ય.
શુકજી સદ્દગુરુ મળીને તેને, શ્રીમદ્ સુણાવ્યું કાન;
સાત દિવસમાં સદ્દગતિ આપી, વેગે આવ્યું વિમાન,
કૃષ્ણની કથાનીરે, કીર્તિ જુગ જુગ રહી. ભવિષ્ય૦
પોપટ ભણાવતી પુંશ્ચલી તારી, રસનાએ કહેતી રામ;
અજામેલનાં અઘ નિવાર્યા, પુત્ર પટંતર નામ,
નરહરિ એવારે, ગુણ એના રહેજો ગ્રહી. ભવિષ્ય૦
જપ, તપ, યજ્ઞ કે ભજનથી જપે, નામ માહાત્મ્યનું નેમ;
અખિલ ઉપાસન એ વિના લૂખું, મુકુંદ મનશું પ્રેમ,
કૃષ્ણ ન કહે કાયરરે, તને કર્મહીણ કહી. ભવિષ્ય૦

સ્વ૦ ઈ. સૂ. કૃત. બૃ. કાવ્યદોહન.

૩૩

(રાગ—ઉપર પ્રમાણે.)

કપોતની કે'છેરે, કંથ મારૂં કહ્યું કરો;
સીંચાણાનો ભેછેરે, પારધીએ બાણ ધર્યો. ધ્રુવ૦
અહીંથી ઉડી જઇ આઘાં રહીએ, આ દેશ તજી પરદેશ;

મરમ વચન પીયુ મારાંરે માનો, લાજ નહિ લવલેશ,
પ્રમાદને મેલોરે, રાંક વેણુ હૃદે ધરો. કપોતની૦

કપોત કંથ કહે કાયર કામની, હોનાર છે તે હશે;
શત્રુનું સાલ તે સેજમાં ટળશે, કર્યું કીરતારનું થશે,
હૃદે હરિ રાખોરે, મુખે કૃષ્ણ ! કૃષ્ણ ! હુચરો. કપોતની૦
અહિ ડસ્યો પારધીને પાયે, છૂટયો બાણુ તે વાર;
સીંચાણાનું શીર છેદાયું, કૃષ્ણ કરણી કરનાર;
ભાવે ગુણ ભાખોરે, ભવજળ સહેજે તરો. કપોતની.
તન તરુવર પ્રાણ પંખીડો, પ્રવૃત્તિ નિવૃત્તિ બેનાર;
અહંકાર અહિને જરા પારધી, ક્રોધ સીંચાણો નીરધાર,
મુકુંદ કે' મનમાંથીરે, પ્રભુ નવ રાખો પરો. કપોતની.

સ્વ. ઈ. સૂ. કૃત. બૃ. કાવ્યદોહન.

આદિત્યરામજી વ્યાસ.

વાદ્ય ને ગાનકળાના સુધારક અને સંગીતકળાના પુનરુદ્ધારક, સુપ્રસિદ્ધ, સંગીતશાસ્ત્રી આદિત્યરામજીનો જન્મ કાઠિયાવાડના જુનાગઢ શહેરમાં વૈકુંઠરામજીને ત્યાં સંવત્ ૧૮૭૯ ની લગભગમાં થયો હતો; અને મરણ સંવત્ ૧૯૩૬માં થયું હતું.

તેઓશ્રીને પોતાનાં માતાપિતા તરફથી વારસામાંજ સંગીત શક્તિ મળી હતી, અને તે વયની સાથે વૃદ્ધિંગત થવા લાગી હતી.

તેમાં વળી ગીરનાર પર્વતની તળેટીમાં ફરતાં કોઇ સિદ્ધ પુરુષના પ્રસાદથી વાઘ વિષેની સિદ્ધિ મળી, એટલે દૂધમાં સાકર ભળ્યાની માફક તેઓશ્રીમાંની સંગીત શક્તિ વધારે ઉત્તમ બની.

તેઓશ્રીનો અભ્યાસ સંસ્કૃત અને વ્રજ એ બંને ભાષાનો હતો, પરંતુ સંગીતમય કાવ્યોનો પ્રસાદ આખા ભરતખંડના લોકો ચાખી શકે એ હેતુથી તેઓશ્રીએ માત્ર વ્રજભાષામાંજ કાવ્યો લખ્યાં છે.

૩૪

મોહિત ગોપિકાના ઉદ્‌ગાર.

રાગ–માલકોશ–ચૌતાલ.

મનમથ મોહનકી મોહની પરીહે મોપેં,
મોહ્યો મન મેરો આલી બંસીબટ અટકમેં–મનમથ.
કહા કહું તોય મોય સુધિ નાહિ ગેહ દેહ,
જાહી છીન દરસેમેં તાછિનકી ખટકમેં–મનમથ.
આદિત ઉદિત કીધો ગયો ચિત્ત મેરો વહ,
ચેરો ચાહિ ચુમ્યો ચારુ ચરનકી ચટકમેં,
પગનકી પટકમેં, પીતપટ ઝટકમેં,
મુકુટકી મટકમેં, કિ લોચન લટકમે.–મનમથ.

સંગીતાદિત્ય.

૩૫

બોધ.

આશાવરી-ચૌતાલ.

ઉત્તમ જનમ પર કરી ના કમાઇ કછુ,
ઉમ્મર ગમાઇ એતિ કોઉ કામ નાયગે;
બાઈ ઓર માઈ ભાઈ કોઉ ના સહાઈ,
સબ સ્વારથકે સગે લગે ભગે સબ જાયગે;
રવીરામ પૂર પે'લ પૂજા કરો પરમારથ,
કાલ બિકરાલ તેહી સબે પછતાયગે;
કરિ કેં સુધૂમધામ ધધક ધુસેગો તબ,
ધરા, ધન, ધામ, સબ ધરે રહ જાયગે. ઉત્તમ.

સંગીતાદિત્ય.

૩૬

ખમાચ-ચૌતાલ.

હરિહીકી પ્રીત સોંહી ધ્રુવરાજ પાયેધ્રુવ,
તેસેં પ્રહ્‌લાદકો ઉગાર્યો સોઈ જાનલે;
ગજકોહી તાર્યો ત્યો અજામિલ ઉગાર્યો,
તેસેં શંકરકો સંકટ નિવાર્યો વકપ્રાનલે;
કહત અદિતરામ તારવેકો નાવ હરિ,

કામ પૂરવેકો એક કલ્પતરુ દાનલે;
સુખકે કરનહાર દુઃખકે દરનહાર,
અઘકે હરનહાર હરિકો તુ માનલે. હરિ.
સંગીતાદિત્ય.

૩૭

નારી અને નાલી.

તિલંગ–ચૌતાલ.

સજ્જન સુજાન જાનિ સુનો સબે સાચી કહોં,
નારી ઓર નાલી એક સ્યાની બની બાલીહે.
દેખતકી સ્યાની પર મોંતકી નિશાની,
ફિર કરે ઘુરધાની જમ જાતનાકી જ્વાલીહે.
આવતકી આછી ફિર ફૂટતકી પાછી પરે,
રવીરામ માંહી તમ, ઉપર ઉજાલી હે.
એક નાલી લગે ગિરિ ગાદેસે ગિરત જાત,
કોન ગતિ હોત જાકોં લગત છનાલી હે.
સંગીતાદિત્ય.

૩૮

કુજાત.

રશી જલ્લો–ત્રિતાલ.

સ્વાધીન હે ઘરકી ઘરુની,
બરની રવિરામ સુરૂપ સરાહે.

તોઉ કુજાત કુનારિકો સંગ,
કરે સોઇ નીચમેં નીચ ખરા હે.
જ્યોં સરપૂર ભરે જલકોં તજી,
કાક પીએ પય કુંભ ભરા હે.
ગારિહીં ખાત, ઝપાટહી જાત,
પુનિ ફિર આત ન લાજ જરા હે.

સંગીતાદિત્ય.

૩૯

પાત્ર–કુપાત્ર.

દેશ–ત્રિતાલ.

પાત્ર કુપાત્ર દિયે કછુ દાનહી,
તેસેહી રૂપ રચે રવીરાઈ;
ગાયનકોં તૃણ દેત દયા કરીં,
પન્નગકોં પય પાન કરાઈ;
કાંસહુતે સુધ પાયસ હોત,
સુપાયસતે વિષ હોત સિવાઇ;
યા બિધ દાન દિયે બીન જાનસુ,
તાબિધ કો ફલ તાહી દિવાઇ.

સંગીતાદિત્ય.

શિવશંકર ગોવિંદજી પુરાણી.

તેમનો જન્મ અમદાવાદ જિલ્લામાં ધંધુકા પાસેના રોજકા ગામમાં સંવત ૧૮૮૭માં થયો હતો, અને મરણ સંવત્ ૧૯૫૭માં ૭૦ વર્ષની ઉમરે પોતાના વતનમાંજ થયું હતું. તેઓ સંસ્કૃત અને વ્રજ ભાષાનું સારૂં જ્ઞાન ધરાવતા હતા; અને ગઢપુર, જુનાગઢ, ધોલેરા, વગેરે સ્થળોની સંસ્કૃત શાળાઓમાં આચાર્ય તરીકે પણ તેમણે કાર્ય કરેલું જણાય છે.

તેમનાં કાવ્યો ગુજરાતી ભાષા કરતાં વ્રજ ભાષામાં વધારે જણાય છે. જે ઘણાં રસિક અને બોધક છે પણ અપ્રસિદ્ધ છે. તેઓ ઉત્તમ કાવ્યો બનાવી શકતા તેમજ તેને ઘણી સારી રીતે ગાવાની શક્તિ પણ ધરાવતા હતા.

૪૦

ઉત્તમ રીતિ.

(હેલી જોને આ નંદકુમાર—એ ઢાળ)

વળી છે અતિ ઉત્તમ રીતિ એ, આપણા કામની;
કરી મોટા સંતે પ્રમાણ, ઠરવાના ઠામની.
મિથ્યા પંચ વિષયમાં આસક્તિ, તે ટાળી નાંખવી;
તેમાં દોષ દુઃખ નાશવંત, વાણી નિત્ય ભાખવી.

સચ્છાસ્ત્ર તણો અભ્યાસ, કરવો હુદારને;
આઠ અસત્ય દેહાદિક ત્યાગ, કરી સેવો સારને.
બ્રહ્મરૂપ થઈ હરિભક્તિ, નવધા તે કીજીએ;
ધર્મ વૈરાગ્યાદિક તેનાં અંગ, અંતર ધારી લીજીએ.
પ્રેમ મગન થઇ પાંચવાર, પૂજા હરિ રૂપની;
બાહ્ય માનસ ધરી ઉપચાર, કરીએ અનુપની.
શ્રદ્ધા રાખવી ઉત્તમ રીત, વિશ્વાસ હરિતણો;
શિવરામ કહે મોટાં ભાગ્ય, લ્હાવો લ્યો આવો ઘણો.

૪૧

રઘુવીર–વર્ણન.

ચરચરી છંદ.

રઘુવર ઘનશ્યામ ધામ, ભક્તન અભિરામ નામ,
શોભિત મુખ કોટિ કામ, અષ્ટ યામ રટીયે;
કલંગી પુષ્પનકી સાર, ષટ્પદ ગુંજત અપાર,
નીરખત જન વાર વાર, બાલનકી લટીયે.
લલકિત મોતીયનકી માલ, ચલકિત કુંડલ બિશાલ,
ભલકિત દૃત તીલક ભાલ, લાલશ્રી મધ્ય રાજે;
ઘમ ઘમ ઘુમરૂ ઘમંક, ઠમ ઠમ નેવરા ઠમંક,
છમ છમ બીછુવા છમંક, કીંકણી અતિ ગાજે.
મુખકિત મુખ્ય બદત બેન, જલચર જ્યું ચપળનેન,

હસ્તનકે કરત ચેન, અવધ્યરાજ રંગી;
કટિ કસી પચરંગી બાસ, નટવર જ્યું રમત રાસ,
સુરનર પદ સેવત પાસ, હૃદયમે ઉમંગી.
કરમે કનક ધનુપ બાન, દુષ્ટનકે હરત પ્રાન,
અંગદ રવિ શશિ પ્રમાન, ઉપમા નહિ લાગે;
જકત ભકત પરતપાય, એસે રધુચંદરાય,
શંકર બલિહારી ફેર, પ્રેમ ભકિત માગે.

૪૨

વેરી રસના.

હોરી-કાફી.

રસના ભઇ બેરન મેરી, સખીરે. ધ્રુવ.
નામ નારાયણુ લેવત નાહિ, બાત કરત કછુ ઔરી;
આમ કથામેં તન મન દેવત, એહી મેં જાતહીં દોરી,
એસેં પ્રભુ આજ્ઞા તોરી. રસના.
પ્રભુ આજ્ઞા મેં એસી માનું, ચાહે દે વિષ ઘોરી;
તબહી પ્રભુકો નામ ન છોડૂં, લાજ જાય ભાઉં ઘોરી,
ચાહે દે બ્રહ્માંડકી જોરી. રસના.
સખી, ઉનકું મેં બોત રીઝાઇ, દેં દેં પુરી કચોરી;
ત્યું ત્યું અતિસે બઢત જાતહે, માનત નહિ એક મોરી,
સખી, કછુ ઉનકું કહોરી. રસના.
શુકજી પ્રતાપ બિપ્ર શિવશંકર, વિનય કરત કરજોરી;
રસનાદિક ભવજલમેં ડુબાવત, તાતે કર પકરોરી,
એતી બાત પ્રભુસેં કરોરી. રસના.

પ્રેમશંકર ભટ્ટ.

તેમનો જન્મ કાઠિયાવાડમાં રાજકોટ શહેરની અંદર ગોકુળજી ભટ્ટને ઘેર સંવત્ ૧૮૮૮ માં થયો હતો, અને મરણ સંવત્ ૧૯૬૪ માં થયું હતું. તેમની કાવ્યકૃતિ સંસ્કૃત અને ગુજરાતી બંને ભાષામાં છે. તેઓ ઇશ્વર સિવાય બીજા વિષયનાં કાવ્યો રચતા નહિ હોવાથી બધાં કાવ્યો ઇશ્વર સંબંધીનાંજ લખેલાં માલમ પડે છે.

૪૩

હરિહરનું ઐક્ય.

(સાતવાર.)

(આવોરે હરિ શિવશંકર ભોળા—એ ઢાળ.)

હરિહર એક સ્વરૂપ જાણો;
તેમાં કાંઈ અંતર નવ આણો. ધ્રુવ.
આદિત્યે તેજ ઘણું રે'છે,
પરિગ્રહરૂપ તેને કે'છે;
હરિહર રૂપ સદા એ છે. હરિહર૦ ૧
સોમે શિવ-પૂજન તો કરીએ,
હરિવ્રત કરી હરિને ભજીએ;
દુર્જન સંગ દૂર થકી તજીએ. હરિહર૦ ૨

મંગળકારી રૂપ હરિહરનું,
ધરૂં જેવું ધ્યાન તેવા તનનું;
અમંગળ જેથી મટે મનનું. હરિહર૦ ૩
બુધે બહુ રૂપ થયા વા'લો,
દેખું નહિ દેશ કોઇ ઠાલો;
તેથી સદા દીન થઇ ચાલો. હરિહર૦ ૪
ગુરુએ ગુરુ ગોવિંદને માનો,
સદાશિવ આપ ગુરુ જાણો;
દક્ષિણ મુખ જોતાં જાણે દાનો. હરિહર૦ ૫
ભગુ ભવસાગરથી તારો,
હરિહર હાથ ગ્રહો મારો;
ઉતરવાનો એજ સુંદર આરો. હરિહર૦ ૬
શની શનૈઃ કામાદિક તજવા,
સંતોષાદિક સદ્‌ગુરુ સજવા;
પ્રેમે પ્રેમશંકર હરિ ભજવા. હરિહર૦ ૭

પ્રેમપ્રબોધ.

૪૪

બાંય ગ્રહેવા વિષે.

રાગ-ધનાશ્રી.

બાંય ગ્રહેકી લાજ, પ્રભુ તોયે બાંય ગ્રહેકી લાજ. ધ્રુવ૦
શરન આયો શરનાગત જાની, લાજ રખો મહારાજ. પ્રભુ૦

દીન જાની દયાનિધિ મોપેં, કરૂણા કીજે આજ. પ્રભુ૰
ચક્કકું ધારી પ્રભુ ગ્રાહકું મારી, ઉગારે ગજરાજ. પ્રભુ૰
પ્રેમશંકર પ્રેમ પ્રગટ હોતજબ, તબ સુધરેગો કાજ. પ્રભુ૰
પ્રેમપ્રબોધ.

૪૫

શ્રી ગણપતિનું વિવાહમાં પ્રથમ ગાવાનું ગીત.

રાગ-ઈશ્વર વિવાહનો.

ગણપતિને ચરણે નમીએરે;
શુભ ધ્યાન હૃદયમાં ધરીએરે. ૧
સરસ્વતીને પાયે લાગુંરે;
કરજોડીને વાણી માગુંરે. ૨
ગણપતિ ગોવિંદને વાંલારે;
ગૌરીપુત્ર છે બુદ્ધિ વિશાલારે. ૩
વિઘ્નહરને તે કેમ વિસારૂંરે;
પ્રથમ પેંલા ગણેશ બેસારૂંરે. ૪
પંચામૃતથી તે પૂજા કરાવુંરે;
ગંગોદકથી તે અંગે નવરાવુંરે. ૫
ચંદન પુષ્પ તે ભાવે ચડાવુંરે;
મેવા મોદક આગે ધરાવુંરે. ૬
ધૂપ દીપને આરતી કીજેરે;
પછી દાન તે વિપ્રોને દીજેરે. ૭

એમ પૂછીને ગૌરીપુત્રરે;
પછી બાંધવું મંગળસૂત્રરે. ૮
ત્યાં કંઈ ચિત્ર ચંદરવા બંધાયેરે;
ગીત પ્રેમે પનોતિઓ ગાયેરે. ૯
ત્યાં કાંઈ વિવિધ વાદિત્રો વાજેરે;
જાણે મેઘ ગગનમાં ગાજેરે. ૧૦
મંગળકારી મંડપમાં પધાર્યારે;
હવે દિવસ થયા બહુ સારારે. ૧૧
એક એકપેં આનંદકારીરે;
વરણવીએ શું બહુ વિસ્તારીરે. ૧૨
વર માગું તે મુજને દીજેરે;
વરવહૂને સુખીઆં કીજેરે. ૧૩
જે કોઇ ગીત ગણેશનું ગાયેરે;
તેના સફળ મનોરથ થાયેરે. ૧૪
પ્રેમશંકરે પ્રેમથી ગાયુંરે;
સભામંડપમાંહી સોહાયુંરે. ૧૫

પ્રેમપ્રબોધ.

કેશવલાલ હરિરામ ભટ્ટ.

સ્વધર્મના ઉદયાર્થે આત્માર્પણ કરી ઇશ્વરપરાયણ મનુષ્યત્વ સિદ્ધ કરી બતાવનારા કવિશ્રી કેશવલાલનો જન્મ મોરબીમાં સંવત્ ૧૯૦૭માં થયો હતો; અને મરણ સંવત્ ૧૯૫૨ના ફાલ્ગુન માસમાં થયું હતું.

તેઓશ્રીએ પોતાનું જીવન સ્વધર્મના ઉદયાર્થેજ ગાળવા માટે વેદધર્મ સભામાં જોડાઇ 'આર્યધર્મપ્રકાશ' નામના માસિકના તંત્રી તરીકેનું, મનુષ્યોને ઉપયોગી થઈ પડે તેવાં સુબોધક ધાર્મીક પુસ્તકો જેવાં કેઃ—શંકરવિજયસાર, ત્રિકંડિકાસતી શિક્ષાસૂત્ર, સુરગુરુસ્મૃતિ ને આશૌચનિર્ણયવગેરેનો સમુદ્ધાર કરવાનું, અને ખાસ સ્રીવર્ગને ઉપયોગી થઈ પડે તેવાં અનસૂયાશ્યુહ્યને ભોગવતી ભાગ્યોદય, સ્રીધર્મબોધક ગરબાવળી, સાવિત્રીચરિત્રનું ભાષાંતર, વગેરે લખી પ્રસિદ્ધ કરવાનું કાર્ય કર્યું છે.

વળી તેઓશ્રીનો રચેલો અનુભવના ઉદ્ગારરૂપ કેશવકૃતિનો ગ્રંથ ઘણો સુપ્રસિદ્ધ છે જે વાચકવૃંદની ધ્યાનમાંજ હશે.

૪૬

પ્રાર્થના.

શાર્દૂલ વિક્રીડિત.

વિશ્વાધાર વિપદ્વિનાશક સદા આદ્યંત વિશ્વંભર,
જેની શક્તિ અને અપાર મહિમા જાણે ન કોઇ નર;
તે સાક્ષી સહુના સહાય અમને સન્માર્ગમાં સ્થાપજો,
સત્પ્રજ્ઞા સુવિચાર સત્સમયને સદ્ધર્મને આપજો.
આધિ, વ્યાધિ, ઉપાધિ આદિક સહુનાં સંકટો કાપજો,
દીનાનાથ દયાલ દેવ સહુને સારી મતિ આપજો;
આર્યોના અખિલેશ અંતર તણા અજ્ઞાનને ટાળજો,
સૌનાં શાન્ત કરી સદા હૃદયને સન્માર્ગમાં વાળજો.
આર્યોનાં અખિલેશ અંતર તમે સન્માર્ગમાં વાળજો,
દીનાનાથ કરી દયા પ્રતિદિને સૌને સુખે સ્થાપજો;
આર્યો ભારત ભૂમિના હૃદયમાં આનંદ લેતા થજો,
અંતર્યામી અહો કહું અધિક શું લજ્જા તમે રાખજો.
રે'જો આર્યજનો સદૈવ સુખમાં સર્વે રૂડી રીતિથી,
લેજો લાભ અનેક સદ્ગુણ અને નિત્યે રૂડી નીતિથી;
નિષ્ઠા શીલવિષે સદાચરણમાં સદ્ધર્મમાં રાખજો,
બ્રહ્માનંદ તણાં સદૈવ સુખને ચાતુર્યથી ચાખજો.
વર્ણોના, શુભ જાતિના વળી વિશેષે દંપતીના રૂડા,
પુત્રોના, પ્રભુના, સહોદરતણા, પત્નિતણા જે ઘણા;

માતા, તાતતણા અને ગુરુતણા ધર્મો ધરામાં બહુ,
પાળો પ્રાણ જતાં લગી પણ સદા અત્યંત પ્રેમે સહુ.

કેશવ કૃતિ.

૪૭

બોધ.

હરિગીત.

ભમતા ફેરામાં ભૂલમાં ભોળા જનો ભેળા થઇ,
ટકટક કરો શા કારણે મળશે ન જે વેળા ગઇ;
કેવલ નકામા કામમાં આયુષ્ય વીતી જાય છે,
શમદમતણા સાધન વિના આ જન્મ મિથ્યા થાય છે.
વદવું વધારે શું હવે સમજુ તમે સહુ વાતમાં,
લાખો ઉપાયે લક્ષ આપી ભાત પાડો જાતમાં;
લક્ષ્મીરમણનું નામ લેતાં લાજ શાને લાવીએ,
હરિભક્તિ ને શુભ યુક્તિથી નિજ બુદ્ધિને શોભાવીએ.
રોગે બધાને વ્યાધિ, આધિ, ઉપધિઓ અતિ અંગમાં,
રાતે પ્રભાતે દુઃખથી ક્ષણ જાય છે દુઃસંગમાં;
મરવા થકી ડરતા નથી ગુંચી રહી ઘરબારમાં,
નાના અને મોટા બધા ફરતા ફરે સંસારમાં.

પ્રતિદિવસ એવી વેદનાથી નિત્ય રે'વું વેગળે,
ભુવને રહીને ભજન કરતાં પ્રેમથી ઇશ્વર મળે;
સચવાય સઘળા નિયમ તો આ દેહ સુખનું ધામ છે,
દારા, ધરા, ધન, ધામનું અંતે કહો શું કામ છે?
સાચા સગા છે નાથ નટવર એ વિના શું છે બધું,
કરે પ્રકારે રામને રટવા વિના શું છે વધુ?
કરવા ઉપાયો જન્મ-મૃત્યુ ટળાય તેવા ટેકથી,
રે'વાય સુગમમાં ચિત્ત જો વશ થાય એક વિવેકથી.

કેશવ કૃતિ.

૪૮

સદ્‌ગુરુનું શરણુ.

રાગ-દેશ.

સદ્‌ગુરુ-શરણુવિના અજ્ઞાનતિમિર ટળશે નહિરે;
જન્મ-મરણુ દેનારૂં બીજ ખરૂં બળશે નહિરે.—ટેક.
પ્રેમે વચનામૃત પાનવિના, સાચા ખેટાના ભાનવિના,
ગાંઠ હૃદયની જ્ઞાનવિના, ગળશે નહિરે.—સદ્‌ગુરુ.
શાસ્ત્ર પુરાણુ સદા સંભારે, તનમન ઇંદ્રિય તત્પર તારે,
વગર વિચારે વળમાં, સુખ રળશે નહિરે.—સદ્‌ગુરુ.

તત્ત્વ નથી મારા તારામાં, સુજ્ઞ સમજ નરતા સારામાં,
સેવક, સુત, દારામાં, દિન વળશે નહિરે.—સદ્ગુરુ૦
કેશવ હરિની કરતાં સેવા, પરમાનંદ બતાવે તેવા,
શોધવિના સજ્જન એવા, મળશે નહિરે—સદ્ગુરુ૦

કેશવ કૃતિ.

૪૯

મેમાન પણા વિષે.

કાફી.

અમે તો આજ તમારા, બે દિનના મેમાન;
સફલ કરો આ સહજ સમાગમ, સુખનું એજ નિદાન. ટેક.
આવ્યા એમ જશું તે રીતે, સર્વે એમ સમાન;
પાછા કોઇ દિને નહિ મળીએ, ક્યાં કરશો સન્માન? અમે૦
સાચવજો સંબંધ પરસ્પર, ધર્મે રાખી ધ્યાન,
સંપી સદ્ગુણ લેજો દેજો, દૂર કરી અભિમાન. અમે૦
લેશ નથી અમને અંતરમાં, માન અને અપમાન,
હોય કશી કડવાશ અમારી, તો પ્રિય કરજો પાન. અમે૦
કેશવ હરિએ કરુણા કીધી, ન ભમો ભૂલી ભાન,
તત્ત્વે તાન રહે છે તેને, થાય ન જરીએ જાન. અમે૦

કેશવ કૃતિ.

૫૦

સંસારની જંજાળ અને પ્રભુ સ્તુતિ.

પૃથ્વી છંદ.

શરીર પલમાં પડે પ્રથમ વાત એ આકરી,
પડી પરવશે પ્રભો ! ચતુર તે કરે ચાકરી;
ભવાબ્ધિ તરવો તથા કઠણુ કર્મનો યોગ છે,
વિનાશ કરનાર આ વિષયભોગનો રોગ છે.
મમત્વ કરવું વૃથા ધનધરા નથી આપણાં,
કલત્ર, સુત, મિત્ર, તે પણુ સમગ્ર છે તાપણાં;
મમત્વ તનનું અહીં પણુ પડયું રહે પાછળ,
કશા વિષયમાં ન કોઈ જનનું લગારે બળ.
ઉપાધિ અતિ આવતાં અધિક થાય છે આધિઓ,
શરીર સુખમાં રહે નહિ વળી વધે વ્યાધિઓ;
સદૈવ મન મૂર્ખ આ ત્રિવિધિ તાપ આપ્યા કરે,
શિરે પ્રતિદિને પ્રભો ! કુટિલ કાલ ટાંપ્યા કરે.
વિચાર કરતાં મને મનવિષે વ્યથા થાય છે,
સુપુણ્ય કરવા વિના વય વૃથા વહી જાય છે;
ગમે મનવિષે ન તે પણુ પડે કશું પાધરૂં,
અહો નરહરિ હવે સુખ થવા કહો શું કરૂં !
વિવેક મનમાં વસે સુખદ એક સદ્વસ્તુનો,
ટળે તરત ભાસતો અસલનો અસદ્વસ્તુનો.

પરંતુ અખિલેશ્વર પ્રણુતપાલ વિશ્વંભર !
બને ન તુજની કૃપાવગર તે કશું શંકર !
અનંત હરિ કેશવ પ્રભુ કરો કૃપા પ્રેમથી,
ધરૂં ચરણુ તો પછી મરણુ-જન્મ મારે નથી;
સદૈવ સુખરૂપ છું નહિ કશું મને બંધન,
કલત્ર, સુત સર્વદા સુખદ છે ધરા ને ધન.

કેશવ કૃતિ.

૫૧

સુખ કોને છે ?

ઉપજાતિ.

જે દેવનો વ્યાપક છે પ્રતાપ, તેને સુવાકાજ સદૈવ સાપ;
સદાય ભક્તાધીન છે મુરારિ, સુખે સુએ કોણુ જુઓ વિચારી.
પીવું પડ્યું ઝેર પ્રભુ થઇને, ભીખે ભમે નગ્નપણે રહીને;
પડ્યા રહે પર્વતમાં પુરારિ, સુખે વસે કોણુ જુઓ વિચારી.
જેના પ્રકાશે વ્યવહાર થાય, સદૈવ તેનો ઉદયાસ્ત થાય;
ફર્યા કરે અંબરના વિહારી, સુખે વસે કોણુ જુઓ વિચારી.
નિશાપતિ અમૃતપાત્ર ચાંદો, કલંકિને તેમ સદૈવ માંદો;
પામે નહિ કોઇ દિને પથારી, સુખે વસે કોણુ જુઓ વિચારી.

ઘડયા કરે ઘાટ ફરી ફરીને, બેસે નહિ એક ઘડી ઠરીને;
બ્રહ્મા થયા તોપણ ભાંડકારી, સુખે વસે કોણ જુઓ વિચારી.
શ્રીરામચંદ્રાદિક પુણ્યધામ, ઠરી ન બેઠા પણ કોઇ ઠામ;
દુઃખી બલિરાજ સમા સુરારિ, સુખે વસે કોણ જુઓ વિચારી.
સ્વરૂપનું જ્ઞાન ન થાય લેશ, ઉપાધિને આધિ નડે વિશેષ;
સંન્યાસીઓ તેમજ બ્રહ્મચારી, સુખે વસે કોણ જુઓ વિચારી.
તપે ત્રિધા તાપ વડે ગૃહસ્થો, મુઆ સુધી અન્ય ન કોઇ રસ્તો;
છે વેશ્મનો ભાર સદૈવ ભારી, સુખે વસે કોણ જુઓ વિચારી.
સંસારનાં સંકટથી સતાઈ, દેખી બધું દૃષ્ટિથી દુઃખદાઇ;
બને સહુ બાકરીઓ બિચારી, સુખે વસે કોણ જુઓ વિચારી.
રાજા અને રંક સમર્થ લોક, પડયા રહે શોક વિષે અશોક;
પ્રધાનને કાબિલ કારભારી, સુખે વસે કોણ જુઓ વિચારી.
અનાદિ આ વિશ્વવિષે થયા જે, દુઃખે સુખે સર્વ વહી ગયા તે;
જંજાલ જેણે વિગતે વિસારી, સુખે સુએ તેજ જુઓ વિચારી.
જે કામ ને ક્રોધ સદૈવ જીતે, વૈરાગ્યમાં પ્રીતિ કરે સુરીતે;
હૈયાવિષે હિમ્મત હોય ભારી, સુખે સુએ તેજ જુઓ વિચારી.
સારે નઠારે સમદૃષ્ટિ રાખી, પીડા પડે તોપણ સર્વ સાંખી;
ચાલે સદાચારવિષે વિચારી, સુખે વસે તેજ જુઓ વિચારી.

કેશવ કૃતિ.

૫૨

સ્વભાવ ટળતો નથી તે વિષે.

દોહરા.

કડવો કેવલ લીમડો, સીંચે સાકર તોય;
દૂધ પાય દિનરાત પણ, મીઠો કદી ન હોય.
કાળો કેવલ કોયલો, બહુ દૂધે ધોવાય;
કેસરમાં રસબસ રહે, તોપણ શ્વેત ન થાય.
કસ્તૂરીને કપુરના, ઢગલા કરી દટાય;
પણ દુર્ગંધી ડુંગળી, તણો ન ગંધ હરાય.
સાબુ સોમણથી ધુએ, વીતે વખત અપાર;
ગળી ન ધોળા રંગની, કદી કોઇ કરનાર.
ઉછેરીએ અમૃત વડે, મોટો મણિધર નાગ;
પણ કરડે જો લેશ પણ, પ્રાણ કરાવે ત્યાગ.
બંધ હજારો બાંધીએ, કરીએ યુક્તિ અપાર;
પ્રવાહવાળું પાણી પણ, નીચું નિત્ય જનાર.
રાજાના મંદિરવિષે, સુખે સુખડીઓ ખાય;
તોપણ સ્વપ્ને શ્વાનથી, વિષ્ટા નહિ તજાય.
સોનાના શુભ પાંજરે, મનહર મેવો ખાય;
તોપણ પામર કાગડો, માંસ જોઇ લલચાય.
સો સો વરસો સૂકવે, વિશેષ તાપ અપાય.
રસ જેવું થઇ જાય પણ, માંખણ કઠણ ન થાય.

મુશળધારના મેઘથી, રાતદિવસ ભીંજાય;
કાળો પા'ણો કોઇ દિન, તોપણ નરમ ન થાય.
સ્વભાવનું ઓસડ નથી, કરો ઉપાય અપાર;
બળી જાય પણ સીંદરી, વળ મેલે ન લગાર.
ભણે શાસ્ત્ર મોટાં ભલે. બહુ સાંભળે બોધ;
સ્વભાવ ટળવો કઠણ છે, કરી રાખવી નોંધ.

કેશવ કૃતિ.

૫૩

જેને વીતી હોય તે જાણે.

(કાબા કાચબીના ભજનનો ઢાળ.)

જેને વીતી હોય તે જાણે, અજાણ્યો કાંઇ ન જાણે. ટેક.
કાયિ બરાબર બોરડી કેરો, હાથમાં વાગ્યો હોય,
વાગ્યા વિનાનો વેદના તેની, જાણી શકે શું કોય?
અનુભવ હોય ન જેને, શેણે સમજાવીએ તેને? જેને૦
અગ્નિએ અંગ બળ્યું હોય તેથી, બળતર જે બહુ થાય,
ઉનું પાણી નહિ ઓળખે એથી, કેમ કરી સમજાય?
હૈયાની વેદના એવી, નથી સમજાય તેવી. જેને૦
વેદના થાય સુવાવડમાં તે, જાણે શું વાંઝણી બાઈ?

પાસે રહી હોય તોય સુયાણી, જાણી શકે નહિ કાંઇ;
કેવું છે દુઃખ શરાણે, હીરો હોય તે પ્રમાણે. જેને૦
વેદના લેશ ન જાણે શુળીની, પાસે ઉભેલા લોક,
હાથ ધર્યામાં વેદના કેવી, કેમ જાણે તે કોક ?
વખાની વાત છે એવી, નથી સમજાય તેવી. જેને૦
કેમ કમાવાય ? કેમ શમાવાય, ચિત્તતણા પરિતાપ ?
કેમ ભજાવાય વેશ વિશેષે ? કેમ છપાવાય છાપ ?
હઠીલા જાય છે હારી, જુઓ તે વાત વિચારી. જેને૦
ડંખ્યા વિના ન જણાય કદાપિ, વીંછીની વેદના જેમ;
મરણ પથારી ઉપર પીડા, જીવતો જાણે કેમ ?
ખરેખર એક છે ખામી, નથી કોઇ અંતર્યામી. જેને૦
ચાકરી કેવી આકરી છે તે, જાણી શકે શું શેઠ ?
દુઃખ દબાણ સદા સમજે છે, હોય દબાણો હેઠ;
ભુખ્યાનું દુઃખ શું જાણે, જમ્યો હોય ભાવતું ભાણે ? જેને૦
કાનમાં વેણ કઠોર પડયાથી. ઉપજે તાપ અમાપ,
બાણ ખુંચ્યું હોય હાય હૈયામાં, કેવો કરે છે કાપ?
થયો હોય મ્હાવરો જેને, પૂછો જઇ પ્રેમથી તેને. જેને૦
શંખણી સાંપડી હોય તે નારી, કેવો કરાવે કલેશ?
કર્મતણા કોઇ કારમે યોગે, વંદી વગોવે વેશ;
દિએ દાગ દેહમાં દારા, એથી વનવાસીઓ સારા. જેને૦
મૂર્ખ પ્રજાથી માતપિતાનું, અંતર જે અકળાય,
લાજ પ્રતિષ્ઠા જાય લુંટાતાં, ધુળધાણી ધન થાય;
દિવાના દિકરા જેના, ભવે ભાઈ ભોગ છે તેના. જેને૦

મૂર્ખ પ્રજા હોય હાય પનારે, પૂર્વનાં પૂરાં પાપ,
સારી પ્રજા હોય સાંપડી તેવા, તેનો ન જાણે તાપ;
બળે છે બહુ બિચારા, એવાથી વાંઝિયા સારા. જેને૦
નાથ તજી પરલોક જવાથી, બાલપણે રંડાય,
હડહડ થાય બધેય બિચારી, કેમ કરી ભવ જાય?
સુવાસણુ હોય જે નારી, શકે કેમ તે વિચારી? જેને૦
આંખ ફરે કોઇ રાયની ત્યારે, રાંક બિચારી લોક,
હાનિ હજારગણી થકી હારી, કેવો કરે છે શોક?
આવે જળ હેઠળ જ્યારે, સાચું સમજાય ત્યારે. જેને૦
બાલક રોતું હોય તો તેનાં, અવળાં ઓસડ થાય,
ભૂખમાં ડામ દિએ છે ડાબી, પીડ થતાં દૂધ પાય;
એને થાય દુઃખ આ ટાણે, કહો કોણુ જઇ મટાડે? જેને૦
વ્હાણુ ભાગે ભરસાગરે ત્યારે, ઉપજે જે ગભરાટ,
બાલ બચ્ચાંના થાય વિલાપો, હાયરે હૈયા ફાટ;
એને જે અંતરે થાશે, બીજાથી કેમ કળાશે? જેને૦
નિર્ધનનો તો કયાંઈ ધડો નહિ, કોઇ સુણે નહિ વાત,
એક સાંધે ત્યાં તેર તૂટે છે, દોડે ભલે દિન રાત;
ધનિકને હોય શું પીડા? કરે કલ્લોલમાં ક્રીડા. જેને૦
ટાઢ અને તડકાનાં દુઃખો, દુર્બલજનને થાય,
આધિ વ્યાધિ ઉપાધિ પડયાથી, જીવ ઘણાના જાય;
વાણી નથી પોંચતી એને, કહી સમજાવીએ કેને? જેને૦
પુત્ર કલત્ર સંબંધી વિયોગે, અંતર જે અકળાય,
ધાયું ન ઉતરે પાધરું પ્યારાં, ધામ, ધરા, ધન જાય;

જુઓ જીવતાં વરઘોળા, વાગે છે ગેબી ગોળા. જેને૦
હોંશવડે હથિયાર સજીને, રણમાં મેલે કાય,
અંતરની બહુ કાલની આશા, અંતરમાંહી સમાય;
કહો તે કેમ કળાશે, બીજાને દુઃખ જે થાશે? જેને૦
સુખ નથી સંસારમાં સાચું, સંબંધનું પણ તેમ,
ધામ, ધરા, ધન કામ ન આવે, આંખ નિહાળે એમ;
ભારે યશ વૈભવવાળા, રૂએ છે કૈંક રેજાળા. જેને૦
પિંજર પંખી વિયોગ થવાથી, ધન જોબન છે ધૂલ,
પ્રેમ અને પરિચય પોતાનો, છે બંધનનું મૂલ;
ભલે મોજ કેશવ માણે, મુઆ પછી સૌ મસાણે. જેને૦

કેશવ કૃતિ.

૫૪

મનહર માલા.

અ

પાણી–સ્વમહિમા વિષે.

પાણી વિના મોતી કોઇ હાથમાં ધરે ન જોઈ,
પાણી વિના સારી તરવાર બે બદામની;
પાણી વિના અશ્વને ખરીદે નહિ સોદાગર,

પાણી વિના કામિની સેવા ન કરે શ્યામની;
પાણી વિના સાગર સમાન સરોવર સૂતાં,
પાણી વિના નયનોની ઉપમા ન વામની;
કેશવ કહે છે રામકાણી હાય પાણી વિના,
પાણી ગયા પછી કાયા કારમી શું કામની?
પાણી વિના કોહિનૂર કોડીની સમાન હોય,
પાણી વિના જાતી રહે જામસાઈ જામની;
પાણી વિના હાથમાં હુકમ કેમ રહી શકે?
પાણી વિના શોભા શાની હોય ધન ધામની?
પાણી વિના પગરણ પૂરું નહિ થાય કોઈ,
પાણી વિના સહાય કરે શું રાજા રામની;
કેશવ કહે છે પાણી સાચવ સુજાણ નર,
પાણી જાય પછી પ્રભુતાઈ ભાઈ નામની.

ઉદ્યમ વિષે.

ઉદ્યમથી એકલો હજારને હઠાવી દીએ,
ઉદ્યમથી ધન ધામ ધરામાં વધાય છે;
ઉદ્યમથી રાજ્ય અધિકાર કાંઇ દૂર નથી,
ઉદ્યમથી વશ દેવ દાનવ કરાય છે;

ઉદ્યમથી વિપત્તિઓ તરત વીંખાઇ જાય,
ઉદ્યમથી ધૂળમાંથી સોનું સરજાય છે;
ઉદ્યમથી સફલ કરાય નિજ જન્મ જાત,
કેશવ કહું શું સહુ વાતે સુખ થાય છે.
દૈવની ઉપર તમે શીદ દોષ દિઓ ભાઇ,
માથે હાથ મેલીને શા માટે મિથ્યા રડો છો;
ઓઠા જેવા અતિ મૂઢ રાગ રંગ માંહિ રૂઢ,
બીજાઓને આડા આડા આવી બહુ રડો છો;
આંખ છતાં અંધ થઇ ઉદ્યમ વિનાના રહી,
ઘરમાં ઘલાયા રહી પડયા પડયા સડો છો;
ઉદ્યમ કરો તો પડે ખબર કેશવ ખરી,
કેવી રીતે ઉંચે ઉંચે ચોંપ વડે ચડો છો.
ઉદરની ચિંતા કશી ઉદ્યમીને હોય નહિ,
ઉદ્યમીની આગળ ધનિક ધક્કા ખાય છે;
ઉદ્યમી આકાશ ને પાતાલ એક કરી શકે,
ઉદ્યમી ઉભય લોકમાંહિ વખણાય છે;
ઉદ્યમીને ઇશ્વરનું પદ પણ દૂર નથી,
ઉદ્યમી સહજ વાતમાંહિ વધી જાય છે;
કેશવ કહું શું કલ્પવૃક્ષ કે તે કામધેનુ,
ચિંતવ્યા પ્રમાણે લાભ અપાર પમાય છે.

क

અધિકાર વિષે.

અધિકાર વિના કામ કશુંય કરાય નહિ,
અધિકાર વિના માન મોત ઉપજાવે છે;
અધિકાર વિના ખાનપાન ઝેરરૂપ થાય,
અધિકાર વિના સુખ–સંપત ડરાવે છે;
અધિકાર વિના અધિકાર સચવાય નહિ,
અધિકાર વિના કોણ જંગલ વસાવે છે;
કેશવ કહે છે દષ્ટિ આગળ દેખાય બધું,
અધિકાર વિના કોણ દેશને બચાવે છે.
શિયાળથી સિંહતણો વેશ સચવાય નહિ,
સુતરના તાંતણાથી હાથી કોણ બાંધે છે?
પાષાણનું પૂતળું પાણીમાં કેમ તરી શકે?
કથીરની કુલડી કરીને કોણ રાંધે છે?
સાકરના માટલાને મંકોડો શું તાણી શકે?
કાળજું ફાટે તો શીંદરીએ કોણ સાંધે છે?
કાગળની હાંડી વડે કેશવ તરે છે કોણ?
અધિકાર વિના એમ વાત બધી વાંધે છે.

૬

વાણી વિષે.

વાણી વડે બોધ થાય વાણીથી વિરોધ થાય,
વિદ્યાકલા કુશલતા વાણીમાં સમાણી છે;
વાણી વડે હેત પ્રીત હર્ષ-શોક સમજાય,
વાણી બધા વ્યવહારતણી મહારાણી છે;
વાણી વડે ગાન, તાન, માન અભિમાન પણ,
વાણી વડે પંડિતપણાનું ખરૂં પાણી છે;
કેશવ કહે છે વાણી એક જો ન હોય ભાઇ,
અંતર સમજવાની પૂરી રામ કાણી છે.

૭

ગરજ વિષે.

ગરજથી ઝેર જેવાં વચન સહન થાય,
ગરજથી ભૂખ દુઃખ ભુલાઇ જવાય છે;
ગરજથી દેશપરદેશ સઉ દોડયા જાય,
ગરજથી જાણી જોઇ જીવન તજાય છે;
ગરજથી સંપ સરસાઇ લોક સાથે રહે,
ગરજથી ટાઢ તાપ સહન કરાય છે;

કેશવ કહું શું ગોળ કરતાં ગરજ ગળી,
ગરજ સરે તો પછી કોણ કોનું થાય છે?

फ

આશા વિષે.

આશાનો અંકુર અતિ ઉંચો ઉંચો ચાલ્યો જાય,
તંતુ તેના આમ તેમ આડા પથરાય છે;
ફૂલ ફૂલ આવે કે ન આવે તેનો મેળ નહિ,
અંતર–કયારામાં અતિ મૂલ જામી જાય છે;
આકાશની પેલીકોર ભુવનને ભેદી જાય,
પાપરૂપ પાણીથી પોષણ તેનું થાય છે;
કેશવ કહે છે દેવ માનવ દાનવ સહુ,
વડવાનરાની પેઠે એમાં અથડાય છે.

કેશવકૃતિ.

ભાઈશંકર પુરુષોત્તમ

૫૫

મનને ઉપદેશ.

રાગ-ધનાશ્રી.

જય જય નિત્ય હરિ, ભજ મન, જય જય નિત્ય હરિ. ધ્રુવ.
ખેલી બાળપણું તેં ખોયું, જોબન કપટ કરી. ભજ૦
ઈશ્વિર ભજન કથા કે કીર્ત્તન, સુણ્યાં ન ધ્યાન ધરી. ભજ૦
પુણ્ય માર્ગમાં પાઈ પણ દેતાં, દૂરથી જાય ડરી. ભજ૦
આ પર લોકે સુખ થવાની, વસ્તુ નાહિ ભરી. ભજ૦
ભાઇશંકર ધ્યાન લગાવી, લેને ધર્મ વરી. ભજ૦

કાવ્ય પ્રેમી.

૫૬

વસન્ત વિલાસ.

રાગ-કાફી, તાલ-દિપચંદી.

(સાંવરો અજ હું નહીં આયો-રાહ)
આવોને તમે વસન્તવિલાસી, વિલાસી, આ૦
ભલે રહે દૂર ઉદાસી. આ૦
શ્વેત બગો ને હંસો શ્વેત છે,

ભેદ રહ્યો નથી ભાસી;
ક્ષીર નીર જૂદાં કરવા સમે,
બગ તે રહે છે બગાસી,
હંસો મળી કરે હાંસી. આ૦
કાચ અને મણિમાં નજરે કાંઇ,
વધઘટ રહી ના વિકાસી;
કરીએ કસોટી તો તે વખતમાં,
ખરી મણિ કિંમત ખાસી,
કાચની પડશે ક્યાશી. આ૦
તેમ વસન્તે જોશો તમે તો,
વનમાં કોકિલ કાગ વાસી;
શ્યામ રંગ તે બેઉનો સરખો,
હોયે કોકિલ હુલાસી,
સુજન દે છે સાબાશી. આ૦
બલિહારી આ બહાર વસન્તને,
વન વન આવે સુવાસી;
ખીલે પુષ્પ ભ્રમર પણ ખીલે,
દિલજાન તે ખીલે દાસી,
રંગેથી આપે રતાશી. આ૦

કાવ્ય પ્રેમી.

૫૭

રમુજી—ચોરી.

લાવણી.

ચોર મળીને જવા ચોરવા, વિચાર કરવાને બેઠા,
કોણ કહો ધનવંત જગતમાં, હાથ પડે ન કદિ હેઠા?
ત્યારે બોલ્યા ત્રણ છે દેવો, બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર મહા,
ચાલો એક તણે ઘર જઇએ, કામ આપણું થાય તહાં. ૧
પ્રથમ દેવ બ્રહ્મા છે માટે, જવું તેહને ઘેર હવે,
એક કહે એ ભિક્ષુક બ્રહ્મા, મળશે શું તે ઘેર જવે?
અજગલઆંચળ, ઉંટપૃષ્ટ, ને શ્વાનપૂછડી વૃથા કરી,
વૃથા કર્યાં વળી કૃપણ લોકને, બ્રહ્મમૂર્તિ તેથી ન ઠરી. ૨
પૂજા થાતી અન્ય દેવ સમ, મૂર્તિ રૂપે નથી જુઓ,
તેને ઘેર જવાનું ધારી, શીદ વખતને વૃથા ખુઓ;
બીજો કહે લક્ષ્મીપતિ વિષ્ણુ, લક્ષ્મી કેરી ત્યાં છે લ્હેર,
વાત બધી પડતી મૂકીને, ચાલો જઇએ તેને ઘેર. ૩
એક કહે જાશો ત્યાં પણ તે, લક્ષ્મીને હૃદયે રાખે,
કદિ અળગી નહિ મૂકે તેને, નહિ અડખે પડખે નાખે;
ફોકટ ફેરો થશે તમારો, નહિ પામો ત્યાં દ્રવ્ય જરા,
રાજેશ્વરનું નામ ધરાવે, શંકર ઘર ભંડાર ભર્યાં ૪

ચાલો નિશ્ચે તેના ઘરમાં, સુણતાં સૌને ઠીક ઠર્યું,
રાતે શંકરને ઘર જાવા, સૌ ચોરે ચિત્ત એક કર્યું;
કો ઠેકાણે અલમ જડે કાં, ચડે ચીપીઓ હાથ વિષે,
ધાતુપાત્રો ધરવા જાએ, હાથ પડે નહિ કોઈ દિશે. ૫

કાંતો મૃગનું ચર્મ મળે કાં, હાથ ભરાયે કનકફળે,
એમ રાત આખી ઢંઢોળ્યું, શંકરનું ઘર સ્થળે સ્થળે;
રાત ગઈ ને ભૂખ પણ લાગી, ખાવું શું ? તે પૂછે છે,
એક બીજી ઉતરેડ ઉતારી, ખાવાનું સૌ ગોતે છે. ૬

રાત વખતના અંધારામાં, સૂજ પડે નહિ અકળાણા;
ભાળી ગાંજો, ભાંગ, ધંતૂરો, ચોર સરવ ત્યાં મુંઝાણા,
એમ ગોતતાં માજમ કેરાં, ગળ્યાં ચોસલાં કયાંય જડયાં,
રાજી થઇને ઘણી મિઠાઇ, સૌકો ખાવા ખૂબ ચડયા. ૭

ધરાઇને પછી પાણી પીધું, ઘડી એક બે ત્યાં વીતી,
દાંત કાઢીને ચાળા ચસકા, કરવા લાગ્યા ગત ભીતિ;
સવાર થઇ પણ સાન ન આવી, આનન જોઇ સર્વ હસે,
ભૂતાવળ આ શંકર કેરી, નૃત્ય કરી શે દામ જશે. ૮

કાવ્ય પ્રેમી.

વિશ્વનાથ સદારામ પાઠક.

૫૮

પ્રભુપ્રતિ નમન.

મનહર છંદ.

જે હરિ સૂતો છે હરિ તણી શય્યા કરી જેણે,
હરિને કર્યો છે ફોજદાર ન્યાય તોળવા;
હરિથી વિંટાએલા હરિને જેણે કીધો વળી,
હરિપુત્ર તણું જેમ મેલ્યો હરિને ખોળવા;
હરિ તણો પુત્ર વળી હરિથી વીંટ્યો છે જેણે,
જે હરિએ હરિને હરાવી માર્યો પ્રાણથી;
તે હરિના અન્ય વેશને હરિ નમે છે જેમ,
વિશ્વનાથ વિશ્વનાથને નમે એ જાણથી.

૫૯

વિચારીને કર્મ કરવા વિષે,

(નિર્ધનકો ધન રામ, અમારે......એ રાહ)

કર્મ વિચારી કરે, ભલા નર કર્મ વિચારી કરે. ધ્રુવ.
તું જાણે જે મારૂં કીધું, પર વિત્ત નહિ સંચરે;
પણ સૌનો દ્દષ્ટા છે ઇશ્વર, ક્ષણ ક્ષણ નોંધો ધરે. ભલાનર૦
ઘરમાં કે દરમાં, વગડામાં, કર પર્વતશીખરે;
જ્યાં કર ત્યાં પરમેશ્વર પેખે, એ નિશ્ચય છે ખરે. ભલાનર૦

પ્રભુરૂપી પૃથ્વી રસબસ છે, વાવ્યું તે ઉધરે;
બાવળ બી વાવી આંબાની, આશા તું મા કરે. ભલાનર૦
સુખ ઇચ્છે તો સૌને સુખનાં, સાધન દેવા ફરે;
સુખ મેળવવા દુઃખ દઇ પરને, શા માટે તું ફરે ? ભલાનર૦
કરે તેવું તું પામે જગમાં, નર કે'વત ઉચરે;
તો મનવા શુભ કર્મો કરને, વિશ્વનાથથી ડરે. ભલાનર૦

૬૦

વિવેક.

મનહર છંદ.

ત્રાજવાનું તોલવાળું છાબડું તે નીચે બેસે,
તુચ્છ તોલવાળું તે ઉંચે જતું જણાય છે;
તોયની ઉપર જે તરેલું તેનું તુચ્છ તોલ,
નીચે જે બેડું જ તોલવાળું તો ગણાય છે;
તોલવાળો તોયદજ નીચે તુટી પડે જુઓ,
તોલ થોડા વાળોજ, ઉંચે અતિ જણાય છે;
વજનવાળા વિવેકી પુરુષો તે નીચે નમે,
હલકાજ હલકી હવા જેવા જણાય છે.

૬૧

જર વિનાનું જીવન વ્યર્થ છે.

મનહર છંદ.

ભલી ભલી ભાતતણું, ભોજન જમ્યા તથાપિ,
ભૂખ નહિ ભાગી ત્યારે વ્યર્થ ભોજનેય છે;
પથ કાપવા માંડયા તથાપિ પંથ કપાયો ન,
ત્યારે ચાલ્યા ન ચાલ્યા લોકો બધાં કહેય છે;
પ્રૌઢ પલંગમાં પોઢયા તથાપિ ન નિંદ પેખી,
ત્યારે સુતા ન સુતા જેવું બધે સુણાય છે;
જગતમાં જનમીને જર નહિ પામ્યા ત્યારે,
જીવ્યું તે ન જીવ્યા જેવું જુગતે જણાય છે.

૬૨

વિચારીને ખર્ચ કરવા વિષે.

મનહર છંદ.

ઉંચાણથી ઉતરી નિચાણમાં આવવું એતો,
સેંલું પણ નિચાણથી ઉંચું જવું આકરૂં;
દશ વીશ દેડકાના જત્થાને વછોડી નાંખે,
પણ દશ વીશ લાવવાં તે નહિ પાધરૂં;
હજારો રૂપીઆ તણી હવેલીને તોડી પાડે,
પણ હજારોની ઉઠાવવી મુસ્કેલ છે;
હાથમાં આવેલા દામ દળીતો નંખાય પણ,
દળેલા આખા કરવા તે અતિ દોહેલ છે. ૧

તલને પીલીને તેલ કાઢી તો શકાય પણ,
તેલમાંથી તલ ઉપજાવવા કઠણ છે;
તેમ થોડી મહેનતનું કામ તો સહેલ થાય,
ઝાઝી મહેનતનું ન બને એ રટણ છે;
માટે મળેલી મુડીને વાપરતાં વારે વારે,
કેમ મેળવાશે એવો વિચાર તો લાવવો;
પુન્ય દાન સત્તાના પ્રમાણમાં કરીને ઘણો,
મનતણો દયા ભાવ મનને બતાવવો. ૨

૬૩

કવિ અને ચોર.

મનહર છંદ.

શોધે છે સુવર્ણ સારા સારા કવિઓ બધાય,
ચોર પણ તેમ તેને શોધતા જણાય છે;
રજનીમાં રમવાનું રસિક ગણે છે બેઉ,
ખૂણે ખોચરેથી તેઓ ખોળતા જણાય છે;
જાણે નહિ કોઇ જન તેમ તેઓ બંને જણા,
છાના છાના પોતા કેરા કામમાં કળાય છે;
એમ કવિ અને ચોર બંને એક રૂપ હોય,
રાજ્યમાં હણાય ચોર કવિઓ મનાય છે.

૬૪
ઉંચ નીચ અધિકારી વિષે.

મનહર છંદ.

ઉંચી ટેકરી ઉપર ગએલો આઘુ જુએ છે,
નીચાણના નિવાસીની નજર ન એટલી
ઉંચે ગએલો જો આઘે જોઇ શકે નહિ તો તો,
આંખમાં કચાશ જુઓ નહિ જાણું તેટલી;
ઉંચા અધિકારવાળા માણસોની એમ વૃત્તિ,
લાંબે જોવાપણા વડે ભરેલી જણાય છે;
લાંબે જોવાપણું તેમાં આવેલું ન હોય તો તો,
વિશ્વનાથ નીચો અધિકારી તે ગણાય છે.

૬૫
થવું હોય તે થાય.

દોહરા.

આશીર્વાદ મળે બધે, ગાળો વળી ખવાય;
પણ તેમાંનું શું બને ? થવું હોય તે થાય. ૧
રાણુ અને લીંબોળીઓ, રવિ તાપે પોષાય;
મીઠી ને કડવી બને, થવું હોય તે થાય. ૨
બળદોના બળથી બધે, બહુ અન્ન પકવાય;
ભોકતા તેનો કોક છે, થવું હોય તે થાય. ૩
ઉંદરના દાંતો વડે, મોટાં દરો ગળાય;

ભુજંગ તેને ભોગવે, થવું હોય તે થાય. ૪
આવે દુઃખ આ દેહમાં, પીડા પામે કાય;
પણ આંસુ આંખે વહે, થવું હોય તે થાય. ૫
જોષી જોષ જુએ ઘણા, જન્મોતરી શુભ થાય;
પણ પીડા આવી પડે, થવું હોય તે થાય. ૬
'વિચારેલ વાયે ચડે, અવિચારેલ ભળાય';
એ કે'વત કે'વાય છે, થવું હોય તે થાય. ૭
નાળિયેરના મધ્યમાં, નિર્મળ નીર નિરખાય;
તે ક્યાંથી આવી વસે? થવું હોય તે થાય. ૮
ચિત્તચોરક ચળકે ગ્રહો, ગ્રહણ થએલ જણાય;
નભમાં પણ તે નિયમ છે, થવું હોય તે થાય. ૯

૬૬
પ્રાસ્તાવિક.
દોહરા.

સજ્જનથી દુર્જનતણા, હોય વિભિન્ન વિચાર;
પડછાયો રવિના થકી, ઉંધો છે સૌ ઠાર. ૧
નિર્બળ પણ દુઃખ આવતાં, હાથ ગ્રહે તરવાર;
પારેવું પત્થર ચરે, મળે નહિ જો જાર. ૨
દુર્જનની પાસે નહિ, સજ્જન જતો જણાય;
લીલા ઝાડ ઉપર નહિ, પારેવું પેખાય. ૩
અદેખાઇ વાળા નરો, બળી બળી સુકાય;
જળધીનું જળ આવતાં, જુઓ જવાસો જાય. ૪

આ સંસારી ચીજ સૌ, સુખ કરનારી થાય;
'સાપ સંઘર્યો કામનો', કે'વત એ કે'વાય. ૫
જે જેને મનમાં વસે, માગે તેહ હમેશ;
વાળાનો દરદી નહિ, વૃષ્ટિ ઇચ્છે લેશ. ૬
સારાની સંગત વડે, સારા સર્વ ગણાય;
મેઘસંગથી કાચબી, મેઘધનુષ કે'વાય. ૭
નહિ કરવાના કામમાં, કરવી શાને પ્રીત;
વેચી ઉંઘ ઉજાગરો, લેવી તે શી રીત? ૮
વગર વિવેકતણી બધી, વિદ્યાથી શું થાય;
વગર એકડાનાં બધાં, મીંડાં વ્યર્થ ગણાય. ૯

મણિશંકર રત્નજી ભટ્ટ.

૬૭

સાગર અને શશી.

રાગ—શંકરાભરણ.

આજ મહારાજ! જલપર ઉદય જોઇને,
ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે!
સ્નેહઘન કુસુમવન વિમલ પરિમલ ગહન,
નિજ ગગનમાંહિં ઉત્કર્ષ પામે!
પિતા! કાલના સર્વ સંતાપ શામે!

નવલરસધવલ તવ નેત્ર સામે,
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !
જલધિજલદલ ઉપર દામની દમકતી !
યામિની વ્યોમસરમાંહિં સરતી !
કામિની કોકિલા કેલીકૂજન કરે !
સાગરે ભાસથી ભવ્ય ભરતી !
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !
સરલ તરણી સમી સરલ તરતી !
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !

કાવ્ય માધુર્ય.

૬૮

માનસ-સર.

અંતર ઉછળ્યું હો-સહસા ધૈર્ય ગળ્યું હો. ધ્રુવ૦
ક્ષોભ થયો વૃત્તિમાં અતિશય, તરંગ જબ્બર ચાલે,
માનસ-સર મારૂં ડોળાયું, ખૂબ ચલિત જલ હાલે;
સ્થાનક ન મળ્યું હો. સહસા.
હાય ! વધે જલ, અલ્પ દિસે સ્થલ, છેવટરે શું થાશે ?
નાજુક પાવ પ્રચંડ ભરાવો, હા ! શી રીત સમાશે ?
જલબલ ન ચળ્યું હો. સહસા.
આવે ઉગ્ર ઉછાળા ઉપર, તોફાન ખરૂં જામે,
નાનું સર, દેખાવ ભયાનક, શાથી સઘ વિરાગે ?
પાછું ન વળ્યું હો. સહસા.

રંગ ગયો બદલાઈ ખરેખર! નિર્મળતા પણ ઉડી,
જલસેના ઉભરાવા માંડી, પાળો પણ ગઈ બુડી;
સ્થળ સાથ ભળ્યું હો. સહસા.
ઉપર થઈ ઢોળાય બધેથી મસ્ત ધોધવા દોડે.
જંગ બરાબર થાતાં નિર્બળ પરિસીમાને તોડે,
આખર ન કળ્યું હો. સહસા.
કાવ્ય માધુર્ય.

૬૮

વહાલાંઓને ઉપદેશ.

(ઓધવજી સંદેશો કે'જો શ્યામને-એ ઢાળ.)

સાંભળજો, વા'લાંઓ! વચનો દીનનાં,
દીનપણું છે પરમ દયાનું પાત્ર જો!
મોટો એ અધિકાર તમારો માનવી;
અધિકારી છો જેનાં માનવ માત્ર જો! **સાંભળજો.**
એક પિતા પરમેશ્વર જાણો આપણો,
નિકટ સગાંઓ સમજો ભાઈ બેન જો!
નીકો નાની મોટી જે જીવો તણી,
વહતું તેમાં એક અખંડિત વે'ન જો! **સાંભળજો.**
હસનારાંઓ સાથે હસવાનું ઘટે,
રડનારાંની સાથે રડવું તેમ જો!
એક બીજાંનાં આંસુડાંઓ લૂછતાં,
ઉંચાં ચડશો સ્ત્રી પુરુષો સૌ એમ જો! **સાંભળજો.**

મણિશંકર રત્નજી ભટ્ટ

ભૂતદયા છે ધર્મ બધાના મૂળમાં,
સઘળાએ સંતોનો એ ઉપદેશ જો!
દિવ્ય દયાસાગર, યાચંતાં આપજો,
દીનજનોને અમને એનો લેશ જો! સાંભળજો.

કાવ્ય માધુર્ય.

૭૦

અતિજ્ઞાન.

વસંતતિલકા.

ઉદ્ગ્રીવ દષ્ટિ કરતાં નભ શૂન્ય ભાસે,
આંખી દિશા પણુ જણાય અનિષ્ટ પાસે;
જામી ગઇ તરત ઘોર કરાલ રાત,
લાગી બધે પ્રસરવા પુરમાંહિ વાત.

અનુષ્ટુપ.

ઇંદ્રપ્રસ્થે જનો આજે, વિચાર કરતાં હતાં;
એક બાબતને માટે, શંકા સૌ ધરતાં હતાં.

ઉપજાતિ.

સુયોધન પ્રેષિત દૂત એક,
દેખાવમાં ઘાતક દુષ્ટ છેક;
જતો હતો અંધ થતી નિશામાં,
સુગુપ્ત રાજગૃહની દિશામાં.

અનુષ્ટુપ.

શાને આવ્યો હશે તેની કલ્પનાઓ ચલાવતા;
ભય સંદેહ દર્શાવી શિર કોઇ હલાવતા.

વંશસ્થ.

નિગૂઢ શંકા પુરવાસીઓની આ!
જરાય નિષ્કારણ તો નહોતી હા!
કરેલું આમંત્રણ ધર્મરાજને,
રમાડવા ધૃત અનિષ્ટભાજને.

અનુષ્ટુપ.

હા કહીને રજા આપી યશસ્વી જ્યેષ્ઠ પાંડવે;
બોલાવ્યા ત્રણ બન્ધુને મળવાને પછી હવે.

દ્રુતવિલંબિત.

શિશુ સમાન ગણી સહદેવને,
ખબર આ કંઇએ ન કર્યા હતા;
અવર સર્વ ગયા નૃપની કને,
પરમ દુઃખિત અંતરમાં થતાં.

અનુષ્ટુપ.

કનિષ્ઠ દ્રૌપદી સાથે પોતાના વાસમાં હતો;
સતી ખેદ હતી જોતી વદને વધતો જતો.

વંશસ્થ.

ત્રિકાલનું જ્ઞાન હતું કુમારને,
નજીક આંખે નિરખે થનારને;

સ્વપક્ષનો ઘૂતવિષે પરાજય,
વળી દિસે દ્રૌપદી માનનો ક્ષય.

અનુષ્ટુપ.

જાણે બધું તથાપિ કંઇ કહેવાની રજા નહિ;
શમાવી ન શકે તેથી મુંઝાય મનની મહિં.

વંશસ્થ.

નહિં શકું છેક બચાવી કોઇને,
અશક્ત જેવો રહું બેસી રોઇને;
ખરો ! દિસે દુઃખદ શાપ આ મને,
નિહાળું છું ભૂત ભવિષ્ય જે કને.

અનુષ્ટુપ.

હા ! ધિક હા ! ધિક કૃતઘ્ની હું આમ મૌન ધરી રહું;
આવતું વાદળું દેખી મુખથી ન કંઈ કહું.

વંશસ્થ.

વિચારતાં નેત્ર જલે ભરાય છે,
શરીરનું ચેતન ત્યાં હરાય છે;
લઇ જઇને પ્રિય વક્ષની સમી,
ગ્રહી કરે મસ્તકથી રહ્યો નમી.

અનુષ્ટુપ.

રહી જરા ફરી પાછો, છૂટો થાય શરીરથી,
કમે, સ્પર્શ કરું શું હું ? અધિકાર જરા નથી.

વંશસ્થ.

"કરાય શું ? નિષ્ફલ જ્ઞાન સર્વ આ,
થનાર ચીજો ન૨ થાય અન્યથા;
સદૈવ ચિન્તા દિલમાં વધ્યા કરૂં,
અનેક હું એકલડો સહ્યા કરૂં.

પુષ્પિતાગ્રા.

રજની મહિં સુખી ઘણીક વેળા,
નયન મળે નહિ ઉંઘ જાય ચાલી;
કરી તુજ શિરકેશ સર્વ ભેળા,
વદન સુધાકરને રહું નિહાળી."

ઉપજાતિ.

આવું કહ્યું ત્યાં શિર-શૂળ ચાલ્યું,
રહ્યું નહિ મસ્તક મત્ત ઝાલ્યું;
મારી કુમારે અતિ આર્ત-હાય,
કહ્યું 'હવે એકજ છે ઉપાય.'
ચાલી જરાને ગ્રહી એક શીશી,
પ્યાલી ભરી દંતથી ઓષ્ઠ પીસી;
ખાલી કરી કંઠ વિષે ત્વરાથી,
ગયો બધો એ બદલાઇ આથી.

અનુષ્ટુપ.

સતી બેભાન શય્યામાં ગંધથીજ પડી ગઇ;
સુનો જ્યોતિર્ષી પ્યાલીને છાતી સાથે જડી દઇ.

કાવ્ય માધુર્ય.

૭૧
કલાપીને સંબોધન.

(ઓધવજી સંદેશો કે'જો શ્યામને—એ ઢાળ.)

સુરતાની વાડીના મીઠા મોરલા !
ઉછળતા શા ઉરસાગર ઉલ્લાસ જો;
નિર્ઝરતી સૌભાગ્ય સુહાગન જ્યોત્સ્નિકા,
નયણે ઝળકે નમણું નિર્મલ હાસજો !
સુરતાની વાડીના મીઠા મોરલા !
આંજે ને અજવાળે આંખડલી સખી,
અંતર ઉપર ઉઘડે આલમનૂરજો !
'હેત હૈયાંનાં વહતી વાજે વાંસળી' !
ઉડે સ્વર આકાશે અંદર દૂરજો !
સુરતાની વાડીના મોંઘા મોરલા !
નંદનવનના પ્રાસાદોની ટોચથી,
મધુરી કેકા આજે શી ઉભરાયજો !
સુરભિઓની સાથે સંસારે સરી,
અંતર્ધારે, ગીતા શી અથડાયજો !
સુરતાની વાડીના મીઠા મોરલા ?
'તત્ સવિતાનું ભર્ગ વરેણ્યં ધીમહિ'
ગાયત્રીનો જૂનો ભેદક મંત્રજો !
આજે અન્ય પ્રકારે આ માથું નમે,
નમતો સાથે આત્માનો એ તંત્ર જો !
સુરતાની વાડીના મોંઘા મોરલા.

કાન્ત માધુર્ય.

૭૨

મહેમાનોને.

(રાગ ઉપરનો.)

મહેમાનો ! ઓ વા'લાં ! પુનઃ પધારજો !
તમ ચરણે અમ સદન સદૈવ સુહાયજો !
કરજો માફ હજારો પામર પાપ જે,
દિન–ચર્યામાં પ્રભુ પાસે પણ થાય જો !
મહેમાનો ! ઓ વા'લાં ! પુનઃ પધારજો !
ઉન્નત ગિરિશૃંગોનાં વસનારાં તમે,
ઉતર્યાં રંક ઘરે શો પુણ્ય પ્રભાવજો !
શુશ્રૂષા સારી ના અમને આવડી,
લેશ ન લીધો લલિત ઉરોનો લા'વજો !
મહેમાનો ! ઓ વા'લાં પુનઃ પધારજો !

કાવ્ય માધુર્ય.

દેવશંકર વૈકુંઠજી ભટ્ટ.

૭૩

સમય નિરીક્ષણ.

રેખતા છંદ.

દેખી હાલ વ્યવહાર, કરૂં તે પર વિચાર;
સ્હેજ આવે ઉદ્‌ગાર, ભાર ભૂપર વધે છે.

કૂડાં પાપી બહુ લોક, ખરા સત્યવાદી કોક;
એથી વાધે દિલ શોક, ફોક જન્મ કરે છે.
હોય હૈયું હરામ, ન લે ઇશ્વરનું નામ;
કૂડાં રોજ કરે કામ, હામ ધારી હૈયે.
ગયો પાત્રતાનો ભેદ, થયો ધર્મનો ઉચ્છેદ;
પૂર્ણ જાણે ન વેદ, ખેદ ખૂબ કરાવે.
ગુરૂવર્ગ વિના જ્ઞાન, ખોયું આપતણું માન;
કરે રોજ ગાનતાન, ભાન મોજ મજાનું.
કહ્યું નારીનું થાય, પિતામાત ન પૂજાય;
અધિક કામ આડાં થાય ખાય ખૂણે જઇને.
મૂકયો નેવે આચાર, મળી મંડળીમાં યાર;
કરે શોખથી આહાર, પ્યાર ધરે પાનમાં.
કામ શત્રુ છે જેહ, રહી છાનો દે છેહ;
નહિ એમાં સંદેહ, દેહ ગેહ તજાવે.
ક્રોધ કામતણો ભ્રાત, જરા સુણે ન વાત;
સ્હેજમાંહિ કરે ઘાત, તાત માત તજાવે.
લોભ વ્યાપ્યો સહુ ઠામ, એના પાત્ર ગામે ગામ;
કર્યા કેદ સહુ દામ, નામ ગયું પ્રીતિનું.
સત્ય, સંપ, દયા, શીલ, દીધી એના પર સીલ;
થાય ખોટાં બહુ વીલ, દિલ દોષ ધરે ના.
વધ્યા વૈદ્યને વકીલ, ચોંટે જેમ જાણે કીલ;
કરી અણુધાર્યાં બીલ, ઢીલ થતાં ખીજે છે.
પશ્ચિમ દેશતણો ડોળ, વધ્યું તેનું ભડોળ;

ખરી કોણુ કરે ખોળ, ગોળ ખોળ એક છે.
પે'રે ટોપી ને કોટ, બૂટ પે'રી દે દોટ;
રાખી પાપતણી ચોટ, ખોટ ખાય ખલકમાં.
એવી ભૂંડી તજી રીત, કરો પ્રાણી પર પ્રીત;
ધરો વિશ્વતણું હિત, ચિત્ત શુદ્ધ કરીને.
રૂડા સંત બનો હાલ, ધરો ધર્મ તણી ઢાલ;
ઝુઓ હોંશ ધરી વા'લ, ખ્વાસ સત્ય બતાવો.
દેવશંકર જગદીશ, નમું પ્રેમે ધરી શીષ;
સત્ય દેખાડી દિશ, સમુહ સઘ સુધારો.

કાવ્યપ્રેમી.

૭૪

ફટાકા.

પુષ્પિતાગ્રા.

નહિ કદિ દિલથી વિચાર કીધો,
નહિ ડરીને પકડયો સુમાર્ગ સીધો;
નિશદિન લડીને કીધા ધડાકા,
ફટફટ તે નરને કહે ફટાકા.
જનમ ધરી નહિ ભજ્યા હરિને,
નહિ તક આ મળશે તને ફરીને;
તદપિ સુખ બકે જૂઠા તડાકા— ફટ.
સુખ ગચ્યું ઘરનારી છોકરાંનું,
નહિ ગણુકાર્યું જ ડોસી ડોકરાંનું;

જગસુખ નગણે ભીંતે ભડાકા— ફટ.
પળ પળ ન ગણી ગણ્યા ન દિનો,
ઝટ ઝટ એમ ગયો વહી મહિનો;
તદપિ હરિ ભજ્યા તણા ભડાકા— ફટ.
વરસ પૂરૂં થયું દિવાળી આવી,
પણ શઠને દિલનો સુબુદ્ધિ નાવી;
સમજુ મનુષ્યમાં રહ્યા જ વાંકા— ફટ.
બુધજન સહુને કહી બતાવે,
વળી સુમતિ દઈ વેમને પતાવે;
તસુ પણ ન ચીરે ભરેજ તાકા— ફટ.
ગત વરસવિષે કરેલ કર્મો,
મહિં દિલથી તું વિચાર મુખ્ય મર્મો;
સદય હૃદયની તૂટી શલાકા— ફટ.
અમુક સમયની અમુક રીતિ,
સહુ જનને સુખદાઇ જે સુનીતિ;
નવ સમજી કરે વિચાર પાકા— ફટ.
ગુણીજન મૂલ કાળનું વિચારી,
સ્વધરમ શાન્તિ દયા ક્ષમા સ્વીકારી;
દિલ રીઝી ધર સત્યની પતાકા,
ફટ ફટ તો ન કહે તને ફટાકા.

કાવ્યપ્રેમી.

૭૫
અજીર્ણ-આરતી.

જય ચૂરમેશ્વર ચાહક, જય લાડુભટજી;
મહારથી મહાનસના, અરજ સુણો ઝટજી. જય દેવ જયદેવ.
પ્રસિદ્ધ લડુકપંથ, છે થેપલી માતા, (૨)
સેવન કરતાં થાતા, અતિ રાતા માતા. જય દેવ૦
સુણી ચોરાશી નામ, હરખ બહુ પામો, (૨)
આગળના બે ટંકો, જમવાનું વામો. જય દેવ૦
અધમોદ્ધારક માટ, રસ્તો રાખ્યો છે, (૨)
ત્રિપિંડીથી ત્રણ લોક, મોક્ષજ દાખ્યો છે. જય દેવ૦
એકેથી દશ પાંચ, લાડુ દાળ વિના, (૨)
આપ જમો છો પ્રીતે, કુંડલીયુત ઘીના. જય દેવ૦
વીશે અર્ધ આહાર, આપતણો જોણું, (૨)
પાણી પી પચ્ચીશે, ભરો ફરી ભાણું. જય દેવ૦
પાપડ શાક અથાણું, જમવા નહિ રાજી, (૨)
સુણી 'વિપ્રોને લાડુ', માગો છો ગાજી. જય દેવ૦
ધીંગાણું ઘણી સાથ, બાથ ભરી કરતા, (૨)
પ્રસાદ નવ રે' પાછળ, ચિંતા નથી ધરતા. જય દેવ૦
થાતાં પૂર્ણ આહાર, તાણુ કરે કોઇ, (૨)
પાંચ જમો છો પ્રીતે, તેથી રહું મોહી. જય દેવ૦
પપાળીને પેટ, ઓહીઆં કરી ઉઠો, (૨)
ઘેનસહિત નયણાથી, આપ અધિક ત્રૂઠો. જય દેવ૦
પાચન પળમાં થાય, એ શક્તિ ભારી, (૨)

જઠરાગ્નિના બળ પર, જાઉં બલિહારી. જય દેવ૦
મોદકવાર ત્રિપિંડી, તિથિનું વ્રત કરશે, (૨)
ચૂરમેશ્વરને ભજતાં, સહજ ઉદર ભરશે. જય દેવ૦
આ આરતી જન કોઇ, લાડુ જમી ગાશે, (૨)
અજીર્ણ તો નહિ થાશે, વપુ વય વધી જાશે. જય દેવ૦
ઘૃતસાકરની સાલ્લ, માસ શ્રાદ્ધ આવ્યો, (૨)
ગોધુમચૂર્ણા તિથિએ, મહિમા પ્રસરાવ્યો. જય દેવ૦

શાન્તિ પાઠ.

અનુષ્ટુપ.

બધે ગોળત્વ હું દેખું, લાડુમાં ગોળ ભાવ છે;
અભેદ ભાવથી પેખું, તરવાનું ગોળ નાવ છે,
પૃથ્વી ગોળ રવી ગોળ, તારામંડળ ગોળ છે;
દેખી બ્રહ્માંડનો ડોળ, સઘળે ગોળ ગોળ છે.
એ રસે રીઝશે સર્વે, એથી સત્વાંશ ખૂલશે;
સારાં સારાં બધે પર્વે, આપને નહિ ભૂલશે.
વૃષ્ટિ લાડુ તણી થાજો, સૃષ્ટિ સૌ લાડુની હજો;
ગીતડાં લાડુનાં ગાજો, લાડુથી શાન્તિ જામજો.

કાવ્ય પ્રેમી.

ગિરિજાશંકર કરૂણાશંકર ભટ્ટ.

૭૬

દ્વાદશ જ્યોતિર્લિંગની આરતી.

જય જ્યોતિર્લિંગા (૨).

ધ્યાન ધરે જગ તારૂં, તું ત્રિભુવન કરતા. જયદેવ મહાદેવ.
સૌરાષ્ટ્રી સોમેશ્વર, ચંદ્રકળા વાળા (૨)
ભજન કરો નિત્ય ભાવે, છે શિવ કરૂણાળા. જયદેવ.
શૈલગિરિના ત્રટમાં, તુલ્લાદ્રિ શિખરપરે (૨)
શ્રી મલ્લિક-અર્જુનનું, સમરે પાપ ન રહે. જયદેવ.
ઉજ્જન મા'સ્થાનકમાં, મહામુક્તિ દાતા (૨)
પ્રકટ્યા મહાકાળેશ્વર, અઘહર જગત્રાતા. જયદેવ.
કાવેરી નર્મદના, સંગવિષે રાજે (૨)
દક્ષિણમંહિ દયાળુ, ઓંકાર વિરાજે. જયદેવ.
ઈશાનમાં પ્રજ્વલિકા, પાસ વસે શંભુ (૨)
વૈદ્યનાથ વિશ્વેશા, પ્રભુ પ્રતિદિન વંદું. જયદેવ.
મહાદ્રિ પર્વત પાસ, મહામુનિ પૂજ્ય ગણું (૨)
શ્રી કેદાર સમરતાં, છૂટે પાપપણું. જયદેવ.
ગોદાવરી પ્રદેશે, સહ્યાદ્રિ શિખરે (૨)
ત્યાં ત્ર્યંબક-ઈશ્વર તે, જનનાં દુઃખ હરે. જયદેવ.
સદંગ નગ્ર શોભાળું, નૈઋત્યે નાનું (૨)

નાગેશ્વર-ઇશ્વરનું, એ સ્થાનક માનું. જયદેવ.
નિબંધ સેતુ સમીપ, તામ્રપરણી ગાજે (૨)
રામચંદ્રજી સ્થાપિત, રામેશ્વર રાજે. જયદેવ.
ધંડાકિની શાકીની, સૌ ભૂત સદા સેવે (૨)
તે ભીમેશ્વર ભજતાં, વાંચ્છિત સુખ દેવે. જયદેવ.
પૂર્વ દિશે કાશીમાં, વિશ્વેશ્વર શંભુ (૨)
સ્મરતાં કે સાંભળતાં, પાપ બળે સંધુ. જયદેવ.
અરણ્યમાં ઇશ્વર છે, ઇલ્લાપૂર સિંધ (૨)
તે ઘ્રુષ્ણેશ્વર ભજતાં, સુખમાં સર્વ વસે. જયદેવ.
દ્વાદશ લિંગની આરતી, જે ભાવે ગાશે (૨)
ગિરિજાશંકર તેના, ભવનાં દુઃખ જાશે. જયદેવ.

૭૭

મનુષ્ય-ધર્મ.

(ચાલ વેલી અલબેલી પ્યારી રાધે—એ ઢાળ.)

જગાધીશને નમાવ શીશ પ્રાણી,
તારો ધર્મ શું તે વાત લેજે જાણી;
પછી લાગશે સુબોધ શીખ શાણી;
કરવાં રૂડાં રૂડાં કર્મ,
ધરી શર્મ, મનુષ્ય ધર્મ;
કેરો મર્મ, ને અધર્મ,
વાત કૂડી જાણીરે. જગાધીશને૦

મહા વિકટ આ ભવાબ્ધિ પાર જાવું,
વિના સાધને જવાનું શું થવાનું;
દિસે કામ વિકટ નાવ છેક નાનું;
લાગે ભરતી અને ઓટ,
મહા મોટ, મોજાં કોટ;
દિએ દોટ, વિના ખોટ,
લોટ પે ટ, જાણે જાશે તાણીરે. જગાધીશને૦
મળ્યો દેહ મનુષ્ય ઇશને ભજ્યામાં,
ના ગમાવ વખત કૂડને કજ્જામાં;
ભુલ્યો જો કદાચ તો પડયો સજ્જામાં;
વળી આવ્યો એવો જઇશ,
દુઃખી થઈશ, અરર ઈશ ?
પછી કહીશ, કયાં જઇશ,
વળતી રોઇશ, રાગ તાણી તાણીરે. જગાધીશને૦
નથી અમર રાય-રંક કોઇ રે'વાનું,
નાનું મોટું આજકાલ સૌ જવાનું;
પુણ્ય-પાપ એજ સાથ તો થવાનું;
માટે કર હજી વિચાર,
સમય સાર, ઉર ઉતાર;
ન કર વાર, રે ! ગમાર,
ખૂટયું દાણો પાણીરે. જગાધીશને૦

હજી સમજ તો દિસે ઘણુંક સારૂં,
શું હજાર વાર વાર તને વારૂં;
હોય માનવી તો માન કહ્યું મારૂં;
જાગ્યા ત્યાં થકી સવાર,
ગદાધાર, ભજો સાર;
વાર વાર, મોક્ષકાર,
ગીરજાની વાણીરે. જગાધીશને૦

૭૮

સ્ત્રીઓને શિખામણ.

(પડવે પીતાંબર અંબર ઓઢી–એ ઢાળ.)

આદિત–ઉદય અવલ ઉઠીને, નિર્મળ–જળ–મનથીને;
સ્નાન સતીનેરે.— શાણી શીખ સુણો૦
સોમે, સૂમપણું પણ તજજો, ભાવે ઇશ્વર ભજજો;
સુમતિ સજજોરે.— શાણી૦
મંગળે, મંગળ વાત ઉચરીએ, દુર્ગુણને પરહરીએ;
સદ્‌ગુણ વરીએરે.— શાણી૦
બુધજનની નીતિ અનુસરવી, કૂડી વાત ન કરવી;
દયા દિલ ધરવીરે.— શાણી૦
ગુરુએ, ગુરુદંપતીને દ્વારે, પૂજન કરવા પ્યારે;
વિવિધ પ્રકારેરે.— શાણી૦
શુકે, શુક્રનીતિ સમજીને, આળસ અંગ તજીને;

પ્રભુ ભજીનેરે.— શાણી૦
મંદે, મંદ વચન ઉચરીએ, દુરિજનને પરહરીએ;
દિલના ડરીએરે.— શાણી૦
ગિરિજાશંકરની શીખ ધરજો, સૌ સદ્ગુણ સંઘરજો;
વિઠ્ઠલ વરજોરે.— શાણી૦

૭૯

વૈદક વિષે.

ઝેરી જીવ અટકાવવાનો ધૂપ.

છપ્પો.

ગંધકને હરતાલ, સૂંઠ, ચમેલી પત્રો,
સમ ભાગે લઈ સર્વ ચૂર્ણ કરજોને મિત્રો,
બકરાં લીંડી સાથ ગોળિયો કરવી તેની,
બદરીફળ સમ થાય તોજ એ બને મજેની.
વળી છાંયે તેને સૂકવી, તેહ ધૂપ જ્યાં જ્યાં થશે;
તો સર્પ, વીંછી, ઝેરી જીવો, ત્યાંય કદી નવ ઢૂંકશે.

૮૦

હરતાળનું ઝેર ઉતારવા વિષે.

દોહરો.

રોજ રોજ દસ ટાંકજો, તાંદળજો પીવાય;
વિષ હરતાળતણું પછી, નિશ્ચય ઓછું થાય.

૮૧
આકડાનું દૂધ આંખમાં પડયું હોય તે વિષે.
દોહરો.

અર્ક દૂધ જો આંખમાં, પડતાં બહુ દુઃખ થાય;
તો બકરીના દૂધની, ધારા તેમાં થાય.

૮૨
સર્પનું ઝેર ઉતારવા વિષે.

વજ, થુથુ, મીઠળ બધાં, ગોપયમાંહી ઉકાળ;
તે પીવાથી સર્પનું, ઝેર મટે તત્કાળ.

પ્રાણુશંકર પ્રેમશંકર ભટ્ટ.

૮૩
ઇશ્વર કરે તે બધું સારૂં જાણવું.
હરિગીત.

લક્ષ્મી મળે તો ઠીક છે, નહિ હોય તોપણ ઠીક છે,
આવી સ્થિતિ બહુ ઠીક છે, કોની અમારે બીક છે;
મન થા હવે નિર્ભીક તું, ઇશ્વર બહુ નજદીક છે,
નિરખાય ઇશ નજીક તો, તે વાત સહુથી ઠીક છે.

જો હોય તો તે વાપરો, નહિતો નહિ ઇચ્છા કરો,
સંતોષ રાખીને ફરો, આશા નહિ પરની ધરો;
ઘરમાં રહીને ઇશના, ગુણગાનને ગાતા રહો,
તેમાં ભલું થાશે બધું, મળશે તમોને જે ચહો.
તન મન અને ધન દુઃખ આવે, તે ઉપાડી તાણવું,

ધીરજ અને શાન્તિ વડે, મનમાં ન કાંઈ આણવું;
જો સુખ મળે તો ગર્વ છોડી, સત્ય રસ્તે માણવું,
ઇશ્વર કરે છે જે બધું, તે સર્વ સારૂં જાણવું.

કાવ્યપ્રેમી.

૮૪

આનંદી મંડળ.

બેડો બાઈ બૂડતો તારો રે—એ ઢાલ.

અમારૂં મંડળ ન્યારૂં રે, આનંદને ભોગવનારૂં રે. ધ્રુવ.

સાર અસાર સંસારમાથી લઈ, આનંદને લેનાર;
એક બીજા સાથે પ્રીતિ વધારી, ક્લેશ બધા હરનાર: અ૦

ભૂલ કબુલ કરે જન તેને, માફ કરે જગદીશ;
ત્યારે કરે એક ભૂલને માટે, શીદ બીજી બત્રીશ? અ૦

આનંદ રૂપ છે એક પોતાનું, એમ ખરૂં સમજાય;
તેને પછી આ વિશ્વ આખામાં, પૂર્ણ આનંદ જણાય: અ૦

સત્યને માટે દુઃખ આવે કદિ, તેથી આનંદજ થાય;
અટપટું એવુ આનંદનું રૂપ, જ્ઞાનીઓથી સમજાય: અ૦

પારકી આશા પ્રથમ પરહરીએ, રહીએ પોતામાં મસ્ત;
દીનથી દીન અમારા દિલમાં, ભાસે ધનાઢ્ય સમસ્ત: અ૦

માન દેવું વિદ્વાનજનોને, છોડી દેવું અભિમાન;
ઉંચા નીચા અધિકારવાળા પણ, સ્નેહી સર્વ સમાન: અ૦

જ્યાં જોઇએ ત્યાં સર્વ મળે છે, ઉપદેશના કરનાર;
ઉપદેશ લેનારા આપણે થાવુ, માન ધરી સુણનાર: અ૦

કાવ્યપ્રેમી.

૮૫

લાગે સૌને કઠિન કરવું પેટનું એક પુરૂં.

મંદાક્રાંતા.

લાગે સૌને કઠિન કરવું, પેટનું એક પૂરૂં,
એ ખોટું છે ઉદર ખડથી, કયાં રહેછે અધુરૂં?
હું જાણું છું સકળ જનને, માત્ર તૃષ્ણા વધીછે,
તેથી આજે અવનિતળમાં, આ ઉપાધિ બધી છે.
ખોટું જાણે પણ નૃપશુને, જેમ સંતોષ થાય,
હાજી હાજી કથન કરીને; નીચ સેવા કરાય;
એવું એવું અગણિત કરે, માણસો કામ બૂરૂં,
લાગે સૌને કઠિન કરવું, પેટનું એક પૂરૂં.

કાવ્યપ્રેમી.

૮૬

તેને લેવો જરૂર ન પડે જન્મ પાછો ફરીને.

મંદાક્રાંતા.

જન્મી જેણે પરહિત કર્યું, સ્વાર્થ છેટે કરીને,
જેણે સાંખ્યાં વચન સહુનાં, ધૈર્ય ભારે ધરીને;
જેણે જાણ્યા અનુભવ વડે, એક રૂપે હરિને,
તેને લેવો જરૂર ન પડે, જન્મ પાછો ફરીને.
સેવા કીધી ગુરૂજનતણી, શુદ્ધ ભાવે કરીને,
જે ચાલેછે નયપથ વિષે, દેવનાથી ડરીને;
જે જીતેછે વિષય વિષને, આપનારા અરીને, તે૦

કાવ્યપ્રેમી.

૮૭

ઝેર નિવારણ.

(અરે દુઃખ કયાં ઉચ્ચારૂં રે–એ ઢાળ.)

સદાશિવ ! આપ ઉગારો રે, હાલાહલ ઝેર નિવારો રે. સ૦
એક સમે સતી સાથ સદાશિવ, બેઠા હતા કૈલાસ;
દેવ બધા મળી હાથ જોડીને, અરજ કરે શિવ પાસઃ સ૦
દેવ ને દાનવ ભેળા થઇને, સાગર મથવાનો યત્ન;
કરતા હતા ભગવાનને કીધે, ચૌદ નિકળવા રત્નઃ સ૦
ઝેર હાલાહલ નિકળ્યું પે'લાં, જેની લેતાં જરા ગંધ;
ભૂચર જળચર ખેચર પ્રાણીના, શ્વાસ થઇ ગયા બંધઃ સ૦
જેને જેને વિષવાયુ લાગ્યો તે તે, દેવ થયા બેભાન;
હંસ ઉપર બેસી બ્રહ્મા ઉડી ગયા, ભાગી ગયા ભગવાનઃ સ૦
દીન વાણી શિવ દેવની સાંભળી, કહે છે સતીને આમ;
દીનનું સંકટ હું નહિ કાપું તો, કોણ લેશે મારૂં નામઃ સ૦
એવું કહી નિજ અંજલિમાં લઇ, વ્યાપી હાલાહલ ઝેર;
પાન કરી શિવે કંઠમાં રાખ્યું, કંઠ થયો વર્ણફેરઃ સ૦
નીલો થયો કંઠ શંકર કેરો, શોભા થઇ છે વિશેષ;
ત્યારથી તે નીલકંઠ કહેવાયા, દેવના દેવ મહેશઃ સ૦
બ્રહ્મા ને વિષ્ણુ વખાણ કરેછે, સર્વ પ્રજાની સાથ;
માતાપિતા શિવ આપ અમારા, પાલક છો પ્રાણનાથઃ સ૦

કાવ્યપ્રેમી.

૮૮
મિત્રને પત્ર.

(સખી ! નંદનો છૈયો તે નમેરો થયો રે—એ ઢાલ.)

લખે મિત્ર આ પવિત્ર પત્ર મિત્રને જો,
પ્રેમતત્ત્વનું પાડીને ચારૂ ચિત્રને જો. લ૦
ખરૂં તત્ત્વ જે વેદાન્તમાં મનાયછે જો,
ધ્યાન દેતાં તે પ્રેમતત્ત્વ થાયછે જો. લ૦
પ્રેમ સત્ય ને અખંડ ને અનુપ છે જો,
મનવાણીથી અગમ્ય એકરૂપ છે જો. લ૦
અસ્તિ ભાતિ એ છે પ્રેમનાં વિશેષણો જો,
બ્રહ્મ એટલે કે તે મહાન છે ઘણો જો. લ૦
નામ રૂપ તો તમામનાં અસત્ય છે જો,
સર્વ અસ્તિ ભાતિ પ્રિય રૂપે સત્ય છે જો. લ૦
પંચકોષથી એ પ્રેમ અળગો રહે જો,
પ્રેમસત્તા એ પંચકોષમાં વહે જો. લ૦
ખરૂં જીવન એ પ્રેમમાં રહેલ છે જો,
તેથી અમૃત એ પ્રેમને કહેલ છે જો. લ૦
ઇતિહાસો પુરાણો લખી વેદને જો,
કર્યા વ્યાસજીએ પ્રેમતણા ભેદને જો. લ૦
પ્યારા પ્રેમનો પ્રકાશ પરિપૂર્ણ છે જો,
સૂર્યચંદ્રાદિ તેજ ત્યાં અપૂર્ણ છે જો. લ૦
આવે ખરૂં સુખ પ્રેમ વડે ચિત્તમાં જો,
આને અજાજનો પુત્ર દારા વિત્તમાં જો. લ૦

પ્રેમવૃત્તિના નિરોધથી જણાય છે જો,
તેનું પ્રતિબિમ્બ સ્થિર જ્યારે થાયછે જો. લ૦
જેઓ ભરેલાછે દંભ અભિમાનથી જો,
તેવા લોકને તે હાથ લાગતો નથી જો. લ૦
તેમાં સરલતા સૌશીલ્યની જરૂર છે જો,
તેને વિશ્વમાં એ પ્રેમ ભરપૂર છે જો. લ૦
કોઇ વીરલા એ પ્રેમતત્ત્વ જાણશે જો,
તેઓ નિરંકુશ તૃપ્તિસુખ માણશે જો. લ૦
રહે પ્રાણનાથ પ્રેમના આનંદમાં જો,
નહિ પડતાં સંસારતણા ફંદમાં જો. લ૦

કાવ્યપ્રેમી.

૮૯

રામને સીતાજીએ મોકલેલો સંદેશો.

શિખરિણી.

ખરાં ને ખોટાંનો મૃદુલ મનમાં નિર્ણય કરો,
પછીથી પસ્તાશો મુજપર અરે દોષ ન ધરો;
જરા શાંતિ રાખી અરજ અબળાની ઉર ધરો,
ભમાવ્યા લોકોએ નહિતર તમે ત્યાગ ન કરો.
સદા સાથે રાખી સુખ અનુભવાવ્યું અવનિમાં,
વળી વાળી વાલા પ્રણયરસની અદ્ભુત સીમા;
અરે! અંતે આ શું વગર અપરાધે પરહરો,
ભમાવ્યાછે કોયે નહિતર તમે આમ ન કરો.

ગઈ ક્યાં એ પ્રીતિ વળી ગઇ કહો ક્યાં સુજનતા,
મહત્તાની સાથે અનહદ સુનીતિ સરલતા;
ભરોસો રાખ્યાનું વચન દઇ શું હાય ! વિસરો,
ભમાવ્યાછે કોયે નહિતર. તમે રામ ન કરો.
કહુછુ સાચુ હું મુજ શિર ધરીને ચરણમાં,
રવિની સાક્ષીએ તુજ વિણ નથી કોય જગમાં;
નમાલાં લોકોનાં વચન મનમાં આપ ન ધરો,
ભમાવ્યા છે કોયે નહિતર તમે ત્યાગ ન કરો.
કદી પૃથ્વી ફાટે કદી ઉદધિ માજા પરહરે,
પરંતુ આવું આ રઘુપતિ કદી નાથ ન કરે.
કરીને પોતાનાં પછી પ્રિય અરે ! શું પરહરો,
ભમાવ્યાછે કોયે નહિતર તમે આમ ન કરો.
અરે પોતાનાંને નયન થકી તો નીર ઝરશે,
અને સામાવાળા પળ પળ વિષે હાસ્ય કરશે;
તમે શું બોલ્યાતા પ્રિય મુજવિષે તે મન ધરો,
ભમાવ્યાછે કોયે નહિતર તમે આમ ન કરો.
થયા છે શું એવા મુજથી અપરાધો તમતણા,
તજોછો શામાટે નિમિત વિણુ હે નાથ હમણાં;
થયા હોયે તોયે ઉચિત તમ રે ! માફજ કરો,
ભમાવ્યાછે કોયે નહિતર તમે આમ ન કરો.
નથી હું અજ્ઞાની સમજણ વિનાની પણ નથી,
કરો છો તેમાંનું કંઈપણ અજાણ્યું ન મુજથી;
નકામા આવા શું મનમહિ વૃથા દોષજ ધરો,

ભમાવ્યાછે કોપે નહિતર તમે આમ ન કરો.
દશા શી થાવાની મુજતણી અહીં હાય! વનમાં,
કરે પીડા એથી અધિકતર આ ગર્ભ મનમાં;
ખરૂં માનો વાલા! મુજતણી હવે આશ ન ધરો,
ભમાવ્યા લોકોએ નહિતર તમે આમ ન કરો.
મને પાળો પ્યારા પ્રિયતમ! હવે રૈયત ગણી,
તજેલી સીતાના રઘુપતિ હજુ આપજ ધણી;
પ્રજાને પાળ્યાનો નહિ નૃપતણો ધર્મ વિસરો,
ભમાવ્યા લોકોયે નહિતર તમે આમ ન કરો.

સોરઠા.

કહો જઇને આમ, આર્ય તમારા રામને;
રહો ખુશીમાં રામ, એજ કામછે આપણું.
ધન્ય! પુત્ર તુજ નામ, ચિરંજીવ લક્ષ્મણ થજે;
કહે વચન જે રામ, પ્રેમસહિત તે પાળજે.
સુણી વચન ગંભીર, સીતાને વંદન કરી;
ભરી નયનમાં નીર, લક્ષ્મણ ત્યાંથી સંચર્યા.

કાવ્ય કુસુમ.

૯૦

પવન-દૂત.

મંદાક્રાંતા.

કોઇ રીતે પણ ન તુજનું રૂપ જાણી શકાય,
તારાં કાર્યો નિરખી પણ તું છોજ એ સિદ્ધ થાય;

શક્તિ તારી અતિ ગહન છે સર્વ તુંને ચહે છે,
હંમેશાં આ સકળ જગમાં વ્યાપીને તું રહે છે.
પ્રાણી માત્રો નહિ તુજવિના વિશ્વમાં જીવનાર,
આપે જોકે સુખ ઇતરને તોય તું નિર્વિકાર;
સાચો સાક્ષી સહુ જનતણો છો નિરાકાર છેક,
ચાલે તારા હુકમવિણુ ના ઝાડનું પાન એક.
"દેખાતો તું નથી નજરથી વિશ્વ વ્યાપેલ તોય,
સૌ પ્રાણીના જીવતરતણો મૂલ આધાર હોય;"
એવા તારા ગુણ પવન ! હું ઇશ્વરી સર્વ ધારૂં,
આશા રાખું કરીશ જલદી મિત્ર તું દોત્ય મારૂં.
તારા પુત્રે પ્રથમ જગમાં રામનું દૌત્ય કીધું,
લંકા જૈને જનકતનયા-ચિત્તને ધૈર્ય દીધું;
આવું ભારે કઠિન પણ જો પુત્રથી થાય કામ,
તેનાથીએ સરસ બનવાનું પિતાથી તમામ.
દૈવેચ્છાથી હૃદયદયિતા પ્યારીથી દૂર જાતાં,
દત્તાત્રિના શિખરપરથી પ્રેમમાં મસ્ત થાતાં;
આવી રીતે વિનય કરીને વાયુને કૃષ્ણ કે' છે,
રાધાજીને ખબર સધળા તે હવે મોકલે છે.

* * * *

માટે જાવું પવન જલદી આંહીથી ચાલિને ત્યાં,
રાધા મારી મુજ વિરહનું દુઃખ ભારે સહે જ્યાં;
સત્તાવાળું સહુપર અરે! દૈવ જ્યારે નડે છે,
કંઠા શ્લેષ પ્રણયિજનથી દૂર થાવું પડે છે.
પ્રાતઃકાળે દધિમથનના શબ્દ જ્યાં સંભળાય,

સાથે ગીતો મુજ વિરહનાં ગોપિયો સર્વ ગાય;
ગાયો ભેંસો બળદ બકરાં પુષ્ટ જેમાં ફરે છે,
સંપીલા જ્યાં સકલ મળીને ગોપકાર્યો કરે છે.
શોભે છે જ્યાં સરસ યમુનાતીર કેરા નિકુંજો,
જેની નીચે વિકસિત થયાં ને ખર્યાં પુષ્પ પુંજો;
નાચે છે જ્યાં મુદિત મનથી નિત્ય કેકી કદંબે,
તુ તે જોઇ પવન પગલાં જ્યાં ભરે છે વિલંબે.
તેની પાસે ગિરિવર ઘણી રમ્યતાને ધરે છે,
નાનાં નાનાં અતિશય અરે નિર્ઝરો જ્યાં ઝરે છે;
રાતાં નીલાં કનક સરખાં પદ્મ તેમાં તરે છે,
લીલાં લીલાં તૃણ પશુગણો પ્રેમથી જ્યાં ચરે છે.
શોભા આપે વટ વનવિષે ભવ્ય ભાંડીર નામે,
મધ્યાહ્ને જ્યાં પશુગણ બધા તૃમ થાતા વિરામે;
જેની ડાળે ચપલ અતિશે વાંદરાઓ ફરે છે,
સ્નિગ્ધ ચ્છાયે શિશુજન સદા રમ્ય લીલા કરે છે.
બારી પાસે દિવસ ગણતી દીર્ઘ નિઃશ્વાસ લે છે,
મૂર્ચ્છા પામી સખિજનતણાં સ્વસ્થ યત્ને બને છે;
રંગે પીળું શરીર કૃશ છે નેત્ર છે અશ્રુયુક્ત,
પાળે ધર્મો પતિ-વિરહના સર્વ હુંથી વિયુક્ત.
કેવું તેને સુતનુ મુજને કૃષ્ણનો દૂત જાણી,
સંદેશાની શ્રવણ કરતું આ સુધાતુલ્ય વાણી;
આવાં વાક્યો સુણી સુમુખી તે પામશે હર્ષ તેવો,
સીતા પામ્યાં તુજ તનયને દેખી આનંદ જેવો.

* * * *

શોભામાં જે કમલ સરખાં કાનસુધી વધેલાં,
હાર્યાં જેથી હરિણ નયનો પ્રેમથી સાવ ઘેલાં;
જેને માટે જગત સઘળું આપીએ તોય થોડું,
બ્રહ્મા હાથે હજી નવ થયું જેમનું અન્ય જોડું.
દારૂ જેવાં મદકર સુધાતુલ્ય મીઠાં ઠરેલાં,
રંગે કાળાં સહજ વળિ તે કજ્જલેથી ભરેલાં;
ખૂણે રાતાં રસિક મુજના ચિત્તને જે હરે છે,
રાધા તારાં ચપલ નયનો સર્વદા સાંભરે છે.

કાવ્ય કુસુમ.

૯૧

પ્રેમની વાત જૂદી છે.

માલિની.

મુજપતિકર કેરી મુદ્રિકા કોણ આણે?
અવનર નર અમારાં દુઃખને શું જ જાણે?
અખિલ ઉદધિ બીજો આવશે કોણ કૂદી!
મરૂતસુત! તમારા "પ્રેમની વાત જૂદી."
અતિશય ભયમાંથી તેં હમેશાં ઉગારી,
પ્રતિદિન કરતો તું પર્ણની ત્યાં પથારી;
ભરત પણ ભલા છે છેજ શત્રુઘ્ન સારો,
પણ કદિ ન ભુલાયે સ્નેહ સૌમિત્રિ તારો.
કમળતણી સુગંધી સર્વથી શ્રેષ્ઠ આવે,
અગણિત કદિ બીજાં પુષ્પ પાસેજ લાવે;

પણ શિવ ખુશી થાશે દેખતાં એ ધતૂરો,
ખબર કશી પડે ના પ્રેમ જ્યાં હોય પૂરો.
ઘર કઠણ બિયો કે બાવળોનાં રચેલાં,
નજર કરી જુઓ ત્યાં છિદ્ર તેણે કરેલાં;
ભ્રમર કમળકેરા કોષમાં નાશ પામે,
મરણ નથી વધારે પ્રેમ જ્યાં પૂર્ણ જામે.
કુટિલ વળી કલંકી રાહુથી થાય કાળો,
ગરમ કિરણકેરા તેજથી તેજવાળો;
પણ ભરતી સમુદ્રે થાય ચંદ્રોદયેથી,
જરૂર જુદી જણાયે પ્રેમની વાત એથી.
બરફ બની જવાનું પાણી અત્યંત શીતે,
પણ હિમકિરણોથી ચંદ્રકાંતોની ભીંતે,
જળ જરૂર પડે છે જાહ્નવીનાં જવેથી,
જરૂર જુદી જણાયે પ્રેમની વાત એથી.
રસિક હ્રદયહારી રૂપ ને રંગ જેમાં,
મનહરણ સુગંધી એ બધા ગુણ એમાં;
પણ મધુકર ચંપો દેખીને દૂર ભાગે, !
અકળિત અતિ એથી પ્રેમની વાત લાગે !
જન જરૂર જુએ તો જાય ભાગી ડરીને,
સરપ ઉપર સૂવું સર્વદા શ્રીહરિને;
સમજણ નથી કાંઈ એમનામાંજ કાંતો,
નિયમ નથી જણાતો કે પછી પ્રેમમાંતો.

કાવ્ય કુસુમ.

૯૨

દેશનો ઉદય કેમ થાય.

સવૈયા એકત્રીશા.

ઇતિહાસો જોયાથી જણાયે અતિ ઉત્તમ આ ભારતવર્ષ,
અસ્તોદયનો નિયમ વિચારી શોક તેમ કરવો નહિ હર્ષ;
દીર્ઘાયુ બલવાન નિરોગી બુદ્ધિમાન્ પાછો આ દેશ,
થાવા આર્યજનો સાંભળજો આયુર્વેદ તણો ઉપદેશ.
પંડિતજન અપવિત્ર ગણીને નજર કરે નહિ શરીર ભણીજ,
પણ પૂરણ પુરૂષાર્થ થવામાં જરૂર ઘણી આ દેહતણીજ;
ધર્મ અર્થને કામ મોક્ષનું મૂળ મુખ્ય આરોગ્ય ગણીજ,
તજી આળસ રાખો સહુ સજ્જન શરીરતણી સંભાળ ઘણીજ.
મિત આહાર વિહાર કરો તો રોગ કદી નહિ આવે પાસ,
કસરત કરવાથી કૌવત પણ કાયામાં કરશેજ નિવાસ;
સેવન કરવું નિત્ય રસાયન નિજ સદ્વૈદ્ય બતાવે જેમ,
વાંચી દિનચર્યા ઋતુચર્યા સદાચાર પછી ચાલો તેમ.
રાજ્યભક્ત થઈ રાજ્ય રાણીનું રહે સદા એવું વરદાન,
'ઇશ્વિર આપો' એમ માગવું છોડીને મનનું અભિમાન;
સંપીલા વિદ્વાન બનીને સજ્જનને આપો બહુ માન,
એમ થવાથી ઉદય પામશે ફરી પાછું આ હિંદુસ્તાન.

કાવ્ય કુસુમ.

૯૩

છળકપટથી ભરેલ માણસ સંસારમાં શું સારૂ કરે ?

હરિગીત.

આખો દિવસ યુક્તિ રચી જૂઠું કરે દશવીશનું,
ઘડી એક પણ મુખથી ન લેવું નામ તો જગદીશનું;
પરલોકમાં પીડા થશે એ વાતને પણ વિસરે,
"છળ કપટથી ભરપૂર નર સંસારમાં શુભ શું કરે?"
કાયર ન થાયે કોઇ દિન વ્યવહારના સહુ કામથી,
ચાલ્યા કરે ઉલટા પ્રવૃતિ માર્ગમાં બહુ હામથી;
સતસંગતિથી સર્વદા સો ગાઉ જે છેટા ફરે,
"છળ કપટથી ભરપૂર નર સંસારમાં શુભ શું કરે?"
પોતે ભરેલા દુર્ગુણોથી તે કદી જોતા નથી,
પણ દુર્ગુણી છે સર્વ જન રાજી થશે એવું કથી;
વ્યભિચારથી પણ લેશ અંતઃકરણમાં જે ના ડરે,
"છળ કપટથી ભરપૂર નર સંસારમા શુભ શું કરે?"
બાંધવ અને મિત્રો વિષે છેટું પડાવે છે સદા,
જોઈ પરસ્પર હેત જેને થાય છે બહુ આપદા;
કારણ વિના કજીયા થવામાં બુદ્ધિનું બળ વાપરે,
"છળ કપટથી ભરપૂર નર સંસારમાં શુભ શું કરે?"
નિજધર્મ નીતિ ને દયા ઉપકારને જાણે નહિ,
મદ મોહને વશ થાય છે અજ્ઞાનમાં ડુબ્યા રહી;
મત્સર અને ઇર્ષ્યા અતિશે સર્વ સાથે આચરે,
"છળ કપટથી ભરપૂર નર સંસારમાં શુભ શું કરે?"

જાણે નહિં જગદીશનો મહિમા અને ઉપકારને,
સાચો ગણીલે ચિત્તમાં નિઃસાર આ સંસારને;
ગુરૂજનતણાં કે શાસ્ત્રનાં વચનો નહિ શ્રવણે ધરે,
"છળ કપટથી ભરપુર નર સંસારમાં શુભ શું કરે?"
જનદીનને નજરે જુએતો પણ દયા નવ ઉપજે,
કર્ત્તવ્ય માને એજ કે જેથી ઘણું ધન નીપજે;
તે મેળવીને સર્વદા જે પેટ પોતાનાં ભરે,
"છળ કપટથી ભરપૂર નર સંસારમાં શુભ શું કરે?"
ઘરસારૂ જેમ ઘેર સોની સરસ દાગીના ઘડે,
ઇત્યાદિ ઘરનાં કામમાં પોતે પચી મરવા પડે;
લવ દેશનું કે જ્ઞાતિનું કુળનું ભલું પણ નવ કરે,
"છળ કપટથી ભરપૂર નર સંસારમાં શુભ શું કરે?"

કાવ્ય કુસુમ.

લક્ષ્મીદાસ આદિત્યરામજી વ્યાસ.

૯૪

ઇશ્વર સ્તુતિ.

મરાઠી રાગ.

સુંદર અતિ શોભે શિવ, વદનકમલ પ્યારૂં, ધ્રુવ.
મંદ હાસ્ય કપુર ગૌર, અધિક છો દયાળુ;

પૂરણપુરુષ નટવરનું, રૂપ એ નિરાળું;
નિર્ગુણ ને નિરાકાર, તેજ જગત છાયું;
જગના કર્ત્તા, ભર્ત્તા, નેતા,
સુખદાતા, ભયત્રાતા,
સત્ય છે કૃપાળુ........સુંદર૦

૯૫

ઋષિ મુનિજન ધ્યાન ધરે, ગુણ અનંત ગાવે. ધ્રુવ.
નિર્મળ યશ કવિ સુહૃદય, પ્રેમથી ચખાવે,
વિશ્વપતિ અગમ ગતિ, મોહથી મલાવે,
જોબન ધન રાજયરંગ, મત્ત મતંગ લ્હાવે,
ના કદિ પણ શુદ્ધ ચિત્ત, ભકિતને ભુલાવે;
માયા, વિમલા, કમલા, અચલા,
શ્રમ સહીને, હિત ધરીને,
દાસને બચાવે. ....ઋષિ.

૯૬

વિદ્યાર્થી—કર્તવ્ય.

રાગ-સોપાલી, તાલ-તીવ્રો.

પ્રભુનું પ્રેમે ધ્યાન ધરો;
ગુરૂને ભાવે હમેશા ભજો. ધ્રુવ.
વિનય રીતિ વિચારીને,

વ્હાલથી, માતને, તાતને,
પૂજ્યને, વિનવજો,
પછીથી દેહ સુસજ્જ કરજો,
પ્રેમે ધ્યાન ધરો, પ્રભુનું.
પૂર્ણ નિયમે, ખંત ધરીને,
હોંસે પાઠ સંભારજો,
નવિન અધિક ઉમંગે રંગે,
લક્ષ આપી મ્હાલજો. પ્રભુનું.
મિત આહાર વિહાર રાખી,
શિયળવ્રત સંભાળજો;
એવી રહેણી યશની કહેણી,
સત્ય સંપ નિભાવજો. પ્રભુનું.

મૂળશંકર હરિનંદ.

૯૭

ઇશ્વર સ્તુતિ.

તુંહી શ્યામ તુંહી શ્યામ તુંહીરે,
હું તો નીરખું તુજને ઠામ ઠામ;
બસ તુંહીરે શ્યામ તુંહી શ્યામ તુંહી.
મનમાં જોયું બાહેર જોયું, જોયું સકળ સંસાર;
આ બ્રહ્માંડની માળા જોઇ વળી, પણ નહિ આવ્યો પાર;

સઘળે જ્યોતિ તારીરે. ... ...હું તો.
આ તનનો રંગમહેલ બનાવ્યો, માંહી ભર્યો દરબાર;
અનહદ વાજાં વાગી રહ્યાં કાંઇ, જીવ રમે એકતાર;
ચમકે જ્યોતિ તારીરે. ... ...હું તો.

શ્રીકૃષ્ણ ચરિત્ર.

૯૮

દીન દયાળુ છે મારો શ્યામ, મારો શ્યામ, મારો શ્યામરે;
કરૂણાસાગર ભક્તવત્સલ એ...જી.
બીડભંજન એ કરૂણાસિંધુરે;
રહેમી સૌપર છે સુંદર શ્યામ, સુંદર શ્યામ, સુંદર શ્યામરે-**કરૂણા.**
કીડીને કણ હાથીને મણ;
એમ સૌને પોષે મારો કાન, મારો કાન, મારો કાનરે-**કરૂણા.**

શ્રીકૃષ્ણ ચરિત્ર.

૯૯

ભાગ્યનો વિધાતા તું છો, માણરો તું ત્રાતારે;
અન્ય ન કોઈ ઉગારે.
કર્મના ભરે જે ભારા, રાખજે હિસાબે તારા;
તુંજ ન્યાય દાતારે... ... ...અન્ય૦
સુખ દુઃખ ભક્તિ યુક્તિ, સર્વ ભોગ્યની જે શક્તિ;
તુજમાં છે ભ્રાતારે... ... ...અન્ય૦

દેવકન્યા.

૧૦૦
રાસ.

શરદ પુનેમની સુંદર રાત્રિ ખીલીરે;
મોહિની માયા મનોહર રાસ રમેરે.
આકાશકેરો રૂડો માંડવો બનાવ્યો રંગ રમવાને;
ભૂમિ જળ તેજ કેરા, અનુપમ રંગ પુર્યા,
મંગળ મધુર ગીત ગાય વાયુજો,
ત્રિગુણના તેજે ભર્યો માંડવો રૂડો-શરદ.
સાખી—પરમ પુરુષની વાંસળી, સુણતાં થઈ સચેત;
મહામાયા નાચી રહી, અંશ અંશ ભર હેત.
દિવ્ય એ રાસતણા ઝમકારમાંરે,
આનંદ અખંડતણી વરસે ધારા આનંદમાં,
ઝીલે છે આત્મા આપણારે...........શરદ.

શ્રીકૃષ્ણ ચરિત્ર.

૧૦૧
ગુરુગમની કુંચી.

એક સરસ વાત સમજાવું રે,...સંતો પ્યારા,
ગુરુગમની કુંચી બતાવુ રે—સંતો પ્યારા.
કોઇ તુરત સુરતને સાધે, કોઇ યોગે ચિત્તને બાંધે;
કોઈ જ્ઞાન વિચારે વાધેરે—સંતો પ્યારા.
કોઇ ભક્ત થઇ પ્રભુ ભજતા, કોઈ જગની માયા તજતા;
કોઇ તપથી કાયા દમતારે—સંતો પ્યારા.

એ શીખ્યા મારગ ગરવા, કેવળ મનને વશ કરવા;
આ ભવસાગરથી તરનારે—સંતો પ્યારા.

દેવકન્યા.

૧૦૨
પ્રેમ.

અજબ છે શક્તિ પ્રીતિની, નથી એવી બીજી બેની—ધ્રુવ.
જગત પોષે પ્રભુ—પ્રેમે, જીવો પામે પ્રભુ—પ્રેમે;
અજબ એ યોગ એ શક્તિ, ખરૂં એ જ્ઞાન એ મુક્તિ—અજબ.
પતિમાં પ્રાણને પ્રોજે, હૃદયમાં ઇશને જોજે;
સકળ આશા સફળ થાશે, સદા કલ્યાણ ઉભરાશે—અજબ.

દેવકન્યા.

૧૦૩
પતિ–ભકિત.

હું જાઉં, આજ સ્વામીની સેવા કરૂં;
આજ સુધી અંધ બની ભૂલી સ્વધર્મ—આજ૦
સ્ત્રીનું હૈયું પ્રેમે ખીલે સદા;
કામિનીને કંથ એજ શાન્તિનું ધામ—આજ૦
બીજાં તપ તે ફોકટ ફાંફાં;
સાચું તપ સાચું વ્રત સ્વામીનું નામ—આજ૦

દેવકન્યા.

૧૦૪

જુગાર.

સવૈયા

ચોરીનાં શીંકે નથી ચડીયાં, જુગારીનાં જામ્યાં નથી કયાંય;
જુગાર માર પ્રભુના ઘરનો, સમજો એ સાચું મનમાંય.
પે'લાં લાલચ લાગે મીઠી, પછીથી જાણે વળગ્યું ભૂત;
અક્કલ દોલત ખેંચી લે, તન ચૂસે જાણે જમનો દૂત.
ચતુરાઇ ચૂલામાં પેઠી, ડા'પણ ડૂબ્યું દારયામાંય;
દુ:ખને પાયે બેઠી પનોતી, જુગાર રમવા માંડયો જ્યાંય.
લાગ્યું વ્યસન મુએ નહિ છુટે, થઈ ગયા છે કૈંક ખુવાર;
માટે ચેતી ચિત્તમાં સમજો, ઝેરી સાપ સમાન જુગાર.

જુગલ—જુગારી.

જગજીવન કાલીદાસ પાઠક.

૧૦૫

ભવાટવીથી કાઢવાને પ્રભુ પ્રાર્થના.

(હું દિવાની પ્રેમની—એ ઢાલ)

હું ભુલ્યો ભવ-રાનમાં મને કો બચાવેરે ?
હાય ! દુ:ખમાં ડૂબી ગયો, કોણુ વા'રે આવેરે-હું ભુલ્યો ભવ૦ ૧
ખેંચી જાય આ વિષે, મુંને નારી-નારરે,
સૌ આગાં શિયાળ, હા રૂધિર પિનારરે-હું ભુલ્યો ભવ૦ ૨
કામ-કેસરી કરી નિજ ઇચ્છી ચાલરે,

વળગી રોજ રોજ આ વપુને સતાવેરે–હું ભુલ્યો ભવ૦ ૩
ક્રોધ જોધ ભાન શરીરનું ભુલાવીરે,
જ્ઞાનશૂન્ય હા ! કહી મુજને નચાવેરે–હું ભુલ્યો ભવ૦ ૪
એ અરિ મુજ અંતરે અગ્નિ લગાવેરે,
દાહ દેહમાં કરી મનને મુંઝાવેરે–હું ભુલ્યો ભવ૦ ૫
આશ પ્રબલ પાશ શરીર શું વિંટાઇરે,
બાંધીઓ બળે હવે મને કો મુકાવેરે–હું ભુલ્યો ભવ૦ ૬
દીનદયાળ પ્રણતપાલ, શ્રી મુરારિરે,
કષ્ટહારિ એ વિના હવે કો નિભાવેરે–હું ભુલ્યો ભવ૦ ૭

૧૦૬

પરમાત્માને એક પ્રશ્ન.

કલ્યાણની ગઝલ.

ઉત્તર આનો દ્યો અખિલેશ્વર !
નિર્ણય આજ કરો નિખિલેશ્વર ! ટેક. ૧

રાધાવર ! તમને ખુશ કરવા, વિધવિધ વેષ ધર્યા મેં નવલા;
લખચોરાશી સબળા નબળા, તોય પ્રસન્ન ન શું પરમેશ્વર ?
ઉત્તર આનો. ૨

ચોપગ થઇ તુજ પાસે ચાલ્યો, પંખી થઇ આકાશે માલ્યો;
વૃક્ષ બની ફૂળ ફૂલે ફાલ્યો, તોપણુ શું રીઝયા ના નટવર ?
ઉત્તર આનો. ૩

હાથી થઇ જબ્બર તન કીધું, ઉંટ બની જોયું મેં સીધું;

ગાય બની મુખમાં તૃણુ લીધું, કરુણા નાવી શું કરુણાકર ?
ઉત્તર આનો. ૪
ખરેખરો ખર બની હું ભૂંક્યો, નટવર ! શંખ ભલો મેં ફૂંક્યો;
ગરવ બધો તુજ ચરણે મૂક્યો, તોય ન રીઝયા શું રસિકેશ્વર ?
ઉત્તર આનો. ૫
રીઝયા તો માગું તે આપો, જન્મ-મરણનાં આ દુઃખ કાપો;
સુખદ શરણમાં સેવક સ્થાપો, એ વિણ માગું ના મહીશેશ્વર.
ઉત્તર આનો. ૬
નવ રીઝયા તો મુજને કહેશો, આવો વેષ કશો ના લેશો;
વેષ વિના નિર્વેષે રહેશો, તોપણ દાસ સુખી સર્વેશ્વર !
ઉત્તર આનો. ૭

૧૦૭

પ્રેમ ત્રયોદશી.

(ઇંદ્રવિજય છંદ.)

જેહ તણે વશ થઈ વસતા, ક્ષીરસાગરમાં લઇ સાગર-સુતા,
જેહ તણે વશ થઇ વસતા, નગમાં હર, સાથ લઈ નગ-સુતા;
જેહ તણે વશ થઈ વસતા, અમરાપુરમાં અજ-પત્ની સમેતા,
તે પ્રભુના પ્રભુ પ્રેમ તને પ્રણુમું, ધરજે દીનની મન સેવા. ૧
પ્રેમતણા રસ પાસે સુસાકર સ્વાદવિહીન કઠિન જણાશે,
પ્રેમતણા રસ પાસે સુધારસ નીરસ પાણી સમાન ગણાશે;
પ્રેમતણા રસપાસે મધુ, કડવું ચીકણું રસનાક્ષત દીસે,
શું ઉપમેય વદું વદને પ્રિય ! પ્રેમતણો રસ પ્રેમમહિં છે. ૨

પ્રેમતણી ગણના ગણતાં નભનો વિસ્તાર લગાર ગણાશે,
પ્રેમતણી ગણના ગણતાં પરઅર્ધની સંખ્યા અર્ધ જણાશે;
પ્રેમતણી ગણના ગણતાં શુક, શારદ, નારદ મૂક ભણાશે,
કેમ કરી શકશું ગણના ? પ્રિય ! પ્રેમનું શિખર કેમ ચડાશે ? ૩
હે પ્રિય ! લોલ અલૌકિક પ્રેમની વેલી નવેલી છુપેલી કહું શું ?
લોચનને નવ લક્ષ્ય બને પણ લોચનહીન હૃદે નીરખે શું ?
પ્રેમનું ગાન ન કાન સુણે તદપિ મધુરા સુર ઉર સુણે શું ?
વાણી ન પ્રેમનું કાંઇ વદે પણ વાણીવિનું ઉર આ રટતું શું ? ૪
છો ગગડે દુઃખનો દરિયો પણ પ્રેમ ન દુઃખ કદી ગણકારે,
રે ! રગડે વરસાદ, રવિ, શીત, વેલી સુઆમ્ર નહિ અલગાંરે;
કંટક ભૃંગનું અંગ વીંધે પણ માલતી સંગ સદા મળશેરે,
આતપથી તપતી કુંણીકાય ભલે કમલો રવિ શું વળશેરે ? ૫
કામિની–નેપુરના મધુરા સુર કર્ણકટુ કોઇ કાલ ગણાશે,
કસ્તુરી કેશરના વરલેપ, સુગંધરહિત કદીય ભણાશે;
રે ! મલયાનિલ શીતરહિત, ઃરીકું કદીએ અમરોનું સુધાએ,
પ્રેમતણો રવ, ગંધ, સુસ્વાદ, સુશીત, સદા નવલાં નવલાં છે. ૬
પ્રેમની લાગે યદા લગની તવ પ્રેમ ભર્યું સઘળું જગ ભાસે,
પલ્લવ, પુષ્પ, પરાગ, લતા સહુ પ્રેમથી પૂરિત રંગિત લાગે;
ઉજ્જડખંખ વનો, પવનો, ભવનો ધન પ્રેમ ભરેલ ભણાશે,
ઘોર ઘુઘાટ કરંતી નિશા પણ પ્રેમનું ગાન કરંતી ગણાશે. ૭
પ્રેમતણા ઝરતા ઝરણાપર ગુણમણો બુદ બુદ બને છે,
પ્રેમતણું ઝરતું ઝરણું રસરૂપ, અખંડ અનંત ફરે છે;
પ્રેમતણું ઝરતું ઝરણું મનના મલ દૂર કરી વિલસે છે,

પ્રેમતણું ઝરતું ઝરણું હસતું રમતું વરપંથ ધસે છે. ૮
પ્રેમ ન રૂપ કુરૂપ જુએ વળી પ્રેમ ન જાત કુજાત તપાસે,
પ્રેમ ન ગુણુ અગુણુ જુએ વળી પ્રેમ ન જ્ઞાન અજ્ઞાન ચકાશે;
પ્રેમ ધનાઢ્ય ગરીબ જુએ નહિ, પ્રેમ ન જોડ કજોડ વિચારે,
સુખ અસુખ ન પ્રેમ ગણે, મનની લગની લગી ત્યાં વળગે છે. ૯
ચંદ્ર ભલે ક્ષયરોગી રહ્યા, પણ પોયણુને વર-અંગીજ તે છે,
ધ્રુવ પ્રકાશ ભલે ન કરે રસીલી શુભસોય ઉરે વળગ્યો છે;
લેલી ભલે રૂપહીન હશે મજનું સમજે અલબેલી રૂપાલી,
પ્રેમની ભૂરકી છે નવલી વળગી વળગી કરતીજ રસાલી. ૧૦
સાગરનું મીન કોઇ દિને નહિ લીન બને મધુરા નીરમાંરે,
જો કદિ જોર કરી ધરશો નદીમાં, બનસે જીવહીન તદા તે;
તેમ પતંગ પડે જઇ દીપ, મરે તફડે પણ અન્ય ન ઇચ્છે,
લાણુ વ હાણુ ન પ્રેમ ગણે મનની લગની લગી ત્યાં વળગે છે. ૧૧
પ્રેમ સ્વરૂપ ધરે નવલાં વરણે પરિપૂરણ આ રસના શું,
આંખનું અંજન, કર્ણનું અમૃત, અંગનું ચંદન, ગુણલતા શું?
સંસ્રૃતિ બંધન, સંસ્રૃતિ ખંડન, આ જગભાવ રસે ભરનારૂં,
પ્રેમ સરોજ નવીન સુવાસથકી મનમે ઉમંગે ભરનારૂં. ૧૨
સંસ્રૃતિસાગરમાં હરિએ મીઠી પ્રીતરૂપી લહરી સરજી છે,
સાગર ઘોર તડુક કરી ગરજે ઉછળે ભડ સૌ ભડકીરે;
ને લહરી મધુરૂં હસતી, રસીલું રવતી, રસમાં રસતી છે,
મંદ અખંડ તરંગનું ચુંબન દેઈ જીવો રસથી ભરતી છે. ૧૩

૧૦૮

મુઆ પાછળ રડવું શું ?

(સદા સંસારમાં—એ ઢાલ.)

સગાંનો સાથ, જમને હાથ, જાતાં બન્ધુ મારા !
વિકળ થઈ કાં વહાવે, વીર ! આંખે અશ્રુ-ધારા...સગાંનો૦ ૧
પંથે પળતાં પંથીનો, સહજ સમાગમ થાય;
એવો આ અવતારમાં, મળ્યો સગાં-સમુદાય,
મળી ક્ષણવાર સર્વે, ભિન્ન ભિન્ન પંથે જનારા...સગાંનો૦ ૨
નભ-મંડળમાંહે મળી, મનહર મેઘની માળ;
અલગ અલગ સૌ ઘન થશે, પવન થયે તત્કાળ.
મળ્યા છો માગણાથી, છુટતાં છુટા થનારા...સગાંનો૦ ૩
અગણિત જન્મો આપણા, અગણિત માતા તાત;
અગણિત દારા, દીકરા, અગણિત સ્નેહી-સાથ.
સહુ શું સ્નેહ બાંધે, પાર ક્યારે પામનારા ?...સગાંનો૦ ૪
સારહીન સંસાર આ, ખલક ખેલ ચોપાટ;
ક્ષણભંગુર જીવન વિષે, રે ! રોવું શા માટ ?
જગતના નાથ સાથે, પ્રેમના બાંધો પનારા....સગાંનો૦ ૫

૧૦૯

સમય વ્યર્થ ન ગાળો.

("નજર કરો નાથ" એ ઢાળ.)

વખત વહ્યો જાય જરા જાગીને નિહાળો;

મધુર એ પ્રવાહ પ્યારા, ગાળશો ન ઠાલો. ધ્રુવ.
પળ પળ કરતાં ઘડી ગઇ, ઘડીઓથી દિન જાય;
દિન ગણતાં વરસો ગયાં, જીવન કુસુમ કરમાય.
તદપિએ કુટેવ ભ્રાત, કાં તમે ન ટાળો?............વખત૦ ૧
ખાન પાન ધનથી મળે, ધનથી ધરણી ધામ;
પણ વીતી પળ ના મળે, છો ખરચો સૌ દામ.
એ વિચારી વીર! સમય-સરિત જતી ખાળો.........વખત૦ ૨
મંદિરમાં દીપક ઠરી, તેજે તું મલકાય;
પણ ના સમજે કાં સખા! તેલ ન્યૂન ત્યાં થાય.
જીવન-તેલ જાય એમ, સ્નેહીઓ સમાલો.........વખત૦ ૩
શીતળ કિરણો વરસતો, ઉગ્યો જીવનચંદ;
જો વીતાવીશ વ્યર્થ તો, થશે પરોઢે મંદ.
સુખદ શશિ સમય પીઓ, અજર અમર પ્યાલો.........વખત૦ ૪

૧૧૦
આપત્તિમાં ધીરજ ધરવા વિષે.
સારંગ.

(આરે સીમંત શીદ આવ્યું મારે, લાગે અકારૂં રે-એ ઢાલ)

શાને અરે અકળાયે ઉરમાં, આપત આવેરે;
વીર! વિચારો દુઃખના દહાડા, નિત્યે નાવેરે......શાને. ૧
ચક્ર ફરે ચડતી પડતીનું, આ સંસારેરે;
પડતીમાં પીડિત જનને પ્રભુ, કાલે ચઢાવેરે......શાને. ૨
અસ્ત થઈ પડતીને પામ્યો, રવિ અત્યારેરે;

કાલે હેમરસે રંગીલાં, કર પસરાવેરે.....શાને. ૩
પાંચ દિવસપર જડ તરૂ પેખ્યું, પાન ખરેલુંરે;
નવ-પલ્લવથી લચતું તેને, શ્યામ સજાવેરે.....શાને. ૪
શુષ્ક થઇ સરિતાએ, સુંદર વારિ ભરાશેરે;
સારસ-ગણુ ત્યાં વાસ વસી ફરી, મોદ મચાવેરે.....શાને. ૫
અચળ નિયમ છે અસ્ત ઉદયનો, એજ વિચારેરે;
મોદ ધરી મનમાં જગજીવન, ગોવિંદ ગાવેરે.....શાને. ૬

૧૧૧

જ્ઞાનાગ્નિ સળગાવવા વિષે.

(મન માયાના કરનારારે-એ ઢાળ.)

આવો આવો સખા ! અહીં આવોરે;
જ્ઞાન-અગ્નિ સ્નેહે સળગાવો. ધ્રુવ.
રાગ ને દ્વેષનાં કાષ્ટો જલાવો, દિવ્ય જ્યોતિ પ્યારા પ્રકટાવોરે. જ્ઞાન.
નામ ને રૂપનો ધૂપ કરીને, મમતાની ભસ્મ ઉડાવોરે. જ્ઞાન.
સ્થૂળ ને સૂક્ષ્મના સ્નેહે ભીંજેલા, કોશોનાં કાષ્ટો જલાવોરે. જ્ઞાન.
મનડા મસ્તાનાને જવ તલને સ્થાનકે, પ્રેમેથી પાવકે પ્રજાળોરે. જ્ઞાન.
શમદમશાન્તિનો સરવો લઇને, સુખ દુઃખ લામાં લગાવોરે. જ્ઞાન.
નાથ-શરણુની નલિકા લઇને, પવન પુરુષાર્થ વહાવોરે. જ્ઞાન.
જગના જીવન સંગ જીવ લગાડી, જ્યોતિમાં જ્યોતિ મિલાવોરે. જ્ઞાન.

વિઠ્ઠલરાય યજ્ઞેશ્વર આવસત્થી

૧૧૨

ચંદા—અવગાહ.

હરિગીત

આછી રૂપેરી વાદળી–કાસારમાં ફરતી ફરે,
આ શીત રાણી ચન્દ્રિકા મદ મસ્ત મસ્ત બની તરે;
હસતી ગભીર, હસાવતી, મચકાવતી દગ નૃત્યમાં,
એ મોહિની મલકાવતી, ગરકાવતી પ્રીતિ–ગર્તમાં.
શ્વેતાંબરો ઝળકે જલાર્દ્ર, સુહાર્દ્ર જ્યોતિ છાવરે,
સઉ વિશ્વ શીત સિકરે સિંચે, પીયુષ પયમાં વાવરે;
કરી સ્નાન દિવ્ય સરોવરે ઝટકાવતી કચ કરવડે,
અમુલાં અમીનાં સિકર ખરતાં તારલા ટપકી પડે.
તારાજડિત નીલાંબરે શણગાઇ ચાલે મલપતી,
એ મોહિની! કે દિવ્ય રંભા! દેખી દગ દગ તલપતી;
ધીમી ગભીર ગતિ થકી ગગને ચડે મન ગુંજતી,
આરોહ ખેદે સ્વેદભીની અધર દાબી હીંડતી.
ઘડી ધવલ પાંખ પસારતી, કંઈ શ્રમ ઘડીક ઉતારતી,
અનિમિષ નયણાં હું ભણી નિરખી રહેતાં હસતી;
મિટ વીણુ માંડી નેણુ, છાંટી ઇલ્મ કંઈ જાદુ તણો,
નાંખી મને તો નિદર–પાશે એ ગઇ ચાલી અહો!

૧૧૩
વસંત-વીણા.
(રાગ-દેશ.)

માધવ-વીણા માધવ મુરલી સમ જગ હીંચવેરે;
રસબસ ભીંજવેરે. ટેક

કુદરત વીણાતાર સમારે,
સૃષ્ટિ નૃત્ય ફરી સંભારે,
કિર, ચકવા ચારૂ કંઠે ચિત્ત રીઝવેરે. રસબસ.

કુસુમ કામઠી કુસુમ શરાળો
પ્રયણુ રસે-સ્નિગ્ધ કરે ભાળો,
માધવ-મિત્ર રૂપાળો મનડાં મીંચવેરે. રસબસ.

અનિલ મૃદુલ લહરી લલકારે,
કોકિલ કલરવતી સહકારે,
કલા કલાપી ધારે, નાચે-નાચવેરે. રસબસ.

કુસુમલતા ઝુલતી પરિતોષે,
નવનવ પલ્લવ વલ્લી હોંશે,
તરૂ તરૂ, મંજરી, મુકુલ, પરિમલ સીંચવેરે. રસબસ.

પરાગ-રાગી ભૃંગો ગુંજે,
સુરભિ-ભક્ત મરાલો કૂંજે;
સ્વરશોખી મૃગ કુંજે નયણાં વીંચવેરે. રસબસ.

માધવ મંજુલ મેફિલ માંડે,
જગ સંગાનથી મોદ પમાડે,
કુદરત રાસ રમાડે, હૈયાં હીંચવેરે. રસબસ.

વિશ્વ અખિલ તલ્લીન લહેરે,
હર વ્યક્તિ નટ–વેશ પહેરે,
માધવ કેરી મહેરે રસિક રસે મચેરે. રસબસ.

૧૨૪
શિખર ને સરિતા.
શંકરાભરણુ

ભવ્ય ગિરિ શિખરને ચરણુ ઢળતી અહીં,
દિવ્ય સરિતા અહા ! શાન્ત સરતી !
પક્ષી કલરવ મૃદુલ આદરે અહીં તહીં,
રેલતી મધુર સ્વર કેરી ભરતી,
બધી સૃષ્ટિ સંગાનને કાન ધરતી;
શિખર તરૂ સહ લતા નૃત્ય કરતી,
બધી સૃષ્ટિ નર્તનમહિં ફુદડી ફરતી.
અનિલ પરિમલ ચુમે, કુસુમ કુસુમે રમે,
સરિત વિનિમય કરે સિકર અર્પી,
પાદ ગિરિરાજના ધોઇ પૂજન કરે,
કુસુમની અંજલી કંઇક અર્પી,
આહા ! ભક્તિની ભાવના હૃદય ભરતી;
ઉચ્ચ ગિરિશિખરની ભવ્ય પંક્તિ.
અહા ! ભવ્ય ગંભીરતા હૃદય ભરતી.
ઇશિને અધીન રહી સર્વ અર્પણુ કરે.
આત્મ ચૈતન્ય આ વ્યક્તિ વ્યક્તિઃ—

સરિત નિજ સ્નેહ-રસ, અનિલ પરિમલ, અને
પક્ષીૉ કલરવ મીઠો, નૃત્યવેલી,
તરૂ સુમન સરસ ગિરિ ભવ્ય મૂર્તિ;
પરમ રસ કંઇ રહે હૃદય રેલી!
પિતા! હું દઉં દીન સર્વસ્વ અર્પી.

૧૧૫

શિષ્યને.

શિખરિણી.

તજું લાંબો ગાઢો પરિચય સુસબંધ અથવા,
તજું પાઠો દેવા મુખ-પદનથી આજથી નવા;
પરંતુ આ હૈયું પરિચય તજી કેમ શકશે?
હળેલા હૈયાના કયમ કરી સુબોધો અટકશે?
અહીં રે'શે ચિત્તે તવસ્મરણ-ચિત્રો રસળતાં,
અહીં રે'શે નિત્યે હૃદયગત ઉર્મિ ઉછળતાં;
તહાં તારે વા'લા! હૃદયગત ભાવો ઉછળજો,
સ્મૃતિ ઝાંખી ઝાંખી પણ શુભ પ્રીતિની રસળજો.
તહારે બાલત્વે અધિક વયમાં બાલ હું બન્યો,
તહારે શૈશવ્યે શિશુ હૃદય ધારી બહુ રમ્યો;
હવે તે તો વીત્યા દિવસ, ધુંસરી મ્હોટપણની,
હવે ધારી સ્કંધે ફરજ કરવા આ જગતની.
પડયા સંસારે ત્યાં પડવું વિખુટું એજ ક્રમ છે,
પડયા સંસારે ત્યાં તજવું સઉ બાલ્ય સુખ જે;

તજી તેવી રીતે ફરજ શિશુને શિક્ષક તણી,
સજી મૈત્રી પાછી સખત ગુંથશું ગાંઠ મનની.
નમસ્કારો છેલ્લા ગત જીવનનાં દિવ્ય સુખને,
નમસ્કારો છેલ્લા શિશુ હૃદયના વત્સલ તને;
વધાવું તોયે હું મુજ હૃદયનો મિત્ર ગણીને,
દઉં આ હૈયામાં સુહૃદતણું સુસ્થાન તુજને.
રહેજે સંભાળી ફરજ મહીં તું અધ્યયનની,
રહેજે સંભાળી જીવનમહિં તું સુદૃઢ બની;
રહેજે તું સુખી બહુ બહુ સદા સુહૃદ ભલા !
રહેજે આનંદે વિજય ભરતો ભવ્ય પગલાં !

૧૧૬

પ્રયત્ન—સેવન.

ભૈરવી—ગઝલ.

તું યત્ન કર, ફરી યત્ન કર નિરાશ થાવું ના ઘટે—ધ્રુવ.
નિરાશ થાવું ના ઘટે, નિરાશ થાવું ના ઘટે—તું યત્ન.
શાહ-રાહ ભણતરના નથી, ગુરૂ-બાગ જીવનના નથી;
વણજાત મહેનત તો નથી, સુખલાભ કંઇ પૃથ્વી પટે—તું યત્ન.
ઇશ સ્હાય આળસને નથી, નિજ બળ વિના મદદે નથી;
પ્રભુ સ્હાય, સ્હાય પ્રયત્નથી, ફરી યત્ન કર થાશે ફતેહ—તું યત્ન.

૧૧૭
સૃષ્ટિને યાચના.
અંજની ગીત.

આવો પંખી ! ગાઓ, રાચો,
આવો આવો હરણાં ! નાચો,
છુટી આવ્યો છું જગમાંથી,
સાથી આ સાચો............૧
સર્વે બંધુ પ્રાણી વનનાં,
સર્વે સાથી જાણું મુજનાં,
માણી મોજ મઝા હું સાથે,
મેળવજો મનડાં............૨
વાયુ ! તું હમેશાં વાજે,
વૃક્ષોમાંહે મીઠું ગાજે,
રહેજે ધુન મચાવી સરમાં,
કમળ સાથ નાચજે.........૩
વૃક્ષો ઝુકો વેલી સાથ,
છાયા આપો તમ અનાથ,
મીઠા મેવા પીરસો પ્રીતે,
સુવાડો સાથે...............૪
પા'ડો ! ઉંચા નભમાં ખેલો,
ધોધ નદોના વે'તા મેલો,
હું યાચકને વાસો આપી,
સુખ શાન્તિ રેલો............૫

ગંભીર ગાન સમુદ્ર ! ગજાવો,
મોટાં મોજાં આળોટાવો,
તીર જમાવો ફીણુની લેખા,
હર્ષે નવરાવો...............૬

મીઠી શીળી મુગ્ધા ચંદા !
ચોકખા નભમાં ચરજે મંદા,
તારક ઝળહળ જ્યોતિ સાથે,
રમજે રાસ સદા............૭

સર્વે એ સૃષ્ટિનાં સત્વો !
જડ ચેતન સૌ મારાં મિત્રો,
મહેર કરો વિસારૂં હું તો,
દુનીઆનાં દુઃખો............૮

વા'લી એ કુદરતની લીલા !
પ્યારી હો સૃષ્ટિની શોભા !
સ્વીકારો અરજી સમભાવે,
આશ્રય આવ્યો હા !.........૯

હૈડાંનું આ રડવું સુણજે,
નયણુનાં આંસુડાં [illegible],
[illegible] [illegible] હૈયા [illegible],
હા ! ખોળે લેજે..............૧૦

કેશવલાલ પોપટભાઈ ભટ્ટ

૧૧૮

આત્મ–જ્યોતિ.

ગઝલ.

સુખી સંસારમાં રે'તાં, તજોને મોહની વાતો;
હૃદયમાં ભસ્મ ચોળી લ્યો, જગાવા આત્મની જ્યોતિ.
બનાવી ઝુંપડી મનની, બની એકાંતના વાસી;
નિરંતર આદરો તપને, જગાવા.
લઘુતા લક્ષ્મીની છોડી, વિષયની વાસના બાળો;
લુંટાવો સાધનો સુખનાં, જગાવા.
ભણીને દુઃખના પાઠો, હૃદયને દઢ રાખીને;
ઉપાધિને સુધારી લ્યો, જગાવા.
જરાનો સ્નેહ વરસાવો, દુઃખી હૃદયો ભીંજાવાને;
બનાવો શત્રુને મિત્રો, જગાવા.
જરાપણ રાગ કે દ્વેષે, ફસાતું જોઇને મનને;
ઉગારો બુદ્ધિના બળથી, જગાવા.
રચેલાં સ્વપ્નનાં શે'રો, મકાનો બાગ કે ગાડી;
સગાં પણ તેમ માની લ્યો, જગાવા.
તજીને "મારૂં ને તારૂં", વિસારો ક્લેશની વાતો;
ખીલાવો સૂક્ષ્મ દ્રષ્ટિને. જગાવા.
વિસારી વાસના વા'લા, અધોમનને ઉગારી લ્યો;
બચાવો બાલ–અંતરને, જગાવા.

અમીરી કે ફકીરીના, ગમે તે વેષમાં રહેતાં;
ભજવજો પાઠ પોતાનો, જગાવા.
અમર છે જીવ જાણીને, ઉપાધિના મરણ માટે,
થતી ચિંતા વિસારી દ્યો, જગાવા.
વિચારો ચિત્તમાં જેવા, વસે તેવું થશે ભાવી;
ગણી અંકુશ રાખોને, જગાવા.
પલક પણ શાંત વૃત્તિથી, ખલકના ખેલ ભૂલીને;
ધરોને ધ્યાન કેશવનું જગાવા.

૧૧૯

તજ્યો સંસાર શા માટે ?

(રાગ ઉપર પ્રમાણે.)

હજી જો પેટને માટે, ધરો ઘર ભીખ માગે ત્યાં;
તિરસ્કારે વધે ગુસ્સો, તજ્યો સંસાર શા માટે?
જરા પણ ટાઢ કે તડકો, વળી વર્ષા તણાં વારી;
ઉપાધિને મુઝાવે તો, તજ્યો સંસાર.
હજી બાગો બગીચા ને, સુશોભિત મે'લને માટે;
રહી અંતર જરા પ્રીતિ, તજ્યો સંસાર.
હુકમમાં જે સદા રે'તા, હજારો નોકરો તારા;
વખતપર યાદ આવે તો, તજ્યો સંસાર.
ગએલા અશ્વ ગાડી કે, રૂપેરી હસ્તિના હુદ્દાં;
ઘડીભર ધ્યાન રોકે તો, તજ્યો સંસાર.
મધુ સ્વાદિષ્ટ પકવાનો, મશાલા ઉષ્ણ સુગંધી;

કરે રસ આર્દ્ર રસનાને, તજયો સંસાર.
કુસુમોની સુગંધીથી, મધુરાં ગાનને નાદે;
બનેછે ચિત્ત ચંચળતો, તજયો સંસાર.
તજેલા મિત્રને માટે, સજેલા વેષને સારૂ,
હૃદયમાં ક્લેશ વ્યાપે તો, તજયો સંસાર.
સગાંનો સ્નેહ સાંભરતાં, પ્રિયાની પ્રીતિને માટે;
નયનથી જો વહે વારી, તજયો સંસાર.
નથી એકાંતમાં ગમતું, વને જો બીક લાગે છે;
ચહે જો સંગ માનવનો, તજયો સંસાર.
મૃતિકાની પથારીમાં, મુકી પાષાણ ઓશીકે;
સુતાં જો નીંદ નાવે તો, તજયો સંસાર.
સમાધિ સેજ સાધે ત્યાં, ખીલે સંસારનાં ચિત્રો;
વધે વિક્ષેપ ધ્યાને તો, તજયો સંસાર.

૧૨૦

સુહૃદનાં હૃદય.

(રાગ ઉપર પ્રમાણે)

સીંચીને સ્નેહનાં વારિ, ભરીને પ્રેમના પ્યાલા;
પીએછે પ્રેમીને પાઈ, હૃદય સુહૃદ તણાં એવાં.
કવિતાની સરિતામાં. વિચારોના તરંગોમાં,
તણાતાં સ્નેહની સાથે, હૃદય.
રહે સાન્નિધ્ય કે છેટે, વસે છે મે'લ કે વનમાં;
હમેશાં મિત્રને સ્મરતાં, હૃદય.

સરલ સંસારને તરતાં, સુખે કે દુઃખમાં સાથે;
રહેછે પ્રેમમાં મસ્ત, હૃદય.
રચી આવાસ આકાશે, વસાવી સ્નેહીઓની વસ્તી;
અનુભવતાં સુખીસ્વપ્નો, હૃદય.
મનોમન ગુણથી બાંધ્યાં, નથી એ સ્થૂલનાં સંગી;
વિરહમાં મોજ માણે છે, હૃદય.

૧૨૧
માર્ગ બતાવો

(રાગ ઉપર પ્રમાણે)

રૂષિ સન્યાસીઓ કે સાધુ, તપસ્વી જ્ઞાનીઓ કે યોગી;
થયા જો મુક્ત માયાથી, મને પણ માર્ગ બતલાવો.
ભણીને જ્ઞાન પામું જે, કહો ક્યાં કેમ વાપરવું;
અનુભવ શું કહેછે તે, મને પણ.
લલુતા લક્ષ્મીની રાખી, કદી જો મેળવી જાણું;
બચાવું કે ઉડાવું તે, મને પણ.
કદી સત્તા હુકમ સાથે, મળે બહુ માનવી માથે;
રીબાવું કે બચાવું તે, મને પણ.
મને તો જગત આખું આ, જણાએ સ્વાર્થમાં તરતું;
તમે જો સ્વાર્થત્યાગી છો, મને પણ.
અનુભવ એમ કે' છે કે, બધાંને સ્નેહ વરસાવો;
નિરર્થક એ વહે વારિ, તમે શું માર્ગ બતલાવો?
વસુનું વા'લ છોડીને, બહુ મેં લાગણી મારી;

દ્રવે નહિ જે કઠિન હૃદયો, તમે શું.
હૃદયનો સ્વાર્થ ત્યાગીને, પરમ અર્થે વિચરવાના;
લીધેલા માર્ગ દુર્ઘટ છે, તમે શું.
મુકીને માનને છેટું, સરલતા મેં સ્વીકારીછે;
નમેલાને ન મારો કે, તમે શું.
ગુજારી જીંદગી સાદી, હૃદય રાખું સદા ખુલ્લું;
થયા જ્યાં અંધ જોનારા, તમે શું.
હશે શું એજ સાચું કે, જગાવા આત્મની જયોતિ;
રહો નહિ રાગ કે દ્વેષે, તમે શું.
ખરેખર પાઠશાળામાં, સખત બહુ પાઠ ચાલેછે;
પ્રથમ પગલે મુઝાણો હું, તમે શું.
મને તો એમ ભાસે છે, કસોટી આ શરૂ થઇછે;
સખત આઘાત લાગેછે, તમે શું.

૧૨૨

ફરજ સમજી સ્નેહ નિભાવી લેવા વિષે.

મંદાક્રાંતા.

જોને બાપુ જગત જનની સાથ જ્યારે રહેવું,
ત્યારે સૌના વિવિધ મનના ભાવનું જ્ઞાન લેવું;
સાચી ખોટી અવળી સવળી ભાવના સૌ કરે તો,
બાપુ તોયે ફરજ સમજી સ્નેહ નિભાવી લેજો.
સૌમાં ક્યાંથી પરમ પ્રભુની ભક્તિનો વાસ હોય,
સૌમાં ક્યાંથી મલીન મનના કામનો ભાસ હોય;

સારાં માઠાં અવનિ ઉપરે માનવી જો મળે તો,
બાપુ તોયે—
માન્યાં જેને મન થકી ખરા અંગનાં માનવી તે,
આવે જ્યારે વખત અવળો જાય ચાલ્યાં તજીને;
ત્યારે તારા સરલ હૃદયે દુઃખ આવી પડે જો,
બાપુ તોયે—
બાંધ્યાં જે જે ભુવન પવને સ્વપ્નનું સુખ લેવા,
સીંચ્યાં જ્યાં જ્યાં અમરજળને પ્રેમનાં પાન દેવા;
જ્ઞાને જોતાં મૃગજળ બની સર્વ જૂઠું ઠરે તો,
તોયે બાપુ—
કર્મો જેવાં વિવિધ મનનાં માનવી સૌ કરેછે,
સૌને તેવાં વિવિધ ફળનાં પાપ આવી નડેછે;
સુખે દુઃખે સહન કરતાં માર્ગમાં એ મળે જો,
બાપુ તોયે—
જેની સેવા તન મન અને લક્ષ્મીથી તું કરેછે,
તેનું ભોળું હૃદય પરમાં સ્નેહ શોધ્યા કરેછે;
એવી ઉંધી રસમ મનને કલેશ આપે કદી જો,
બાપુ તોયે—
જેવાં જેવાં અધમ મનનાં માનવી મેલવાળાં,
તેવાં તેવાં અવર જનને માનનારાં બિચારાં;
એવાં સાથે નિકટ વસવા ફરજ માથે પડે તો,
બાપુ તોયે—
કે'વી કેને મનતણી વ્યથા દીલ ક્યાં ખોલવું જઇ,

સે'વી શેણે મનતણી વ્યથા દુઃખ ક્યાં બોલવું જાઇ;
એવી ચિંતા તુજ હૃદયમાં નિત્ય વાસો કરે તો,
તોયે બાપુ—
નિઃસ્વાર્થે જે ફરજ સમજી ભૂમિ—સેવા સ્વીકારે,
તારે માટે શુભ હૃદયથી સ્નેહ—સેવા વધારે;
તેવા સાથે પરીચય થતાં સ્નેહ ઝરણાં વહે તો,
બાપુ તો તો ફરજ સમજી સ્નેહ નિભાવી લેજો.
જેને જોતાં હૃદય ઉછળે હર્ષ—આંસુ વહે છે,
જેને જોતાં વિષયી વમળો શાંત થઇને શમે છે;
તેવા પાસે અનુભવતણું જ્ઞાન સાચું મળે જો,
તોતો બાપુ—
સાચું કે'તાં કદીક મનમાં રીસનો ભાસ ગાય,
સાચું કે'તાં કદીક દીલમાં દુઃખનો ભાસ થાય;
મીઠાં તીખાં વચન સઘળાં સ્નેહથી સાંખી લેજો,
સાથે બાપુ ફરજ સમજી સ્નેહ નિભાવી લેજો.

૧૨૩

સ્નેહ—સંદેશ.

મંદાક્રાંતા.

માગે ત્યાં તો સઘળું મળતું વસ્ત્ર કે ખાનપાન,
બુદ્ધિશાળી વિરલ પુરુષો આપતા જ્ઞાન-દાન;
માગ્યા વિના હૃદયસરથી સ્નેહઝરણાં વહે જ્યાં,
માની લેવી જગત-ગુરુની શિક્ષાની હાજરી ત્યાં.

દુઃખે સુખે અનુભવ મળ્યા જ્ઞાનરૂપે રહેલા,
તે સાથે છે વડીલ જનના બોધ જે જે કહેલા;
શાસ્ત્રોમાંથી શ્રવણુ કરતા તે હવે સાથ લેજો,
પે'લા ચાલી પરમ પથમાં અન્યને પ્રેરી દેજો.
સે'તાં શીખો વચન કટુને પ્રેમથી શાંતિ રાખી,
માધુર્યેથી હૃદયસરમાં સ્નેહની ભુકી નાંખી;
વિત્યાં વર્ષો સમજવિણુ જે તે બધાં વ્યર્થ જાણો,
આ વર્ષેથી નવીન પથમાં ઐક્યનાં સુખ માણો.
થાવા માટે વિષમ વખતે જગતના તારનાર,
પોતાનાંને અવર જનનાં દુષણો બાળનાર;
વે'લા જાગી કમર કસજો જ્ઞાનની જ્યોત લેજો,
વા'લાંઓને પરમ પથમાં નૂતને પ્રેરી દેજો.

જેઠાલાલ દેવનાથ પંડ્યા,

૧૨૪

પ્રભુની પધરામણી.

રાગ-હિંડી.

મહારાજ મુજ મંદિરે પધારો,
અફળ જન્મ જાય સ્નેહથી સુધારો;
કરૂં વિનતિ વારંવાર લક્ષ ધારો,
પ્રાણનાથ ! એકવાર તો પધારો. ૧

નિયમ ધ્યાન ધરમ દાન દીપ વાસું,
જ્યોત-જળહળે બનાવું ધામ ખાસું;
હૃદય-રાગનો સુગંધ સર્વ છાંટું,
દીનનાથ ! દયા એકવાર માગું. ૨
સરલ સત્યતણી ગાદીઓ બિછાવું,
શુદ્ધ સ્નેહતણા ચમરને ઢળાવું;
પરમ પ્રેમતણું એક ગાન ગાઉં,
હૃદયનાથને નિહાળી ન્યાલ થાઉં. ૩
પ્રેમભક્તિનો ધરાવું મુકુટ માથે,
અધર બ્રહ્મજ્ઞાન-બંસી ધરી નાથે;
હૃદયનાથ ! બ્રહ્મજ્ઞાન-બંસી ગાઓ,
એકવાર હૃદય મારૂં ન્યાલ થાઓ. ૪

૧૨૫

સત્યના પ્રકાશની એકતા.

રોળાવૃત.

ઉડી બલૂનમાં બેસી જગતની રચના જોજે,
ગિરિનિર્ઝરતટ કુંઝ રમ્યતામાં જા વસજે;
જોઈ પડે પડ પૃથ્વીતણાં ભૂસ્તરવેત્તા તું,
બનજે વા કવિરાજ હૃદય જગનું જોજે તું.
ઘોર રાત્રિમાં અગર ચળકતા તારક નીરખી,
અગર કૌમુદી શાન્ત નિહાળી નજરે હરખી;
સુણી ગંભીરૂં ગાન ઉદધિનું ફિલસુફ બનજે;

બની જ્ઞાની વા કોઇ રૂપ માયાનું જો જે.
ભલે ચિતારો થજે સૃષ્ટિ–સૌંદર્ય ચિતરજે,
બની રસિક વા કોઇ રસિકઉર સંગે રમજે;
અગર ગવૈયો થજે સૂરશું ઉર મેળવવા,
ભલે ગમે તે થઈ રહે નથી તેની પરવા.
સકળ સ્થાનમાં એક નિયંતા ઇશ્વર કેરૂં,
અખંડ તેજમય રૂપ રાજતું રહે ભરેલું;
તુજ ઉરમધ્ય પ્રકાશ પડે જો તેનો કાંઈ.
ધન્ય! ધન્ય! એ દિવસ મળે મુજને પણ ક્યાંઈ.

૧૨૬

જીવન–હેતુ.

હરિગીત.

પેસી હૃદયમાં એકલો જોઉં બધા ઉરભાવને,
પડપડ ઉખેળી હૃદયનાં જોઉં છું માનવભાવને;
કંકાસ કલેશ વિરામ શાન્તિ ને સરલ સદ્ભાવના,
મે'નત મજુરી લોકની રમણીય હૃદયની રમ્યતા. ૧
સંગીતમાં બહુ શોખ કાવ્ય વિનોદમાં પ્રીતિ ખરી,
પૈસા કમાવા કાજ કેવળ સ્વાર્થમય દૃષ્ટિ જહીં;
આનંદ શોકે ભર્યું હૃદય મોહિત માનવ જાતનું,
દેખે ન ઇશ્વરને કદાપિ એટલા દોષે ભર્યું. ૨
સંગીતના આનંદમાં છક સર્વ જનને દે કરી,
પણ હૃદયનો એ રાગ ઇશ્વરને પદે ન ઢળે કદી,

સર્વે કળા અનુપમ પળે પરરૂપની પણ સાક્ષી છે.
પણ મૂઢ માનવ તે થકી અભિમાન પોષીને રહે. ૩
ઇશ્વરપરાયણ વૃત્તિથી નિજ હૃદયના કૌશલ્યને.
પ્રભુપદવિષે અર્પી રહે તે મનુજજીવન ધન્ય છે.
પાટો તજી અભિમાનનો નિજ હૃદય ચક્ષુ ઉઘાડીને,
ક્ષણભર, કળાધર ! થંભને આ જગત આગળ બોલીદે. ૪
અનુભવ કરીને બોલ અંતર શુદ્ધ શાથી થાય છે ?
શાથી બને છે ઉચ્ચ જીવન સત્ય કેમ પમાય છે?
જેનું હૃદય કૌશલ્ય લોકહિતાર્થ નિત્ય નમી રહે,
જેના હૃદયનો રાગ ઇશ્વરને પદે ઢળતો વહે. ૫
સાત્વિક ધીરજથી કેળવે આનંદ શોક શિરે ઢળે,
જેના વિમળ અંતરવિષે નહિ લેશ પણ વિકૃતિ વસે;
એવા જીવનનો શિષ્ય હું જો કોઇ દિન પામીશ તે,
તો સત્ય સમજાવીશ જનને એજ જીવન-હેતુ છે. ૬

૧૨૭

ઉત્થાન.

મંદાક્રાંતા.

ક્યાં સુધી આ તુજ હૃદયની, મૂર્ખતા જારી રે'શે ?
ક્યાં સુધી આ મૂરખ સઘળી, બાળચેષ્ટા વહેશે ?
ક્યારે તારૂં હૃદય ઠરીને, ઉચ્ચ ભાવે વહેશે ?
ક્યારે તારૂં વિમળ ઉર તે, સ્થિર ધર્મિષ્ઠ થાશે ? ૧
ચાલ્યું જાયે વય સકળ તે, માત્ર વર્ષો ન વીતે,

ખુપ્યો તેમાં તુજ ઉદય તે, જાય વે'તો પ્રવાહે;
ચેતી હે તો સમજ ઉઘડી, આંખ ત્યાંથી સવાર,
આરંભીને તુજ હ્રદયની, ખામીઓ દૂર કાઢ. ૨
ટુંકું છે આ જીવિત તદપિ, ઓળખે તો ઘણું છે,
કૈં પામે આ વિમળ ઉર, ઉદ્બોધ એ આપણું છે;
બાકી તો આ નગ પશુ અને, વૃક્ષની છે હયાતી,
તેવું તારૂં જીવિત ગણવું, કાળનું વે'ન ખાલી. ૩
જો જાણે તો તુજ હ્રદયમાં, રત્નરાશી ભર્યો છે,
આપ્યું જ્યારે જીવિત વિભુએ, ભેટ એ આપી તુંને;
તેનાથી તું તુજ જીવિતને, શીખ ઉજાળવાનું,
ને તેનાથી પરમ રસને, શીખતું ઝીલવાનું. ૪
પામ્યો તું આ પરમ વિભુની, પ્રીતિથી સાધનો જે,
તે અજ્ઞાને સકળ ગુંચવ્યાં, વિશ્વની ક્ષુદ્ર જાળે;
જાગ્યો જાણી પરમ રસથી, જાળની ક્ષુદ્રતા તે,
તો તે તોડી તુજ જીવિતને, દિવ્ય માર્ગે ગ્રહીલે. ૫

દૈવેચ્છાએ સતત ગતિથી, વિશ્વ આ જાય ચાલ્યું,
તેમાં તારે ફરજ સમજી, કાર્ય છે સાધવાનું;
કેવી તારી ફરજ ઠરી છે, વિશ્વમાં તું વિચાર ?
કેવો છે આ જગતક્રમમાં, ધર્મનો ગૂઢ માર્ગ ? ૬
તું જો ઝીણી નજર કરીને, માત્ર તું ત્યાં ન ભાસે,
વિશ્વાત્મા આ સકળ જગના, રોમ રોમે પ્રકાશી;
સ્થાને સ્થાને પરખી વિભુના, તેજને પૂજવાનું,
જે કાર્યે તે વિલસતું રહે, તેજ કર્તવ્ય તારું. ૭

આજે એણી પરમ વિભુની, કોઇ ઇચ્છાથી ચાલે;
તેમાં ઉંડા અનુભવ રૂપે, ઇશ્વરી તેજ છુપે;
કાળે કાળે સ્થળ સ્થળ વિષે, તેજ એ વ્યક્ત થાય,
જોનારાના હૃદયરસથી, માત્ર એ ઓળખાય. ૮

આ સૃષ્ટિમાં પ્રતિપલ બને, કાર્ય જે કાંઇ અનેક;
ને તેનાં કાંઈ ફળ નિવડતાં, ઇષ્ટ કિંવા અનિષ્ટ;
વિશ્વાત્માની અકલિત કળાની, સદા પ્રેરણાથી;
ને તેમાંએ છુપી રહી વહે, એક એ કર્મ સાક્ષી. ૯

જુદાં જુદાં મન જુદી જુદી, વાસનાબુદ્ધ જુદી,
તે સર્વેમાં પરમ વિભુની, એક આબાદ શક્તિ;
તે શક્તિને પરમ રસથી, પૂજવી એજ ધર્મ,
જો કે તેને પરખી શકવી, એજ છે ગૂઢ મર્મ. ૧૦

એ શક્તિને પરખી નમનારાજ વિશ્વે જીતે છે,
વિશ્વાત્માની સકળ કરતાં, આજ પૂજા ખરી છે;
ત્યાગી દેજે જગત પરનો, દ્વેષ એ તું અંતરેથી,
દુષ્ટોનોએ કદી ન કરવો, દ્વેષ એ બુદ્ધિ કુડી. ૧૧

ભૂલી જાતું તુજ જીવિતને, વ્યક્તિનો ભાવ છોડ,
વિશ્વાત્માની સહુ સતત તું, શુદ્ધ સંબંધ જોડ;
એ છે તારી ફરજ વળી છે, ધર્મનો મંત્ર ગૂઢ,
જો પામે તું મુજ હૃદયની, એજ આશિષ શુદ્ધ. ૧૨

૧૨૮
અસ્ત થતો સૂર્ય.
શિખરિણી

ઉગેલો આકાશે પુરવ ભણી તેજે ઝળહળી,
હવે શાને કાજે જલધિ–લહરીમાં જવું ભળી?
દિસે આંખો આંખો દુઃખ કઇ વસે શું હૃદયમાં?
વિચારે શું વા'લા! જલધિતટ ઉભો રહી હવાં?
સુખી સંસારે કો નહિ, દુઃખ વસે માત્ર જગમાં,
વિધિની સૃષ્ટિમાં પળપળ નવાં દુઃખ સરજયાં;
નિહાળી એવું કંઇ દિવસ સઘળો દુઃખ ધરીને,
ઉભો તું શું વા'લા! જગતથકી સંન્યાસ ગ્રહીને?
નિહાળે વા કોઈ સુખી જગતને દિવ્ય નજરે,
અહીંના લોકોને સતત સુખ દેવા ધરી ઉરે;
ભલે! તારી દૃષ્ટિ ઉપકૃતિ તણું કાર્ય કરજો,
અને આ તારૂં તે દુઃખ સકળ નાશી દૂર થજો.
પરંતુ તેં જોયું જગત સઘળું દિવ્ય નજરે,
દીઠાં કેવાં કૃત્યો જગત–જનનાં મિત્ર કહી દે;
દીઠા પ્રેમી કોઇ પુનિત–જન કે માત્ર જગમાં?
ભર્યા સ્વાર્થે એવા પતિત–જન દીઠા જગતમાં?
ન જોયું જોયું વા કર્યું કંઇ હશે શ્રેષ્ઠ હૃદયે,
પરંતુ કોઈ છે શરમ તુજ ધારી હૃદય તે?
ચતું અંધારે તે અવગણી ભલે ના ધર્યું ઉરે,
પરંતુ ઉઘાડે દિવસ ઠગતા પાપી તુજને.

પ્રપંચે ખેલે છે જન વિવિધ ફંદા કપટના,
રચે છે માયામાં અતિ ગહન દુષ્કર્મ રચના;
ન જાણે જાણે કો મૂરખ ફરતા પાપ કરમે,
ઠગે છે તારા ને પરમ પ્રભુના દિવ્ય પદને.
ધરે કોને કાજે દુઃખ ગણી હવે દુઃખ દિલમાં,
ન છાજે દુષ્ટોને સુખ લગીર હા! પાપ ફલમાં,
હશે કોઈ ક્યાંઇ પુનિત–જન જો આ જગતમાં,
નહિ તેને તો કૈં સુખ દુઃખ તણો ભેદ મનમાં.
તજી દે તું ચિંતા દિનમણિ! તજીને જગત આ,
હવે ચાલ્યો જાને પતિત–જન છો અંધ બનતા;
રખે તારી કાન્તિ પતિત–જનથી ભ્રષ્ટ બનશે,
ખરે! પાપી કેરૂં ઉપકૃતિતણું એજ ફળ છે.

દામોદર કાનજી ભટ્ટ.

૧૨૯

સપ્તપદી.

(રાગ ઈશ્વર વિવાહનો.)

મંગળ લગ્ન પ્રસંગનો ચારરે,
તેનો વર્ણન કરૂં હું આ વારરે.
વેદશાસ્ત્રમાં જેની છે રીતરે,
તેને પ્રગટ કરૂં શુભ રીતરે.

પ્રથમ વર બોલે કન્યાને એમરે,
સાત ડગલાં ભરે ધરી પ્રેમરે.
સુણી ભાવી પતિની વાણીરે,
ભરે પગલાં તે શાસ્ત્ર પ્રમાણીરે.
પે'લે પગલે તે બોલે નારીરે,
થઇશ આપ તણી સહચારીરે.
સુખદુઃખમહિં ભાગ લઇશરે,
નિત્ય શરણ તમારે રહીશરે.
બીજે પગલે તે બોલે એ રીતેરે,
પોષણ કરીશ સકળનું પ્રીતેરે.
સાસુ સસરા ગણીને દેવરે,
ભાવ ધરીને કરીશ તેની સેવરે.
જેઠ આદિની આજ્ઞા પાળુંરે,
તેમ બાળને નિત્ય સંભાળુંરે.
સારા નરસાનું રાખીશ ભાનરે,
ગૃહ-કાર્યમાં રાખીશ ધ્યાનરે.
ત્રીજે પગલે તે બોલે બાળારે,
હું તો ગણીશ તમોને વા'લારે.
ભક્તિ અખંડ કરીશ તમારીરે,
મીઠી વાણી વદીશ ઘણી સારીરે.
ચોથે પગલે પછી એમ બોલેરે,
નહિ ગણું કોઇ આપને તોલેરે.
પીડા તમને થતાં પીડાઉં અંગેરે,

તમ આજ્ઞા પાળું રહી સંગેરે.
પાંચમે પગલે તે બોલે વિચારીરે,
તમે સુણજો પ્રતિજ્ઞા મારીરે.
મારા ધર્મમાં આવીશ ત્યારેરે,
શુદ્ધ ભાવથી સેવીશ ત્યારેરે.
પર પુરૂષ ગણું ભાઈ બાપરે,
કદી મનથીએ કરીશ ન પાપરે.
છઠ્ઠે પગલે ધરીને ઉમંગરે,
બોલે વાણી મધુરી રંગેરે.
થઈ પ્રીત છે આપણી સાચીરે,
હવે વાત રહી નથી કાચીરે.
તેનું કારણ એક અનુપરે,
થયા સાક્ષી છે વિષ્ણુ-સ્વરૂપરે.
છેલ્લે પગલે પછી એમ બોલીરે,
નિજ અંતરને ખૂબ ખોલીરે.
શુભ કાર્યમાં સ્હાય કરીશરે,
ધર્મ કરતાં કદી ન ફરીશરે.
ધન મેળવશો તમો જ્યારેરે,
તેનું રક્ષણ કરીશ હું ત્યારેરે.
શુદ્ધ વાસના પૂરી કરીશરે,
હરિ-ભક્તિમાં પ્રેમ ધરીશરે.
સાત પગલાંનું વર્ણન જે ગાયરે,
તેનો પતિમહિં પ્રેમ બંધાયરે.

દામોદર કરે વર્ણન પ્રીતેરે,
સર્વ ગાઇને રાખજો ચિત્તેરે.
વેદશાસ્ત્રની આજ્ઞા જે પાળેરે,
તેને જગતનો નાથ સંભાળેરે.

સપ્તપદી.

૧૩૦
પ્રેમ–રસ.
આશાગોડી.

કઇ રીતે હું રીઝાવું ? પ્રભુને કઇ રીતે હું રીઝાવું ? ધ્રુવ.
જેના ચરણથી નીકળી સુર-સરી, સ્નાન તેને શું કરાવું ? પ્રભુને૦
કોટિ રવીસમ જેની કાન્તિ, તેને શું દીપ ધરાવું ? પ્રભુને૦
અનહદ વાજાં વાગે નિરંતર, તેને શું શંખ સુણાવું ? પ્રભુને૦
વેદ બધા જેના કંઠમહિં છે, તેને શું પાઠ સુણાવું ? પ્રભુને૦
કામદુધા, સુરતરુ જે પાસે, તેને શું ભોગ ધરાવું ? પ્રભુને૦
લક્ષ્મીજી છે જેના ચરણમાં, તેને શું દ્રવ્ય દેખાડું ? પ્રભુને૦
વદન કમળ સમ શોભી રહ્યું છે, તેને શું પુષ્પ ચડાવું ? પ્રભુને૦
દામોદર પ્રભુ ! આપચરણને, પ્રેમ-રસે હું ભિંજાવું. પ્રભુને૦

૧૩૧
પરમાર્થ.
હરિગીત.

બહુ તીર્થ-સ્થળ પ્રત્યે ફર્યો ધનની ન કરી દરકાર કંઈ,
બહુ ટાઢ ને તડકા સહ્યા શ્રદ્ધા બહુ હૃદયે ધરી;

દર્શન કર્યાં બહુ ભાવપૂર્વક નિત્ય, આઠે પ્હોરનાં,
પણ એમ રીઝે રામ નહિ પરમાર્થ કંઇ કરવા વિના.
પ્રાતઃસમય ઉઠી અને જપતા રહો હરિનામને,
સાધુતણું સેવન કરો તજીને સદા અભિમાનને;
ધરી સ્નેહ કદી ગાશો તમે કીર્તનમહિં ગુણ રામના,
પણ એમ રીઝે રામ નહિ પરમાર્થ કંઇ કરવા વિના.
કરી યજ્ઞ ઉત્તમ રીતથી હોમો હવનમાં ઘી ઘણાં.
બ્રાહ્મણ સમીપે વેદધ્વનિ ઉચરાવશો ઉત્તમ ઘણા;
એ દ્રવ્ય ખરચી અંતરે થઇ પૂર્ણ ગણશો કામના,
પણ એમ રીઝે રામ નહિ પરમાર્થ કંઇ કરવા વિના.

૧૩૨
આશાને ઉપાલંભ
આશાગોડી.

ક્યાં સુધી મનને નચાવે ? આશા! ક્યાં સુધી મનને નચાવે ? ધ્રુવ.
અઘટિત ઘટનામાં જનમનને, કેમ વૃથા લલચાવે ? આશા૦
ખલ પુરુષોના કઠિન ધ્વનિને, શ્રવણ સદૈવ કરાવે. આશા૦
હૃદયાશ્રુને અટકાવીને, અધમ નરોને નમાવે. આશા૦
હાસ્યજનક બુદ્ધિમાનોને, નમન વિશેષે કરાવે. આશા૦
ધનિકતણી મર્યાદા માટે, અધિક અધિક તું ડરાવે. આશા૦
અધમાચરણે યુક્ત જનોની, શ્લાઘા વૃથા કરાવે. આશા૦
ત્યમ અધમાચરણોને માટે, મનમાં ભૂત ભરાવે. આશા૦
સ્વાર્થપરત્વે અંધ બનાવી, અઘટિત ધ્વનિ ઉચરાવે. આશા૦

હૃદય કઠોર બનાવીને ત્યમ, અન્તર-ધ્વંસ કરાવે. આશા૦
ક્ષુદ્ર કાર્યમાં લલચાવીને, વિપરીત પંથ ધરાવે. આશા૦
દામોદર ધર્માચરણોનો, પંથ સુખદ વિસરાવે. આશા૦
પુરુષ છતાં તું નિશદિન જનને, નારી—વેષ ધરાવે. આશા૦
રૂપ વિચિત્ર બનાવી ત્યમશું, અગણિત નાચ નચાવે. આશા૦
ક્રોધી જનોના અતિવ પ્રહારો, પણ રે ! સહન કરાવે. આશા૦
મૂર્ખ ધનિકતા પૂર્ણ બનાવી, ખચિત તું અશ્રુ સરાવે. આશા૦
ભૂખ-તૃષાનું દુઃખ ખમાવી, રણવગડામાં ભમાવે. આશા૦
ટાઢ અને તડકાનાં દુઃખનું, ભાન સદૈવ ભુલાવે. આશા૦
મર્યાદા પણ શ્રેષ્ઠ જનોની, શુભકર નિત્ય તજાવે. આશા૦
નિત્ય સદાચરણો વિસરાવી, કુટિલપણાને ભજાવે. આશા૦
દામોદર પ્રભુપદપંકજને, છેક નફટ!! તું તજાવે. આશા૦
જો અમને તું તજીશ દયા કરી, તો શ્રીકાન્ત બચાવે. આશા૦

૧૩૩
સારા અને નરસા એક ભાવે ખપવા વિષે.
શાર્દૂલવિક્રીડિત.

બુદ્ધિમંદ વિચારશૂન્ય અતિશે જ્યાં દુર્જનો છે સદા,
સારાસાર વિચારહીન જન જ્યાં ગ્લાની કરે સર્વદા;
સદ્‌બોધી સુવિચાર જ્ઞાન તજીને ઉન્માર્ગને જ્યાં જપે,
સારા ને નરસા બધાય જગમાં ત્યાં એક ભાવે ખપે. ૧
શું સારૂં નરસું કદી પણ નથી તે જ્ઞાન જેને જરા,
જે ઉચ્છૃંખલ થઈ ફરે પ્રતિદિને જેવા દિસે વાંદરા;

તેવા દુર્જન લોક સર્વ મળીને જે જે સ્થળોમાં તપે,
સારા ને નરસા બધાય જગમાં ત્યાં એક ભાવે ખપે. ૨
વિદ્યાવાન છતાં નિરંતર વદે વાણી સદા વાદમાં,
ચાલે ખૂબ છકી જઈ છટકમાં અત્યંત ઉન્માદમાં;
તેવા દુર્જન લોક સર્વ મળીને જે જે સ્થળોમાં તપે,
સારા ને નરસા બધાય જગમાં ત્યાં એક ભાવે ખપે. ૩
જ્યાં સર્વે કુટિલો મળી પ્રતિદિને નિંદા કરે પારકી,
શું ઉપાયથકી બને અવરનું બૂરૂં, ધરે એ વકી;
'બૂરૂં અન્યતણું ખચિત કરવું' જ્યાં એ વિચારે જપે,
સારા ને નરસા બધાય જગમાં ત્યાં એક ભાવે ખપે. ૪
છોડીને નિજ પ્રીત રીત ધરીછે જેણે સુધારાતણી,
છોડી છેક વિવેક માત્ર તનને પોષે રીતેથી ઘણી;
તેવા છે વસનાર જ્યાં પ્રતિદિને લજ્જા તજી પાદપે,
સારા ને નરસા બધાય જગમાં ત્યાં એક ભાવે ખપે. ૫
નીતિ ન્યાયતણી ગતિ પણ કશી જાણે ન જે ભૂપતિ,
તેવા ભૂપ સમીપ દુર્જન વસી ચોરી કરે છે છતી;
તેની તો દરકાર કંઈ નવ થતાં સન્માર્ગને જ્યાં ટપે,
સારા ને નરસા બધાય જગમાં ત્યાં એક ભાવે ખપે. ૬
વાણી પૂર્ણ કઠોર નિત્ય વદીને વાધે વિરોધે કરી,
સારો કલેશ જમાવીને નયનમાં હાલહલાદિ ભરી;
જ્યાં તેઓ મળીને તતક્ષણ પછી અન્યોન્ય મિથ્યા તપે,
સારા ને નરસા બધાય જગમાં ત્યાં એક ભાવે ખપે. ૭
વાંધો વેધ–વિરોધ સર્વ તજીને સન્યાયને આચરી,

રાખી સંપ વિવેક પૂર્ણ મનથી આરાધતાં શ્રીહરિ;
સત્કાર્યો કરીને અહર્નિશ જનો સચ્છાયમાં જ્યાં છપે,
સારા ને નરસા ખરે! જગતમાં ત્યાં ભિન્ન ભાવે ખપે. ૮

૧૩૪

સ્ત્રી-બોધક.

(કામણ દીસે છે અલબેલા તારી આંખમાંરે—એ ઢાળ)

બેની! સ્નેહરંગ-આનંદે નિત્ય માલજેરે,
પતિવ્રત પાળજેરે ધ્રુ૦

ભારતીની પુત્રી તું રૂડી, સહે અનુપમ દુઃખડા ધીરી;
તદપિ મોંઘડે મુખડે તુજ સ્મિત રાખજેરે,
વિમળ પ્રીતિ ઝાંખજેરે. બેની.

ધર્મશાસ્ત્રની અદ્ભુત વાણી, સર્વ પંથમાં નીતિ પ્રમાણી;
દિવ્યયુગ્મ તુજ પતિ-તુજ કેરૂં સુહાવજેરે.
શિયળમાં રાચજેરે. બેની.

અનેક લાલચ તુજને નડશે, પ્રેમ-માર્ગમાં કંટક પડશે;
જગદીશ્વરપર શ્રદ્ધા સાચી રાખજેરે,
તરીને તારજેરે. બેની.

નિર્બળતા હૃદયેથી ઉતારી, વિચારોને આચાર સુધારી;
પતિ-ઉર વિરમી સંતોષે સુખદા થજેરે,
પતિ પ્રભુ માનજેરે. બેની.

માતુ આપણી ભારતી જોતી, ખિન્નગાત્ર આંસુડાં લો'તી;
પૂર્વ સ્થિતિ આહ્લાદક ગઇ ક્યાં એની છેરે,
અંતરમાં દહેરે. બેની.

વે'મ, કુસંપો, ક્લેશ કપાવી, ગૃહમંદિર સુખવાડી બનાવી;
દીનજનોમાં આત્મ-ઉદ્દાર તું ધારજેરે,
ખરૂં તુજ રૂપ તે રે. બેની.
ક્લિષ્ટ રૂઢિનાં બંધન તોડી, સુનીતિ, લજ્જા, સુવ્રત જોડી;
નિજ બાળક—બુદ્ધિ ને વૃત્તિ ખિલાવજે,
ઉદયની આશ એરે. બેની.
શોક-તિમિરની જ્વાળા તારા કુટુંબમાં કરી શાંત, સૌખ્યદા;
તનમન—આત્મોદ્ધાર સુધારા હાથ લેરે,
જનનીં ભૂમિ રક્ષજેરે. બેની.

નાગરલાલ રેવાશંકર પંડ્યા.

૧૩૫

રાજ્ય-ગીત.

સવૈયા.

ભલે પધાર્યા! ભલે પધાર્યા! શહેનશાહ શ્રી પંચમ જ્યોર્જ,
શહેનશાહ્બાનુ **મેરી** સહ હિંદવિષે અતિશય ધરી હર્ષ;
થઇ પધરામણી દેશવિષે દિસતાં સુધરીજ ગયાં સૌકાજ,
શહેનશાહ શ્રી **જ્યોર્જ** પાંચમા તપો અવિચળ તમ આ રાજ્ય. ૧
પાટનગર કીધું દિલ્હીને, બંગ ભંગ પાછા સંધાય,
'બીગડી નાથવિણ કોણ સુધારે?' એ કે'વત ત્યાં સત્ય જણાય;

કે'વું છે સે'લું પણ કરવું કઠિન ગણાય, કીધું મહારાજ,
શહેનશાહ શ્રી **જયોર્જ** પાંચમા તપો અવિચળ તમ આ રાજ્ય. ૨
તારીખ બાર ડિસેમ્બર ઇસ્વી સાલ મુબારક છે અગીઆર,
આપ્યો શુભ અવસર આ પ્રભુએ મંગળમય આ મંગળવાર;
હોંસ ધરીને પ્રજા-કષ્ટનાં છેદન કરવા કર્યા ઇલાજ,
મહારાજા શ્રી **જયોર્જ** પાંચમા રહો અવિચળ તમ આ રાજ્ય. ૩
ચક્રવર્તિ મહારાજ મનાયા, દેવાંશી નૃપ શુભ ગુણવાન,
દેશ દેશના રાજા સઘળા પ્રેમ ધરી આપે સન્માન;
અખિલ પૃથ્વીમાં સુખદાતાનાં રાજ્યમહિં એ મોટું રાજ્ય,
શહેનશાહ શ્રી **જયોર્જ** પાંચમા તપો અવિચળ તમ આ રાજ્ય. ૪
પરમકૃપાળુ કૃપા કરીને રૈયતની લેવા સંભાળ,
પંડ પધારી દર્શન દીધાં, આણી ઉરવિષે અતિ વા'લ;
અર્ધ કોટિ રૂપીઆ આપ્યા ત્યાં કેળવણી સુધરવા કાજ,
શહેનશાહ શ્રી **જયોર્જ** પાંચમા તપો અવિચળ તમ આ રાજ્ય. ૫
પ્રજાજનોમાં હર્ષ માય નહિ, ટોળે ટોળાં દર્શન ન્હાય,
હર્ષ વધ્યો ઉરમાં એવો કે, ગગન ગજાવી રાજી થાય;
ધન્ય! ધન્ય! વાણીથી વદતાં અપૂર્વ આ ઉત્સવ દરશાય,
શહેનશાહ શ્રી **જયોર્જ** પાંચમા તપો અવિચળ તમ આ રાજ્ય. ૬
સરઘસ કલકત્તામાં કાઢયું, નેપાળે શિકાર ગવાય,
બંગાળાના સુધરેલા સૌ શિષ્ટજનો વદતા જગરાય;
જગતતણા ઇતિહાસવિષે આ પૂર્વ નિદર્શન દીઠું આજ,
શહેશનશાહ શ્રી **જયોર્જ** પાંચમા તપો અવિચળ તમ આ રાજ્ય. ૭
કેદીનાં બંધન કૈં છૂટયાં, કેદી બાળ બધા હરખાય,

'ભલું થજો આ શહેનશાહનું" આશીર્વચનો બહુ ઉચરાય;
બાળક ચાંદ મળ્યાથી ઘર ઘર દર્શન માતપિતા સમ ચ્હાય,
શહેનશાહ શ્રી **જયોર્જ** પાંચમા તપો અવિચળ તમ આ રાજ્ય. ૮
ભલે પધારો! જન્મભૂમિમાં પણ વિનતિ હિંદની મા'રાજ,
ફરીવારકાં દર્શન દેવા કૃપા તમો કરશો શીરતાજ;
અંતરથી નહિ ભૂલીએ ક્યારે, આપ નહિ ભૂલશોજ કદાય,
શહેનશાહ શ્રી **જયોર્જ** પાંચમા તપો અવિચળ તમ આ રાજ્ય. ૯
પ્રેમ ભરિત વચનોથી ગદ્‌ગદ કંઠે સ્નેહ-નદી છલકાય,
લલનાઓ લલકારી પ્રીતે મંગળમય શુભ ગીતો ગાય;
કૃપા રાખજો! પધારજો! આ ધન્ય ભૂમિ અંતર સૌ ચ્હાય,
શહેનશાહ શ્રી **જયોર્જ** પાંચમા તપો અવિચળ તમ આ રાજ્ય. ૧૦

શિખરિણી.

સજોડે આવીને દરશન દીધાં છે હરખથી,
વધાવી લીધાં છે હરખ ભરી વાણી વિનયથી;
અહીં સંતોષ્યાં છે રસબસ કરી ચિત્ત સઘળાં,
પ્રતાપી દેવાંશી! યશ પ્રસરજો **દિવ્ય-ગણમાં**. ૧૧

૧૩૬
મહાન્ ભિક્ષા.
ગઝલ.

નહિ હું તો કશું સમજું, નથી કાંઈ મને ગમતું;
છતાં આ શોધ તારીમાં, સહુએ જીંદગી જાજો.
ચરણમાં આવવા દે જે, શરણમાં તું મને લેજે;

ઉથાપિ પાપના પૂંજો, રહ્યા બાકી મને કે'જે.
કીધાં છે કૃત્ય એવાં કે, ફળો જેનાં નથી સાગં;
કહું છું નાશ કરવાનું, ક્ષમા તું એટલી કરજે.
મને દિદાર દે તારો, કહે ત્યાં ત્યાં ફરી આવું;
પરન્તુ યાચના મારી, ગરીબની તું સ્વીકારી લે.
કહેતો વેદ વાંચીને, કહે તો જ્ઞાન સાંચીને;
પુરાણો, શ્રુતિઓ, સ્મૃતિઓ અને ઉપનિષદો સર્વે,
કરૂં જિહ્વાગ્રને જાણું, પછી આવું હું તું પાસે;
ભરેલો હર્ષથી આવું, કહે તો આવું ઉદાસે.
કહે તો દેશ ત્યાગીને, કહે તો ભીખ માગીને;
કરૂં અવતાર હું પુરો, કહે તું જેટલા તે તે.
ભગુવાં ધારીને વસ્ત્રો, ગ્રહીને જ્ઞાનનાં શસ્ત્રો;
પ્રવેશું મંદિરે તારે, હૂકમ જો હોય પ્રેમીલા.
લઉં સંન્યાસ કાશીનો, કરૂં હું સ્નાન ગંગામાં;
અતીતની હું દશા ધારૂં, અહો ! વ્યવહાર મારામાં.
કહે તો સાધું સિદ્ધિને, જગદ્ આખે પ્રસિદ્ધિને;
નહિ તો તંત્રનાં યંત્રો, કરૂં હુ મંત્રથી પ્રેમે.
કહે તો બ્રહ્મ આરાધું, ભજન કરતો બનું સાધુ;
ગણાઉ સંતમાં સ્નેહે, કહે દિલગીર થાશે કે ?
કહે તો બાણ-શય્યામાં, પથારી પ્રેમથી માંડું;
કહે તો રામના નામે, તરી શલ્યા કરૂં એવું.
હિમાળે હાડ હું ગાળું, કહેતો મૌનવ્રત પાળું;
કરીને યજ્ઞ-યાગાદિ, ચિતામાં દેહને બાળું.

કહે તો રાખું ગરીબાઇ, કહે તો રહું હું રીબાઇ;
તને મળવા કહે તે તે, કરૂં હું આજ હે ! ભાઈ.
ધરી તેં હાથ માલીકી, કીધી આ ખૂબી તે શું કે';
ઘણા એવા રહ્યા જાતા, પરંતુ ના જવાબો દે.
કરીને મે'રબાની તું, જુબાની મારી આ લઇ લે;
દઈ ઈન્સાફ છેવટનો, મને તો કંઇ બતાવી દે.

✻ધર્મપ્રસાદાનંદ.

૧૩૭

ઇશ્વર-સ્મરણ.

(ક્યાંથી આ સંભળાય મધુર સુર-એ ઢાળ)

ભયભંજન ભગવાન સમરલે, ભયભંજન ભગવાન. ધ્રુવ.
વાકો સમરતાં મહાસુખ પાવે, માટે બની એક તાન. **સમરલે.**
જનમ મરણકો ભય રાખીને, શ્રી હરિ સારંગપાન. **સમરલે.**
બાજતહે શીર કાળ-દદામાં, ભૂલકયું મૂત્યુ ભાન. **સમરલે.**
પ્રભુ-ભજન બીન પામર પ્રાણી, છોડે ન જમજોરાણુ. **સમરલે.**
કોપ કરી કાળ-કરાળ આવી, કરશે અતિ હેરાન. **સમરલે.**
જ્ઞાનાનંદ કહે સંત શીખામણુ માનીને પીયુષ સમાન. **સમરલે.**

✻ તેઓશ્રીનો જન્મ સંવત્ ૧૯૩૨માં નાનીબોરૂ ગામમાં અહિચ્છત્રા નાગરની જ્ઞાતિના મોરારજી પાઠકને ત્યાં થયો હતો. તેઓશ્રીનું પૂર્વાશ્રમનું નામ ગિરિજાશંકર હતું. તેઓશ્રી ૧૪ વર્ષની

૧૩૮

દશાવતાર-સ્તુતિ.

શાર્દૂલવિક્રીડિત.

વાળ્યા વેદ અભેદ રૂપ ધરીને મીનાકૃતિતો કરી,
માર્યો શંખ અસુર શૂર દઇને પાતાળમાં શ્રી હરિ;
દીધું જ્ઞાનજ ગૂઢ સત્યવ્રતને ગુણો ન જાયે કહ્યા,
એવા સ્વામી સદાય દાસ ઉપરે દીસે ધરોને દયા. ૧
નિધિને મથવા ધર્યો પીઠપરે મંદ્રાખ્ય આપે પ્રભુ,
ધારી રૂપજ વેદ, કાજ કરિયું દેવોતણું હે વિભુ;
આપે ઔષધી-તત્ત્વશોધન કર્યું સિંધુ-સુતાને વર્યા,
એવા સ્વામી સદાય દાસ ઉપરે દીસે ધરોને દયા. ૨
જ્યારે ભૂમિ રસાતલે લઇજઈ દૈત્યે દીધાં દુઃખને,
ત્યારે ત્યાંય વરાહ રૂપ ધરીને આપ્યાં સહુ સુખને;
હીરણ્યાક્ષ હણી ખણીય પૃથ્વી દાઢે ધરીને રહ્યા,
એવા સ્વામી સદાય દાસ ઉપરે દીસે ધરોને દયા. ૩
બ્રહ્માના વર સોય સત્ય કરવા વિરૂપ આપે ધર્યું,
હાથેથીજ હણ્યો હિરણ્યકશિપુ પ્રહ્લાદ-કારજ કર્યું;

વયે વૈરાગ્ય પ્રાપ્ત થવાથી સ્વામીનારાયણ સંપ્રદાયના નૈષ્ઠિક બ્રહ્મચારીજી, શાસ્ત્રી સચ્ચિદાનંદજી પાસેથી દીક્ષા લઇ તેઓશ્રીના શિષ્ય થઇને રહ્યા હતા, અને તે સ્થિતિ અદ્યાપિપર્યંત ચાલુજ છે. તેઓશ્રીએ બધી કાવ્યકૃતિ 'જ્ઞાનાનંદ'ના નામથીજ લખેલી છે, અને તે બધી અપ્રસિદ્ધ છે. બનશે તો ટુંક મુદતમાં પ્રસિદ્ધ થશે.

ચાંપી નિજ ઉરે અતિશય હરિ આનંદદાતા થયા,
એવા સ્વામી સદાય દાસ ઉપરે દીલે ધરોને દયા. ૪
વા'લા વામનરૂપ ધારી વસુધા ત્રિપાદ યાચી હરિ,
દાબ્યો શુક્ર-શિશુ છળી સુતળમાં વૈરાટરૂપે કરી;
ટાળી તાપ અમાપ ઇંદ્રિ–ઉરના વેપેશુ વર્ણી થયા,
એવા સ્વામી સદાય દાસ ઉપરે દીલે ધરોને દયા. ૫
પોતાના પિતુનેજ સપ્ત ઋષિમાં સ્થિતિ દઇને હરિ,
માર્યા ક્ષત્રિ અનંત પરશુ લઇને ત્રિસપ્તવારે કરી;
ભૂમિદાન કરીય વિપ્રજનને રૂધિર–કુંડો ભર્યા,
એવા સ્વામી સદાય દાસ ઉપરે દીલે ધરોને દયા. ૬
પિતાના વચનેથી વન વિચરી, શિલા અહલ્યા કરી,
સાથે વાનર–સૈન્ય આપ લઇને સેતુ સમુદ્રે ધરી;
માર્યો લંકપતિ સતીય અર્થે, જઇને અયોધ્યા રહ્યા,
એવા સ્વામી સદાય દાસ ઉપરે દીલે ધરોને દયા. ૭
કંસાદિક અસુર મારી અવનિ લીલા બહુ વિસ્તરી,
ધારીને કર ગિરિરાજ જનની પીડા અતીશે હરી;
પાંડવ–પક્ષ વધારી, રજ બનીને દ્વારામતીમાં રહ્યા,
એવા સ્વામી સદાય દાસ ઉપરે દીલે ધરોને દયા. ૮
ધારી બૌદ્ધ સ્વરૂપ દૈત્યજનને મોહિત મા'વાં! કર્યા,
સ્થાપીને નિજ—ધર્મ આપ અવનિ કારૂણ્યતાથી ફર્યા;
પાખંડી મત છેદી જ્ઞાન દઇને હિંસાનિષેધો કર્યા,
એવા સ્વામી સદાય દાસ ઉપરે દીલે ધરોને દયા. ૯
જ્યારે પાપીનણોજ ભાર વધશે ત્યારે કલંકી થઈ,

વાજી સ્વારિ કરી અસુર હણશો પાટ્-પ્રહારો દઇ;
સ્થાપો છો સતયુગ શુભ અવનિ વેદે વિચારી કહ્યા,
એવા સ્વામી સદાય દાસ ઉપરે દીલે ધરોને દયા. ૧૦
જેવું કારજ તેવું રૂપ ધરીને ભાવે ભૂમિમાં ફરો,
આપી સુખ અપાર નિજ-જનને પીડા પરી સૌ કરો;
આપે અક્ષરવાસી ભક્તિ-સુત થઇ વૃત્તાલમાંહિં રહ્યા,
એવા સ્વામી સદાય દાસ ઉપરે દીલે ધરોને દયા. ૧૧

૧૩૯

જ્ઞાનેંદ્રિય—વિગ્રહ

મનહર.

સદસિ સ્વજન સ્નેહ ધરી સુણો વાત કહું,
હરિ-રસ પાન કરી કાન માનવાન છે;
રસના રસિક વાક્ય ઉચારીને એમ કહે,
રસના—"માન ન ધર કાન તુંને અજ્ઞાન છે;
મારૂં જે ઉચ્છિષ્ટ તેને ખાઇ ગુલતાન થાય,
બકવાદ કરવાનું તને એક ભાન છે;"
કર્ણ—"પતિવ્રતા બળવડે બોલ નહિ જીભ હવે,
હૃદયને ટાઢું કરૂં તેનું મને તાન છે. ૧
જીવ ઘણા મુક્તપણું પામીઆજ મારાથકી,
ગમે તેવો ગૂઢ અભિપ્રાય જાણી લહું છું;"
રસના—"હરિ હરિજન-યશ વિના નવ બોલું કદી,
પ્રભુ-ગુણ ગાવા નિત્ય અંતરમાં ચહું છું;

ફાવે તેવા શબ્દ સુણે લાજ જરા મન નહિ,
ભ્રષ્ટ ભક્તિવાળો તું જ સત્ય હું તો કહું છું;"
બેઉ તણો વાદ સુણી નયન નિહાળી કહે,
ચક્ષુ—"હરિ-રૂપ ધારવાથી આનંદી હું બહુ છું. ૨
જીભ કહે જાળવીને બોલ, તોલ જેથી રહે,
પ્રભુ-રૂપ વિના જુએ કહો, તેનું કેમ છે?
બોલવું ને સાંભળવું જોયા વિના કયાંથી બને,
ગરવ ધરીને બોલો પછી ફાવે તેમ છે;"
ઘ્રાણ ઘણું જોર કરી ભ્રકુટી ચડાવી કહે,
ઘ્રાણ—"હરિ-હાર સુગંધીથી મને બહુ પ્રેમ છે;
પ્રાણાયામ વડે હું તો સહુનેય વશ કરૂં,
જાવા નવ દઉં તેથી હરિતણી રે'મ છે" ૩
ત્વચા તત્કાળ તહાં દોડી આવી એમ કહે,
ત્વચા—"સેપી કામ કરવામાં અતિ ઘણો માલ છે;
જાણ્યાવિના માંહો માંહે વઢી મરો શીદ તમે,
મળી રામ રાજી રહું કેવો એહ ખ્યાલ છે;"
જીભ તત્કાળ તહાં આવી એમ કે'વા રહી,
રસના—"તારા ગુણ જોતાં મુજ અંતરમાં ઝાળ છે,
ફાવે તેને ભેટી યોગીઓને ભવ રખડાવી,
ફુલી નવ બોલ, હવે ગુણ શું રસાળ છે?" ૨
સહુ સાથ જીત કરી જીભ જોરવાન થઈ,
હરિ-ગુણ ગાવામાંહિ તત્પર જેહ છે;

રસના—"મન વડે ધણું કરૂં હરિનું સ્મરણુ નિત્ય,
મોઢે નવ બોલું દેહ મારો નિસ્પ્રેહ છે;"
જીવ જીભ જાળવીને બતરીથી બંધ કરી,
સહુ થકી ગુણવાન જાણી બાંધ્યો સ્નેહ છે;
ગુણ-દોષ પાંચે તણા જીવે સહુ જાણી લીધા,
કબજે રાખીને કામ કરવું ઉત્તમ છે. ૫

૧૪૭

* સ્ત્રી—શિક્ષા.

(તમો એરાને આવોરે—એ ઢાળ)

શાણી શીખ કહું તેરે ધરો ઉર ઉમંગે;
રહેવું મહીયરમાંહિ રે, કે સદ્‌ગુણી સ્ત્રી સંગે.
વ્યભિચારી જે નારીરે, જો હોય સખીમંડળમાં;
તેની સાથે ન જાવુંરે, કદી દેવ દરશનમાં.
સાખી—આભૂષણુ નવ પે'રવાં, નિજ મહીયરની માંય;
હાંસી પણ કરવી નહિ, નીતિ પાળી સદાય.
જનસમૂહ જયાં થાયેરે, માનનીઓ ને પુરુષતણે;
નહિ જાવું (તે) પ્રસંગેરે, ધારી શુભ આચરણો.
સાખી—બંધુ આદિ સર્વની, સાથે કરતાં વાત;

* આ કાવ્ય અમારી જ્ઞાતિના કાવ્યપ્રેમી ડૉકટર રામભટ પીતાંબર ભટ્ટનું બનાવેલું છે.

દૃષ્ટિ નીચી રાખીને, ઢાંકો વસ્ત્રથી જાત.
પ્રભુને નિત્ય પૂજીરે, પતિચરણે શીશ ધરો;
ઇન્દ્રિયો વશ રાખીરે, વડીલોની સેવા કરો.

સાખી—ગૃહનાં કાર્ય સમેટીને, સતીઓના ઇતિહાસ;
વાંચો મનમાં સમજીને, તે પદ લેવા આશ.
મળશે પ્રીતે પ્રભુજીરે, સતીધર્મ આચરતાં,
પ્રાણીમાત્ર ન દુભોરે, રહો દીલમાં ડરતાં.

સાખી—વ્રતના દિનમાં ભૂખ તે, આપે દુઃખ અપાર;
પણ નિજ ટેક ચુકે નહિ, ન કરે અહાર લગાર.
તેમ ઇન્દ્રિયો સરવેરે, આપે કષ્ટ ભક્ષ વિના;
તેને રાખે જે તાબેરે, તે તો ધર્મ સતીઓતણા.

સાખી—પતિ સુખે સુખ જે ગણે, દુઃખે દુઃખ સે'નાર;
આભૂષણ ઇચ્છે નહિ, ફકત પતિમાં પ્યાર.
ખાનપાનને માટેરે, પતિને જે પીડે નહિ;
સહે દુઃખ શરીરેરે, સતી-શિક્ષા ઉરમાં લહી.

સાખી—મહીયરમાં સુખપાલ પણ, પતિ સંયોગે સુખ;
વૈભવ-સુખ સોગણું મળે, તોય વિયોગે દુઃખ.
તેવી નાર પતિનેરે, પુરવ પૂન્યબળથી મળે;
તેથી વિપરીત હોયેરે, વિના અગ્નિ દેહ બળે.

પરિશિષ્ટ.

ભાણુશંકર જયશંકર પંડ્યા.

તેઓશ્રીનો જન્મ સંવત્ ૧૯૦૨ માં કાઠિયાવાડમાં થયો હતો. અને મરણ સંવત્ ૧૯૪૭ માં થયું હતું.

તેઓશ્રીએ કેટલોએક વખત શિહોર, રાજકોટ, વગેરેની અંગ્રેજી સ્કૂલોમાં હેડમાસ્તર તરીકેનું, અને કેટલોએક વખત છડરના મહારાજાના શિક્ષક તરીકેનું કાર્ય કર્યું હતું.

જ્યારે તેઓ રાજકોટમાંથી નીકળતા 'વિજ્ઞાન વિલાસ' નામના પત્રના તંત્રી હતા ત્યારે તેની અંદર પોતાનાં કાવ્યો પ્રગટ કરતા. તે સિવાય તેઓનાં રચેલાં કાવ્યો અન્ય સ્થળે પ્રકટ થએલાં જણાતાં નથી. હજુ તેઓશ્રીનાં રચેલાં ઘણાં કાવ્યો અપ્રસિદ્ધ છે જે ઘણાં બોધદાયક જણાય છે.

૨૪૧

સહેલું અને મુશ્કેલ.

દોહરા.

દૂધ, દહિં, ઘી સહજમાં, ચોરી ખાવાં સ્હેલ;
કૃષ્ણે ગિરિવર કર ધર્યો, એ છે અતિ મુશ્કેલ. ૧

અંગે ભસ્મ લગાડવી, મસાણ સૂવું સ્હેલ;
કંઠવિષે વિષ ધારવું, એ છે અતિ મુશ્કેલ. ૨

હંસગતિ સમ ચાલવું, તે તો જાણો સ્હેલ;

પય પય જુદાં પાડવાં, એ છે અતિ મુશ્કેલ. ૩
આપ તાપથી અવરને, દહન કરવાં સ્હેલ;
પ્રકાશથી જન પેખવા, એ છે અતિ મુશ્કેલ. ૪
કરો કરો કહી અન્યને, શિક્ષા દેવી સ્હેલ;
પોતે પહેલ કાઢવી, માનો એ મુશ્કેલ. ૫
અહિ સમ વિષયની જ્વાળથી, ડસવું તે છે સ્હેલ;
શેષે પૃથ્વી શીર ધરી, એ છે અતિ મુશ્કેલ. ૬
અવયવ રચવા આકૃતિ, સમાન રચવા સ્હેલ;
પણ ચૈતન ચોટાડવું, સદા રહ્યું મુશ્કેલ. ૭
'अहं ब्रह्म' કહી આપનું, ઇચ્છયું કરવું સ્હેલ;
(પણ) સમાન કંચન કોયલા, ગણવા એ મુશ્કેલ. ૮
સ્ત્રી તો વીખની વેલડી, કહેવામાં છે સ્હેલ;
તન મનથી તે ત્યાગવી, એ છે અતિ મુશ્કેલ. ૯
પૈસા, મહોરો, રૂપીઆ, ખોટા કે'વા સ્હેલ;
(પણ) દવલો કરવો દોકડો, એ છે અતિ મુશ્કેલ. ૧૦

૧૪૨

અજ્ઞાની સ્વાર્થ સાધવાને પારકા ગુણ સામું જોતો નથી.

મનહર.

અજાણુ શું જાણે જનતણો જેહ ગુણ ખરો,
ચીત્તા મૃગ મારે ધારે કસ્તુરી ન કામની;
સિંહ કેશરીએ ગજ મારી કર્યો માંસાહાર,
કુંભસ્થળ-મોતી ગણ્યાં કિંમત બદામની;

માંજારીએ દીધી દોટ ચોટ લીધી ફીરકોટ,
મધુરી વાણીને જાણી હલકી હરામની;
શંકર કહે છે સ્તનપર જળો ચુસે રક્ત,
કદી ન લહે લેજત મિષ્ટ પય પાનની.

૧૪૩

ખરો મિત્ર.

છપ્પય છંદ.

મિત્ર પવિત્ર અનુપ મળે ત્યારે મન રીઝે,
મિત્ર પવિત્ર અનુપ દૂર દેખી દીલ ખીજે;
મિત્ર પવિત્ર અનુપ પરસ્પર મનની વાતો,
મિત્ર પવિત્ર અનુપ કરે વર્તે જેમ ભ્રાતો;
વળી મિત્ર પવિત્ર અનુપતે, સ્વારથને અળગો કરે;
શંકર કહે સ્નેહી મિત્રને, પવિત્ર દેખી દીલ ઠરે. ૧
મિત્ર મનોહર એક ટેક તનથી નહિ ત્યાગે,
મિત્ર મનોહર એક ચાડીમાં ચિત્ત ન લાગે;
મિત્ર મનોહર એક ચડતીમાં ચાનક આપે,
મિત્ર મનોહર એક પડતીમાં પીડા કાપે;
વળી મિત્ર મનોહર હોય તે, ગણે અવરને તુચ્છનર;
સંકટ સમયે સાથે રહે, લીંબુ રાખી મૂછપર. ૨

૧૪૪

ખોટો મિત્ર.

છપ્પય છંદ.

એવા મિત્ર અનેક તાનમાં દે જે તાળી,
એવા મિત્ર અનેક પંડમાં રાખે પાળી;
એવા મિત્ર અનેક મુખથકી મીઠું બોલે,

એવા મિત્ર અનેક સ્નેહીનાં દુષણ ખોલે;
વળી એવા મિત્ર અનેક જે, કામ થયે અળગા રહે;
શત્રુ સમ સંકટમાં દમે, શંકર મુખ સાચું કહે.

૧૪૫
ચિંતા.
દોહરા.

સુકે કાયા કારમી, વપુ તજે નિજ વાન;
કૌવત કિંચિત ના રહે, ચિંતા ચિતા સમાન. ૧
ચતુરાઈ ચિતથી ખસે, ન રહે શુધ્ધ કે સાન.
ભાન નહિ ભણવાતણું, ચિંતા ચિતા સમાન. ૨
શીખી વિદ્યા વીસરે, સારાસાર ન જ્ઞાન;
દિંગ્મૂઢતામાં દ્રઢ રહે, ચિંતા ચિતા સમાન. ૩
ભીતરમાં ભડકો બળે, કળે લોક ગુણવાન;
મુખપર સુખ નિશાન નહિ, ચિંતા ચિતા સમાન. ૪
વિવેક ને નીતિ હણે, હણે માન સન્મન,
ઢોર હરાયા સમ ફરે, ચિંતા ચિતા સમાન. ૫
શિક્ષા સાચી નવ લહે, કહ્યું સુણે નહિ કાન;
મુંઝાઇ મનમાં બળે, ચિંતા ચિતા સમાન. ૬
સત્યાસત્ય વિચાર નહિ, નહિ માન અપમાન;
ખાવે પીવે ખ્વારને, ચિંતા ચિતા સમાન. ૭
ચિતા થકી ચિંતા દુઃખદ, ગણે લોક ગુણવાન;
ચિતા બાળશે જડ જણસ, ચિંતા ચેતનવાન. ૮

સંપૂર્ણ.

ટીકા.

૧

મુગ્ધા-જુવાની તરતની ફુટી હોય તેવી સ્ત્રી. પ્રૌઢા-પુખ્ત ઉંમરે પહોંચેલી ને સારી પેઠે પ્રેમ સમજી શકે તેવી સ્ત્રી. પનોતી-ભાગ્યશાળી. પદ્મિની-શૃંગારશાસ્ત્રમાં વર્ણવેલી ચાર પ્રકારની સ્ત્રીઓ-માંની મુખ્ય; હસ્તિની અને ચિત્રાંગી પણ આ પ્રકારમાંનીજ જાતો છે. મૃગમદ-કસ્તુરી. નવોઢા-તરતની પરણેલી સ્ત્રી. નેહ-સ્નેહ. નાગર-ચતુર. નવલ-નવી. પદ્મરાગ-લાલ. સકોટ-ડોક સાથે. કટેસ-રી-કેડ સુધીની. કીર-પોપટ. અધર-હોઠ. મરકત-લીલમ. ઝેર-લંગર. શીર્જા-માથાપરના વાળ. આહીરડાંની-ગોવાળની-ભરવાડની. ધેડી-છોકરી. મા'વે-મહાવે-કૃષ્ણે. અમરલોક-દેવતાઓ. ગોપવધૂ-ગોપી.

૨

અમર-નિત્ય. નિકર-ભંડાર. દુક્રીતો-નઠારાં કૃત્યો. મહલ્લોકી-ઉચ્ચ લોકમાં રહેવાને યોગ્ય. બૂજે-સમજે. અઘહર-પાપને હરી લેનાર-શંકર. ભવેતિ-(ભવ+ઇતિ)-શંકર એ પ્રમાણે. ઓઘ-ઢગલા. ધૂર્જટિ-શંકર.

૩

નંદદુલારો-નંદજીનો છોકરો-કૃષ્ણ. મનમથ-મન્મથ-કામદેવ. નૌતમ-નવી શોભીતી.

૪

ઉન્મત્ત-કોઇને પત ન કરે તેવો. વિલોકું-જોઉં. મે'ર-મહેર-મહેરબાની.

૫

વટકાવવું-ગાય ભેંસ વગેરેને દહોતી વખતે અટકચાળું કરી દહોવા ન દે તેમ કરવું.

૭

નેઠી- નક્કી કરીને. ષટ્પદ-ભ્રમર-ભમરો. વા'યાની-લઈ જવાની. છેહ-દગો. અલખી-શક્તિ વિનાની. ધોમ-પ્રચંડ-ઉગ્ર. શૈલ-પર્વત. શૃંગ-શિખર. દાસીમાં-કુબ્જામાં. મધુપુર-મથુરાં. રૈણ-રાત્રિ. મે'ળા-મહેળા-સ્ત્રી-કુબ્જા. નગણો-લુચ્ચો. પાતક-પાપ.

૮

ચરતો-ચાલતો. સલૂણે-મનને રંજન કરે તેવાએ. નમેરો-નિર્દય-દયા વિનાનો. કા'વ્યો-કહાવ્યો-કહેવાયો. ભૃગુદિન-શુક્રવાર. હુમહમીએ-દુખી થઈએ. મંદે-શનીવારે.

૯

વ્રજસુંદરી-ગોપીઓ. હિંગુલ-હિંગળોક. તાંદુલ-ચોખા. તુલીકા-અંજન નાસા-નાક. ઓપ-શોભા. તકવેસર-નાકમાં પહેરવાનું ઘરેણું. બિંબાધર-શોભીતા હોઠ. દશનાવળી-દાંતની હાર. કુરૂવીંદ-કળી. કલાયલ-કળા કરેલી હોય તેવા. હયંગવીના-માખણના શૈવલ-શેવાળ. રશના-મેખળા-કેડે પહેરવાનું ઘરેણું. ધીશ-મોટા-સમાધિ નહિ ચૂકે તેવા. માર-કામ. ઉરૂપેશલ-પગમાં કેડની નીચેનો અને ઢીંચણની ઉપરનો જે ભાગ હોય છે તે. ચારુ-સુંદર. કદળી-કેળ. જંઘ-ઢીંચણની નીચેનો પગનો ભાગ.

મરકીને-હસીને. જલધર-વાદળું. ગરક-લીન થવું તે. કલાપે-જથાએ. મકરાકારે-મગરના આકારમાં. શશધર-ચંદ્રમા. ખંજન-દિવાળી ઘોડો. મીન-માછલું. શુક-પોપટ. પીત-પીળાં. અરૂણ-રાતાં. ગજગત-ગજગતિએ-હાથીની ગતિએ. ખગ-પક્ષી. શ્રવણ-કાન.

૧૦

હાટકેશ્વર-નાગર જ્ઞાતિના ઇષ્ટદેવ-શંકર. સુરેશ-ઇંદ્ર. નરેશ-રાજા. કલિતિમિરનાદિનેશ-કલિયુગરૂપી અંધારાના સૂર્ય. ભૂતેશ-શંકર. ભાલ ધરા મધ્યે-ભાલ દેશમાં-આ દેશ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાનો દક્ષિણ ભાગ અને ધંધુકા તાલુકાનો ઘણો ખરો ભાગ, એ નામથી હાલ ઓળખાય છે. બદ્રીપુરમાં-નાનીબોરૂમાં. ભુજંગ-સર્પ. ઉત્સંગ-ખોળામાં. અનંગ-કામદેવ. અંગે-તે પ્રસંગે. સાર-મતલબ.

૧૧

હૈમવતીનંદ-ગણપતિ. કપટહીન-કપટ વિનાનો. ભારતી-સરસ્વતી મૃશા-ખોટો. ગેહ-ઘર દાર-દારા-સ્ત્રી. સુપને-સ્વપ્નવત્-સ્વપ્ના જેવાં. પિનાકી-શંકર. યદા-જયારે. તદા-ત્યારે. પિનાકપાણિ-પિનાક જેના હાથમાં છે તે-શંકર. જહ્નુસુતા-ગંગા. પીંગવલી-પીળી વેલ. વાસુકી-એ નામનો સર્પ છે અને એનો રંગ ધોળો હોય છે. કીરીટ-મુકુટ. ભવાબ્ધિ-ભવ સાગર-દુનીઆ રૂપી સમુદ્ર. મારનાશકાર-કામદેવને નાશ કરનારૂં. શુક્તિઓ-છીપલીઓ. અરણવે-સમુદ્રમાં. અર્ક-સૂર્ય. ઈંદુની-ચંદ્રની. બણી-બની. ઓષ્ટમાં-હોઠમાં. સાંધ્યબિંબમધ્ય-સંધ્યાકાળે આકાશનો જે લાલ રંગ થાય છે તેમાં. પંચવક્ત્ર-પાંચ મોંઢાં. દુર્મદા-નઠારા મદવાળા.

શ્યામ...કરીશનોરે લોલ–શંકરનો કંઠ ઝેરને લીધે નીલા રંગનો થઇ ગયો છે તે દેવતાઓના ઐરાવત હાથીના ભમરાની નિશાનીવાળા ગંડસ્થળની માફક શોભતો હતો. **બાગ**–રૂંઢમાળમાંરે લોલ–સુંદર વિશાળ હૃદયમાં નાના સર્પોનો જથો હતો તેની રૂંઢમાળા સાથે ગાંઠો ગુંથાઇ ગઈ હતી. **વામ**–ડાબા. **દક્ષિણા**–જમણા. **દુરંત**–દુષ્ટ અંતઃકરણવાળા. **પિનાક**–એ નામનું ધનુષ્ય છે. **પ્રચંડ**–મોટા. **કપાળ**–ખોપરી. **પાદારવિંદ**–કમળ જેવા પગ. **કલિન્દની સુતા**–કાલિન્દી–યમુના નદી. **ક્ષારધીયાવર્ત**–સમુદ્રમાંનો ભમરો–સમુદ્રમાં પાણી ગોળ ચકરી ખાઇને ફરે છે તે. **પીશંગ**–પીળા. **હુસ્તી**–હસ્તની–હાથીની સૂંઢની. **અધોવક્ત્ર**–ઉંધું મોઢું. **સરોજ**–કમળ. **નાળલગ્ન**–પગનું કાંડું. **અંઘ્રીયુગ્મ**–બંને પગ. **આપાદ**–પગ સુધી. **ભૂધરેશની સુતા**–હિમાચળની પુત્રી–પાર્વતી. **ભૂતિએ**–વિભૂતિએ. **કરિચર્મ**–હાથીનું ચામડું. **સીતાંગ**–ધોળું અંગ. **હેમશૈલ**–જેના શિખર પર બરફ છે એવો પર્વત. **સિંદુવારની**–નગોડની. **શિરીષ**–સરસડો. **કર્ણીકાર**–કરેણ. **તાલ**–તાડ. **વિબુધ**–દેવતા. **પ્રત્યંહ**–દરરોજ. **સુરીનરા**–દેવતાઓ. **વિરંચી**–બ્રહ્મા. **કરે**–હાથ વડે. **પુલોપજા પતિ**–ઈંદ્રાણીનો ધણી–ઈંદ્ર. **ભૂમિદેવવૃંદ**–બ્રાહ્મણોનો જથો. **વત્સરે**-વર્ષે. **જાતવેદમાં**–અગ્નિમાં. **હોતાર**–પુરોહિત–ગોર. **ક્ષુદ્ર**–નાની. **ધેનુકા**–ગાયો. **યૂથ**–ટોળું. **તોય ઋક્ષક**–પાણીનું નક્ષત્ર–ઉત્તરાષાઢા નક્ષત્ર. **અતિ શર્મણા**–ઘણા સુખે. **શુદ્ધ કર્મણા**–સારા કર્મવાળા.

૧૨

નિધિ–કુબેરના ભંડાર, એ નવ કહેવાય છેઃ—પદ્મ, મહાપદ્મ, શંખ, મકર, કચ્છપ, મુકુંદ, નંદ, નીલ ને ખર્વ; એમાંના કેટલાએક

કિમતી મણિ છે. એ નિધિઓ સજ્જવારોપણે, કુબેરની સેવા કરે છે. **સિદ્ધિ**-દુર્ઘટ મંત્ર તંત્રાદિક સાધનોથી પ્રાપ્ત થતું અલૌકિક અદ્દભુત સામર્થ્ય; એના આઠ પ્રકાર છે:—અણિમા, મહિમા, ગરિમા. લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશિત્વને વશિત્વ **પ્રચર**-ચો તરફ. હુવાં-થયાં. લાલ-ખુબી. રદિયાળી-રૂપાળી. **શરદબિંબ**-શરદ પૂર્ણિમાનો ચંદ્ર. **તેજપૂંજ**-તેજનો જથો-ઘણું તેજ. વર્ણ-રંગ. **ભામણાં**-મીઠડાં-વારણાં. **બદ્રિપતિ**-બદ્રિકાશ્રમના અધિપતિ-નારાયણ-સહજાનંદ.

૧૩

બાસ-વાસ. **બાઘેલચંદ**-વાઘેલા રજપૂતોમાં ચંદ્ર જેવા-બાપજી રાજ (ઉતેળિયાના ઠાકોર)

૧૪

અતુલ-ઘણું. ગુમાન-અભિમાન. **એળે**-ફોકટ.

૧૬

નિજાત્મા કેરૂં-પોતાના આત્માનું. **અનુભવઉદ્યોત**-અનુભવ રૂપી પ્રકાશ. **નિગમે**-વેદે.

૧૭

ત્વંપદને...જોઈ-ઇશ્વરનું અસ્તિત્વ જાણીને તારા ને તેણા પણું-ભિન્નભાવપણું દૂર થયું. ઉડગણ-તારો. અવાચ્ય-મહત્વનાં.

૧૮

ઈશ્વરી-અંબિકા. **તેતો...હરેરે લાલ**-તે (ચરણનો રંગ) રાતા મણિ જેવા મંગળના તારાની છબીને હરી લેતો હતો એટલે કે તે મંગળના તારાથી પણ વધારે શોભતો હતો. **પદ્મરાગ**-માણેક. **કૃશતા**-પાતળાપણું. **ભ્રાંતિ**-તેજ. ઉર્ધ્વ-ઉપરનો. **બાલારૂણ**-

સૂર્યોદય સમયનો સૂર્યનો પ્રકાશ. **કસ્ત**-ખેંચીને બાંધેલા. **પલાશ**-ખાખરો. **સરવિષે**-સરોવરમાં. **પારિજાત**-પારિજાતક-એ નામનું ઝાડ છે, અને તેને નાજુક સુંદર ધોળાં ફૂલ આવે છે. **કલ્પવૃક્ષ**-ઇચ્છેલું આપે તેવું સ્વર્ગનું ઝાડ-ઘણાં ફળ આપે એવું ઝાડ. **મધુનું**-અમૃતનું. **કટાક્ષનાં**-કટાક્ષ-ઝટ લઇ વાંકી નજરેથી સાન કરી લેવી તે.

૧૯

(આ કાવ્યને મળતા ઘણા શબ્દો ૯,મા કાવ્યમાં આવે છે માટે તેના અર્થ ત્યાં જોઇ લેવા.) **સોહામણી**-શોભીતી. **ગોરણી**-સધવા સ્ત્રી. **તકવિના**-સમય વિના. **મનોરથ ભૂપ**-મોટી ઇચ્છા. **વિસ્મય**-આશ્ચર્ય-અચરત પામે એવું. **તારૂણી**-યુવાન બૈરી. **પરણીયત**-ધણી. **મે'ળા**-મહેળા-બૈરીઓ-ગોપીઓ. **ગત**-રીત. **મોરચંગ**-દાંતની વચમાં રાખીને એક વગાડવાનું વાજું. **સુરગણ**-દેવતાઓ. **પુષ્પની વૃષ્ટ**-પુષ્પનો વરસાદ.

૨૦

અવનિ-પૃથ્વી. **ઇંદિરા**-લક્ષ્મી. **કામની**-કામિની-સ્ત્રી. **સરસિજ**-કમળ. **આભા**-કાંતિ. **અરવિંદ**-કમળ. **રાચીયું**-રૂચ્યું-ગમ્યું. **દામ**-પૈસો. **સુરતનાથ**-પતિ. **પાવક**-અગ્નિ. **વ્યાલ**-સર્પ. **વૃષ**-વૃષાસુર. **મયસુત**-મયદાનવનો દીકરો. **ભવભય**-સંસારનો ભય. **અનયથી**-અવિવેકથી-તિરસ્કારથી. **વિધિએ**-બ્રહ્માએ. **ગૃહિણી**-પોતાની સ્ત્રી. **ભયભીરૂ**-ભય (સંસારના)થી બીતો. **કિંકરી**-દાસી. **રમણ**-ધણી. **તૃણચર**-ઘાસ ચરનાર-પશુ-ગાય. **ગિરા**-વાણી. **અચ્યુત**-સ્થાયી-કૃષ્ણ. **ધરતી**-પૃથ્વી. **નિર્જન**-માણસ વિનાનું-ઉજડ. **લાગો**-દાવ-ધાર્યું **પાર**

પડે તેવી યુક્તિ. કુશ-દર્ભ. કંટક-કાંટો. સીદાય છે-મનમાં મુઝાય છે. પદ્મા-લક્ષ્મી. ત્રુટી-ત્રુટિ-હ્રસ્વ સ્વરને બોલતાં જેટલો સમય લાગે તેના ચોથા ભાગનો સમય. નિર્જર-ઘડપણ વિનાના-સદા જુવાન. વા'રે-વહારે-મદદે. વક્ષસ્થલ-છાતી.

૨૧

સુરધુની-ગંગા. નગવરનંદિની-હિમાચળની પુત્રી-પાર્વતી. રતિપતિ-કામદેવ. ધનપતિ-કુબેર.

૨૨

શુક-વ્યાસજીના પુત્ર, એ પહેલે જન્મ પોપટ હતા. સનકાદિક-સનક છે પહેલા જેમાં, તે ચાર છે-સનક, સનત્કુમાર, સનંદ ને સનાતન; એ ચારેને બ્રહ્માએ સૃષ્ટિ વધારવાને માટે ઉત્પન્ન કરી વર માગવાને કહ્યું; ત્યારે ચારે ઋષિઓએ કહ્યું કે પાંચ વર્ષ લગી મનુષ્યને કામ ક્રોધાદિ હોતા નથી માટે સદા પાંચ વરસનાજ રહીએ એવો વર આપો. બ્રહ્માએ તેઓને માગવા પ્રમાણે વર આપ્યો જેથી તેઓ સદા બાળવેષમાં રહ્યા હતા. તેઓમાં જ્ઞાન અપૂર્વ-ઘણું હતું. ચંદ્રશેખર-શંકર. હૃદયાભ્યંતર-(હૃદય આભ્યંતર) હૃદયમાંહેનું.

૨૩

કામના-ઈચ્છા. કલિમલ-કળિયુગમાં કરેલાં મલિન કર્મો-પાપ. સરશે-સિદ્ધ થશે. કાયનાં-દેહનાં. કૈવલ્ય-બ્રહ્મ સ્વરૂપ. ત્રિવેણી-ગંગા, યમુના ને સરસ્વતી એ ત્રણ નદીઓ. વેણી-ચોટલો. નિર્વાણ-મુક્તિ. ક્ષેત્ર-તીર્થક્ષેત્ર-તીર્થનાં સ્થળ. અમર-દેવ. ચતુરાનને-બ્રહ્માએ જ્ઞાનવાપી-જ્ઞાનરૂપી વાવ. પસાય-પસાય-કૃપા. ઋણ-એ ત્રણ જાતનાં હોય છે:—દેવ ઋણ, ઋષિઋણ ને પિતૃઋણ. ષણ્મુખ-કાર્તિક સ્વામી.

૨૫

અંતરયામી–અંતર્યામી–અંતરને અટકાવનાર–ઇશ્વર. **ઘર વખરી**–ઘરનો સામાન. **રવિના સુત**–યમરાજા.

૨૬

દ્વાદશ સંગી–પાંચ જ્ઞાનેંદ્રિ, પાંચ કર્મેંદ્રિ, મન અને બુદ્ધિ, મળી બાર સોબતી. **પંદર વિહારી**–પાંચ કર્મેંદ્રિ, પાંચ જ્ઞાનેંદ્રિ અને પાંચ તેના વિષયો (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ) એ બધા મળી પંદર વિહાર કરનાર. **સાત પુત્ર**–શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન ને દાસ્ય એ સાત પ્રકારની ભકિતરૂપ સાત પુત્ર. **પાંચ ત્રિયા**–પંચવિષયરૂપી પાંચ ત્રિયા. **જતન**–રક્ષણ.

૨૭

મધુપુર–મથુરાં. **સીધ્યાં**–સિદ્ધ થયાં. **હળધર**–બળદેવજી. **વણસે**–બગડશે. **હેલ**–ગોપીઓને માથે મહીનાં ગોરસ હતાં તે.

૨૮

બંધ–બંધન. **ભક્ત ઉદ્ધારન**–ભક્તનો ઉદ્ધાર કરનાર. **ગર્વ-ગંજન**–અભિમાનને ટાળી નાંખનાર.

૨૯

કાલ ભુજંગ–કાલરૂપી સર્પ. **ગ્રાહ વિદારી**–મગરને મારી નાંખ્યો. **અજામીલ...સિધાવેરે**–અજામેલ નામનો કનોજનો બ્રાહ્મણ કુસંગથી ઘણો દુરાચરણી થયો અને તેથી પોતાના ધર્મ અને વ્યવહારના નિયમ મુજબ ચાલી શકયો નહિ. આથી તેને મરણ સમયે યમના દૂત તેડવા આવ્યા; પણ અજામેલને પોતાના સૌથી નાના છોકરા ‘નારાયણ’ ઉપર બહુ હેત હોવાથી મરણ સમયે તે છોકરો

યાદ આવ્યો અને 'નારાયણ' એ નામથી તે છોકરાને બોલાવવા લાગ્યો. યમના દૂતો 'નારાયણ' શબ્દ સાંભળતાની સાથેજ દૂર ગયા અને વિષ્ણુના દૂતો તેડવા આવ્યા. એ પ્રમાણે માત્ર 'નારાયણ' શબ્દથીજ અજામેલને મોક્ષ આપ્યો.

૩૦

પણ–ટેક–પોતાપણું. **દોયલી**–મુશ્કેલીવાળી–મરણ સમયની. **ત્રાય**–(**त्राहि** ઉપરથી) તું રક્ષણ કર. **નોધારાના**–નિરાધારના–આધાર વગરનાં હોય તેના.

૩૧

અક્ષૌણી–અક્ષૌહિણી–મોટું સૈન્ય જેમાં:—૨૧૮૭૦ હાથી, ૨૧૮૭૦ રથ, ૬૫૬૧૦ ઘોડા અને ૧૦૯૩૫૦ પાયદળ હોય છે. **અટવાશે** જશે–રોળાઈ જશે. **વ્યોમે**–આકાશે. **ડૂલે?**–ગરક થઇ જાય છે? **લાધી**–મળી.

૩૩

કપોતની–હોલી. **પ્રમાદ**–આળસ. તનતરુવર...નીરધાર–પ્રાણ રૂપી હોલો શરીરરૂપી ઝાડ ઉપર બેઠો હતો અને સાથે પ્રવૃત્તિ નિવૃત્તિરૂપી હોલી પણ બેઠી હતી. તેમને ક્રોધરૂપી સીંચાણાનો ભય હતો પણ સ્વાભિમાનરૂપી સર્પે ઘડપણરૂપી પારધીને ડંશ કરવાથી ક્રોધનો નાશ થઈ ગયો. અને પ્રાણનો પ્રવૃત્ત નિર્વૃત્તિ સાથે બચાવ થયો.

૩૪

આલી–અલી–સખી. **મોય**–મારી. **સુધિ**–શુદ્ધિ. **ગેહ**–ઘર. **ચુભ્યો**–ખુચ્યો–ચોંટી રહ્યો.

૩૭

નાલી-તેપ. શ્યાની-શાણી. તમ-અંધારાવાળી. ગાદેસે-મોટા. ગિરત જાત-તૂટી જાય. છનાલી-છ તોપ; (૨)-છિનાલી.

૩૮

ઘરુણી-પોતાની સ્ત્રી. સરપૂર ભરે-પૂરેપુરૂં સરોવર ભરેલું હોય તે. કાક-કાગડો. ગારિહી-ગાળો. પુનિ ફિર-તોપણ ફરીથી.

૩૯

પન્નગ-સર્પ. કાંસ-ઘાસ. સુપાયસ-સારૂં દૂધ.

૪૦

આસકિત-પ્રીતિ સચ્છાસ્ત્ર-(સત+શાસ્ત્ર) સારાં શાસ્ત્રો. નવધા-નવ પ્રકારની-શ્રવણ, કીર્ત્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય ને આત્મનિવેદન. લ્હાવો-ઇચ્છેલાં સુખ.

૪૧

યામ-પ્રહર-પહોર. કલંકી-પાપી. ષટ્પદ-ભ્રમર-ભમરા. બાલનકી-માથાપરના વાળની. લાલશ્રી-ચાંદલો નેવરા-એક જાતનું પગમાં પહેરવાનું ઘરેણું. જલચર-માછલું.

૪૨

રસના-જીભ. બેરન-વેરી-દુસ્મન. બઢત જાત હે-વધતી જાય છે. તાતે-હે બાપ.

૪૩

દાનો-દાનવો-રાક્ષસો શનૈઃ-ધીમે ધીમે. કામાદિક-કામ, ક્રોધ, લોભ, મોહ, મદ ને મત્સર. સંતોષાદિક-સંતોષ, ધૈર્ય, ક્ષમા, વગેરે.

૪૫

પંચામૃત-દૂધ, દહિં, ઘી, મધ ને સાકર એ પાંચ વસ્તુને પંચામૃત કહે છે. ગંગોદકથી-ગંગાના જળથી. મોદક-લાડુ. પનોતિઓ-ભાગ્યશાળી સ્ત્રીઓ. વાદિત્રો- વાજાંઓ. સોહાયું-શોભ્યું.

૪૬

વિપદ્દિનાશક-દુઃખને નાશ કરનાર. સત્પ્રજ્ઞા-સારી બુદ્ધિ. નિશ્ચા-પ્રીતિ. શીલ-રૂડી વૃત્તિ. દંપતી-સ્ત્રી ને પુરુષનું જોડું. સહોદરતણા-એકજ ઉદરમાંથી ઉત્પન્ન થએલાંઓના-ભાંડુઓના. ધરામાં-પૃથ્વીમાં.

૪૭

શમદમતણા-આંતરેંદ્રિયોને શાન્ત પાડી દેવાના. દારા-સ્ત્રી.

૪૮

અજ્ઞાનતિમિર-અજ્ઞાનરૂપી અંધારૂં. સૂજ્ઞ સારૂં જાણનાર.

૪૯

નિદાન-મૂળ. સન્માન-સારૂં માન-સારો આવકાર. કશી-કંઇ પણ. તાન-કોઈ પણ કામ કરવામાં મનને ચોંટી રહેવાપણું. જાન-નુકસાન.

૫૦

મમત્વ-મારાપણું. કલત્ર-સ્ત્રી. સમગ્ર-બધાં. કુટિલ-કપટી. વ્યથા-પીડા. પ્રણતપાલ-નમેલાનું રક્ષણનાર.

૫૧

પુરારિ-ત્રિપુરારિ-શંકર. અંબર-આકાશ. ભાંડકારી-માટી વગેરેનાં વાસણ બનાવનાર-કુંભાર. ત્રિધા-ત્રણ પ્રકારના. વેશ્મગો-ઘરનો. અથોક-ઘણા. કાબિલ-હોશિયાર.

૫૩

શરાણે-શરાણ ઉપર. વખાની-ખાવાનું ન મળેથી જે હેરાનગતિ થાય તેની. કારમે-અસાધારણ. દાગ-દાઝ. પનારે-સાથે રહેવું પડે તેની રીતે સુવાસણ-જેનો ધણી જીવતો હોય તેવી સ્ત્રી. વરઝોળા-બળતરા ગેબી-જાદુઈ-ચમત્કારિક. રેજાળા-નમાલા.

૫૪ અ

પગરણ-જનોઇ, લગ્ન, સીમંત, વગેરેનો રૂડો દિવસ.

બ

ઓઠા જેવા-કહેવત જેવા. ઉભય-બંને-આલોક ને પરલોક.

૫૬

વસંતવિલાસી-વસંત ઋતુમાં વિલાસ કરનાર. ક્ષીર-દૂધ. બહાર-શોભા. દિલજાન-મિત્ર.

૫૭

અજગલઆંચળ-બકરાના ગળે આંચળ જેવા આકારના ચામડીના વધીને થએલા ભાગો ઊંટપૃષ્ટ-ઊંટની ખુંધ કૃપણ લોક-લોભીઆ માણસો. કનકફૂળે-ધંતુરાનાં ફૂળો. ઢંઢોળ્યું-છાનું માનું શોધ્યું. ગતભીતિ-ભય જેને જતો રહ્યો છે એવા-ગાંડા. આનન-મુખ.

૫૮

આ કાવ્યમાં હરિ શબ્દ ૧૩ વખત વપરાયો છે તેના અર્થ અનુક્રમે નીચે મુજબ છે. (૧) શેષશાયી ભગવાન. (૨) શેષ-સર્પ. (૩) યમ-કર્મફળ પ્રદાતા. (૪) કિરણ. (૫) સૂર્ય. (૬) સૂર્ય. અહીં જરા નૂતન કલ્પના છે. હરિપુત્રનો અર્થ પૃથ્વી લીધો છે. નવી શોધ પ્રમાણે સૂર્યમાંથી પૃથ્વી નીકળી છે એ કલ્પનાને આધારે આ અર્થ લીધો હોય એમ જણાય છે. (૭) ચંદ્રમા (૮) છઠ્ઠા અર્થ મુજબ

હરિપુત્રનો અર્થ પૃથ્વી લેવો. (૯) પવન. (૧૦) શ્રી કૃષ્ણ. (૧૧) અશ્વકેશુ દૈત્ય. (૧૨) શ્રી કૃષ્ણ (૧૩) હનુમાન.

૫૯

વિન-પેંસો દ્રષ્ટા-જોનાર.

૬૦

તોયની-પાણીની. તોયદજ-વાદળુંજ.

૬૫

ભોક્તા-ભેગવનાર. ભુજંગ-સર્પ. ચિત્તચોરક-ચિત્તને ચોરી જનારા-ચિત્તને ખેંચનારા.

૬૬

વિભિન્ન-જુદા જુદા. જળધિ-વાદળાં.

૬૭

સ્નેહઘન...પામે-કુસુમવનના ચોકખા સુગંધ જેવું ગુપ્ત સ્નેહરૂપી વાદળું પોતાના ગગનમાં-હૃદયમાં ઉંચે ચઢે છે. શામે-શાન્તિ પામે નેત્ર-અહીં ચંદ્રનેજ નેત્ર કહેલ છે. જલધિજલદલ-સમુદ્રના પાણીનો જથ્થો. દામની-દામિની-ચાંદની. યામિની-રાત્રિ. વ્યોમસરમાં-આકાશરૂપી સરોવરમાં કેલીકૂજન-રમત વખતનો મધુર સુર. સમુલ્લાસ-ઘણો આનંદ. સાગરે...તરતી-સમુદ્રમાં મોટી ભરતી દેખાતી હતી, અને તેમાં હે પિતા-પરમેશ્વર, દુનીઆં ઘણો આનંદ ધરતી નાના મછવાની માફક સારી રીતે તરતી હોય તેમ જણાય છે.

૬૮

સહસા-એકદમ. ક્ષોભ-મનનો ગભરાટ. તરંગ-મોજું. (૨) વિચાર. માનસસર-મનરૂપી સરોવર. પ્રચંડ-મોટો. સદ્ય-એકદમ.

જલસેના–પાણીરૂપી સેના. મસ્ત–જોરાવર. પરિસીમા–ચારે તરફની હદ–પાળ.

૬૯

નિકટ–પાસેનાં. ભૂતદયા–બધાં પ્રાણીઓ ઉપર દયા રાખવી તે. દિવ્ય–અલૌકિક.

૭૦

ઉદ્‌ગ્રીવા–ઉંચી ડોક. અનિષ્ટ–નહિ ઇચ્છવા જેવું. કરાલ–વિકરાળ. સુયોધન–દુર્યોધનનું બીજું નામ છે. પ્રેષિત–મોકલેલો. નિગૂઢ–મોટી અનિષ્ટભાજન–દુર્ગુણનો ભંડાર–દુર્યોધન. શિશુ–બાળ–નાનો. કનિષ્ઠ–નાનો–સહદેવ. દ્યૂતવિષે–જુગારમાં વાદળું–દુઃખરૂપી વાદળું. વક્ષની–છાતીની. અન્યથા–બીજી રીતે. વદન સુધાકરને–અમૃતના ભંડાર જેવા મોંને. શિરશૂળ–માથાનો દુઃખાવો ભગ્ન–ઘણું દુઃખી. આર્ત હાય–દુઃખની ચીસ. ગ્રહી–પકડી. ઓકપીસી–હોઠ દાબીને. જ્યોતિષી–જ્યોતિષ વિદ્યા જાણનાર–સહદેવ.

૭૧

સુરતની વાડીના–નંદન વનના–સ્વર્ગના બાગના. ઉરસાગર ઉચ્છ્વાસ–હૃદયરૂપી સમુદ્રના આનંદી તરંગો. નિર્ઝરતી–વહેતી. સુહાગન જ્યોત્સ્નિકા–શોભાયમાન મધુર તેજ. નમાણું–રૂપાળું. આલમનૂર–દુનીઆનું તેજ હેન હૈયાનાં...દૂરજો–(કલાપીના) કાવ્યમાં હૃદયભર સ્નેહ શ્રી કૃષ્ણની વાંસળીની માફક ઝળકી રહેલો છે અને તેના સ્વર ચોતરફ તેમજ હૃદયના ઉંડાણ સુધી ગાજી રહે છે. સુરભિઓની–સુગંધી ફુલોની. અંતર્યાંરે ..અન્તસ્તલે–હૃદયના મર્મભાગ સુધી ગીતાની માફક અથડાય છે. તત્ ..ધીમહિ–તે સૂર્યદેવના ઉત્તમ તેજનું અમે ધ્યાન કરીએ છીએ. તંત્ર–ઇંદ્રિયસમૂહ.

૭૨

પુનઃ-ફરીથી સદન-ઘર. પામર-પાપી દિનચર્યામાં-નિત્યનું ધાર્મિક કાર્ય કરવું તેમાં. ઉન્નત ગિરિશૃંગોનાં-ઉંચે ગએલા પર્વતના શિખરો પરનાં-ઉચ્ચ સ્થિતિમાં શુશ્રૂષા-સેવા

૭૩

પાત્રતાનો-પાત્રપણાનો-ઉંચ નીચ સ્થિતિનો. ઉચ્છેદ-નાશ. મૂક્યો નેવે આચાર-સારાં આચરણોનો ત્યાગ કર્યો. પાનમાં-દારૂ વગેરે પીવાના કેફી પદાર્થોમાં. ગેહ-ઘર. પાત્ર-લાયક. દામ-પૈસો. શીલ-સારી વૃત્તિ. સીલ-બરાબર બંધ કરીને ઉપર કંઇપણ નિશાની કરવી તે. વીલ-વારસામાં આપવાની મીલ્કત બાબતનો ઠરાવ. કીલ-ગાડી કે ગાડાના પૈડાની અંદર દિવેલ મૂક્યા પછી લોઢું ઘસાઇને જે કાળો પદાર્થ બને છે તે-મળી. ખલકમાં-દુનીઆમાં.

૭૪

ડોસી ડોકરાંનું-ઘરડાં માબાપનું. શઠને-લુચ્ચાને. સદય-દયાવાળા.

૭૫

મહાનસના-રસોડાના. ચોરાશી-કોઇપણ ગામની અંદરના બધા બ્રાહ્મણોને જમવાનું હોય તે. વામો-છોડો. કુંડલીયુત ઘીના-ઘીનાં આસપાસ કુંડાળાં પડયાં રહે તેવા ઘણા ઘીવાળા તાણ-આગ્રહ-ખેંચ ગોળત્વ-ગોળપણું. પેખું-જોઉં. સત્વાંશ-સત્વગુણનો ભાગ. પર્વે-પરબે-સારા ટાણામાં.

૭૬

શૈલગિરિ-હિમાલય. અઘહર-પાપને નાશ કરનાર. જગત્રાતા-

દુનીઆનું રક્ષણ કરનાર. મહાદ્રિ-(મહા+અદ્રિ) મોટો પર્વત-હિમાલય. તામ્રપરણી-એ નામની નદી છે. રાજે-શોભે.

૭૭

જગાધીશને-દુનીઆના અધિપતિને-ઇશ્વરને. ભવાબ્ધિ-દુનીઆરૂપી સમુદ્ર વિકટ-ઘણું કઠણ. ફજામાં-નુકસાનમાં. ગમાર-મૂર્ખ.

૭૮

અવલ-પહેલાં. સૂમપણું-કંજુસાઇ મંદ-ધીમેથી. ગુરુદંપતિ-ગુરુ ને તેની સ્ત્રી.

૭૯

સમભાગે-સરખે ભાગે. બદરીફળસમ-રણી બોર જેવાં ફુરશે-જશે.

૮૦

ટાંક-પૈસાભાર. તાંદળજો એ એક જાતની ભાજી છે.

૮૨

શુશુ-મોરથુથુ. ગોપયમાંહી-ગાયના દૂધમાં.

૮૩

નિર્ભીક-ભય વિનાનું. માણવું-ભોગવવું.

૮૪

અટપટું-ગુંચવણવાળું. મસ્ત-મદમાતા.

૮૫

મુખથી-મુખથી. અવનિ-પૃથ્વી. નૃપશને-પશુ જેવા માણસને.

૮૬

નયપથશિરે-ન્યાયને રસ્તે. વિષય વિષને-ઝેર જેવા વિષયોને.

૮૭

હાલાહલ-અતિ તીવ્ર ઝેર-ચૌદ રત્નમાંનું એક. સતી-પાર્વતી. ભૂચર-પૃથ્વીપરનાં. ખેચર-આકાશમાં વિચરનારાં-પક્ષી. અંજલિ-ખોબો. વર્ણ-રંગ.

૮૮

અગમ્ય-જાણી ન શકાય તેવું. અસ્તિ-છે. ભાતિ-ચળકે છે. પંચકોષ-દેહના જે પાંચ પડદામાં આત્મા રહ્યો છે તે-અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય ને આનંદમય. અજ્ઞજનો-અજ્ઞાની માણસો, દારા-સ્ત્રી. નિરોધ-નિયમમાં રાખવું તે. સૌશીલ્ય-સુશીલતા-નમ્રતા.

૮૯

મૃદુલ-કોમળ. પ્રણયરસની-અંતઃકરણના પ્રેમની માઝા-હદ. નિમિત-કારણ. ઉચિત-યોગ્ય. ચિરંજીવ-લાંબા વખત સુધી જીવનાર.

૯૦

ગહન-છુપી. ઈતરને-બીજાને. નિર્વિકાર-ફેરફાર વિનાનો. દૌત્ય-દૂતપણું. જનકતનયા-જનકની પુત્રી-સીતા. દયિતા-વહાલી. કંઠાશ્લેષ-કંઠે વળગેલ. પ્રણયી-પ્રેમી. દધિમથન-દહિં વલોવવું તે. નિકુંજે-ઝાડી. પુંજ-ઢગલો. કેકી-મોર. કદંબ-એ ઝાડનું નામ છે. પવન...વિલંબે-પવન ધીમે ધીમે વાય છે. નિર્ઝર-ઝરણું. ભાંડીર-વડનું ઝાડ સ્નિગ્ધ-ઠંડી કૃશ-ઘસાઈ ગએલું. અશ્રુયુક્ત-આંસુવાળા. સુતનુ-સારા શરીરવાળો. સુધા-અમૃત. સુમુખી-સારા મુખવાળી. તનય-પુત્ર. મદકર-કેફ કરનાર.

૯૧

મરૂતસુત-પવનનો છોકરો-હનુમાન. પર્ણ-પાંદડાં. સૌમિત્રી-સુમિત્રાનો પુત્ર-લક્ષ્મણ. કોપ-કળી. બરફ...જવેથી-સાધારણ પા-

ણીનું ઠંડીથી બરફ બની જાય પણ ચંદ્રકાંતમણિની ભીંત ઉપર ચંદ્રમાનાં કિરણો પડવાથી તેમાંથી ગંગાના જેવું પાણી ઝડપથી વહે છે. મધુકર-ભમરા.

૯૨

મિત-નિયમસર. વિહાર-ગમ્મત. દિનચર્યા-દિવસ કેવી રીતે ગાળવો તેનું પુસ્તક.

૯૩

કથી-કહી. નિઃસાર-સાર વિનાનો. લવ-જરા.

૯૪

નિરાળું-જુદું. ભયત્રાતા-ભયમાંથી બચાવનાર.

૯૫

મતંગ-હાથી. અચલા-સ્થિર-ઇશ્વર.

૯૭

એકતાર-એક ચિત્તથી મચી રહીને.

૯૮

ભક્તવત્સલ-ભક્તજનોપર ભાવ રાખનાર. ભીડભંજન-દુઃખ ભાંગનાર.

૯૯

ભાગ્યનો વિધાતા-ભાગ્યને નિર્માણ કરનાર. ત્રાતા-રક્ષણ કરનાર.

૧૦૦

ત્રિગુણ-સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ પરમપુરુષ-કૃષ્ણ. અંશ અંશ ભર હેત-અંશે અંશે (સર્વત્ર) હેતથી છલકાઇને.

૧૯૧

ગુરુગમની-ગુરુ (પરમેશ્વર) બતાવનારી. વાધે-વધે. દમતા-કષ્ટ આપતા. ગરવા-મોટા.

૧૯૨

પ્રોજે-પરોવજે. સકળ-બધી.

૧૦૪

ચોરીનાં...ચડીયાં-ચોરીના પૈસા કોઇ દિવસ રહેતા નથી. ખુવાર-હેરાન.

૧૦૫

ખો-ખાડો. કામ કેસરી-કામરૂપી સિંહ. વપુ-શરીર. જ્ઞાન શૂન્ય-અજ્ઞાની. પાશ-બંધન. શું-સાથે. પ્રણતપાલ-નમેલાનું રક્ષણ કરનાર કો-કોણ.

૧૦૬

અખિલેશ્વર-નિખિલેશ્વર-આખી દુનિયાના પતિ-પરમેશ્વર નિર્ણય-ખુલાસો. તૃણ-ઘાસ. કરુણાકર-કરુણાની ખાણ-પરમેશ્વર મહીશેશ્વર-રાજાઓના પણ ઉપરી-પરમેશ્વર.

૧૦૭

સાગરસુતા-લક્ષ્મી. નગ-પર્વત નગસુતા-પાર્વતી. અમરાપુર-દેવતાઓની નગરી. અજ-બ્રહ્મા. સુધારસ-અમૃત. નીરસ-ફીકું. મધુ-મધ. રસનાક્ષત-જીભને ખરાબ લાગે એવું. ઉપમેય-સમાન ચીજ. નભ-આકાશ. પરઅર્ધ-પરાર્ધ-મોટામાં મોટી સંખ્યા. મૂક-મૂગા. લોલ-ગતિમાં ચંચળ. લક્ષ્ય બને-નજરમાં આવે. રવતું-અવાજ કરતું. કંટક-કાંટો. ભૃંગ-ભમરો. આતપથી-તડકાથી.

કુણી-કોમળ. આતપથી...વળશે-તડકાથી કોમળ શરીર સુકાઇ જાય તોપણ શું કમળનાં ફૂલો રવીથી પાછાં વળશે ? નહિજ. કર્ણ કટુ-કાનને ખરાબ લાગે તેવાં. વરલેપ-સારા લેપ. મલયાનિલ-મલય દેશમાંથી આવતો પવન. અમરોનું-દેવોનું. રવ-અવાજ. ગુણગણો-ગુણની સંખ્યા. બુદ્ બુદ-પરપોટા. વરપંથ-સારો રસ્તો. ચકાશે-તપસે. પોયણ-કમળનાં ફૂલ. વર અંગી-સારા શરીરવાળો. ધ્રુવ...વળ્યો છે-ધ્રુવનો તારો જો કે તેજ બહુજ ઓછું આપે છે તોપણ લોકાયંત્રમાંની સોયને તે ગમે છે. લેલી-એક જાતની લીલી ચલ્લી. મજનુ-મજનુન-લેલીનો આશક. ભુરકી-જાદુ લાણ વ હાણ-નફો કે નુકસાન. રસના-જીભ. ગુણલતા-ગુણનો વેલો. સંસૃતિ-સંસાર. આ...ભરનારૂં-આ જગતને પ્રેમરસથી ભરનારૂં. પ્રેમસરોજ-પ્રેમ રૂપી કમળ. લહરી-ધીમો પવન. ભડ-યોદ્ધા. રસની-બુડેલી તરંગ-મોજાં.

૧૦૮

જમને હાથ જાતાં-મરી જાતાં. વિકળ થઇ-ગભરાઇ. પંથ પળતાં-મુસાફરી કરતાં. પંથી-મુસાફર. સમાગમ-મેળાપ. સમુદાય-જથો. માળ-જથો. ઘન-વાદળ. દારા-સ્ત્રી. ખલક ખેલ ચોપાટ-દુનીઆ ચોપાટનો ખેલ છે. પનારા-(પ્રનાલિકા) પરનાળ.

૧૦૯

જીવનકુસુમ-જીવનરૂપી ફૂલ. તદપિએ-તોપણ. સમયસરિત-વખતરૂપી નદી. ન્યૂન-ઓછું. જીવનચંદ-જીવનરૂપી ચંદ્રમા.

૧૧૦

પીડિત-પીડાયલા. હેમરસે-સોનાના રંગ જેવા. કર-કિરણ.

જડ-સૂકું. **શુષ્ક**-સુકી **વારિ**-પાણી. **સારસગણ**-સારસ જાતનાં પંખીઓનું ટોળું. **મોદ**-આનંદ.

૧૧૧

રાગ-પ્રેમ. **કાષ્ટો**-લાકડાં. **મમતાની**-હુંપણાની. **પાવક**-બધાંને પાવન કરનાર-અગ્નિ. **સરવો**-હોમવાનું હથીઆર. **લા**-આગ. **નલિકા**-નળી. **વહાવો**—ચલાવો. **જ્યોતિ...મિલાવો**-પરમેશ્વરના તેજમાં આપણું તેજ મેળવી દો.

૧૧૨

ચંદ્રાઅવગાહ-ચંદ્રમાનું નહાવું. **કાસાર**-સરોવર. **ચંદ્રિકા**-ચંદ્રમા. **દૃગ**-આંખ **ગર્ત**-ખાડો. **શ્વેતાંબરો**-ધોળાં વસ્ત્રો. **જળાર્દ્ર**-જળથી ભીનું. **છાવરે**-પસરાવે. **સિકર**-પાણીના છાંટા (અહીં તેજના) **પીયુષ**-અમૃત. **પયમાં**-પાણીમાં. **કચ**-વાળ. **અમુલાં**-ગોંધ્યાં. **નીલાંબર**-નીલું વસ્ત્ર. **આરોહખેદ**-ચઢવાનો થાક. **સ્વેદ**-પરસેવો. **અધર**-હોઠ. **ધવલ**-ધોળી **અનિમિષ**-મટકું ભર્યા વિના. **મિટવિણ**-મટકું માર્યા વિના. **ઈલ્મ**-યુક્તિ-મંત્ર. **નિદ્રપાશ**-ઉંઘના બંધનમાં.

૧૧૩

(૧૦૭ ને ૧૧૨ મા કાવ્યમાં આવી ગએલા શબ્દોના અર્થ તે સ્થળે જોઈ લેવા) **માધવવીણા**-વસંતઋતુની વીણા. **માધવ મુરલી**-કૃષ્ણની વાંસળી. **સમારે**-સરખા કરે. **કિર**-પોપટ. **ચારુ**-સુંદર. **કુસુમ કામઠી**-ફૂલના ધનુષવાળો. **કુસુમ શરાળો**-ફૂલના બાણવાળો. **માધવમિત્ર**-કામદેવ. **અનિલ**-પવન. **મૃદુલ**-ધીમી. **કોકિલ**-કોયલ. **કલરવતી**-ટહુકતી. **સહકાર**-આંબાનું ઝાડ. **કલાપી**-મોર. **પરિતોષે**-આનંદથી. **પલ્લવ**-પાન. **વલ્લી**-વેલીઓ. **મંજરી**-કલગી. **મુકુલ**-કળી. **પરિમલ**-સુગંધ. **પરાગરાગી**-ફૂલની રજના શોખીન.

ભૃંગો-ભમરા સુરભિભક્ત-સુગંધી પસંદ કરનારા. મરાલ-હંસ. કુંઝ-કુંજ-ઝાડી મંજુલ-સુંદર. મેરીલ-સભા. સંગાન-અવાજ-ગાન. મોદ-આનંદ. વ્યક્તિ-જન. નટ-નાટકમાં ભાગ લેનાર.

૧૧૪

(૧૦૭, ૧૧૨ ને ૧૧૩મા કાવ્યમાં આવી ગએલા શબ્દોના અર્થ તે સ્થળે જોવા.) કલરવ-અવાજ. મૃદુલ-ધીમો. આદરે-શરૂ કરે. નર્તન-નાચ. વિનિમય-બદલો. પંક્તિ-હાર.

૧૧૫

પરિચય-સંબંધ. મુખપદનથી-મોઢે બોલીને. હૃદયગત ઉર્મી-હૃદયમાંનાં મોજાંઓ (હેત). શૈશવે-શિશુપણામાં. સ્કંધ-કાંધ. ક્રમ-નિયમ. ગત-ગએલાં. સુહૃદ-મિત્ર.

૧૧૬

શાહરાહ...નથી-ભણવાને માટે કોઇ સહેલો ધોરી રસ્તો નથી અર્થાત્ તેમાં ખાડા ટેકરારૂપી અડચણો હોય છેજ. ગુલબાગ-ફૂલોનો બાગ. પૃથ્વીપટે-પૃથ્વીના પડ ઉપર.

૧૧૭

સર-સરોવર. તપ્ત-તપેલાં. નદ-મોટી નદી. મંદા-ધીમે ધીમે તારક-તરા સમભાવે-સરખે ગણીને.

૧૧૮

જગાવા-પ્રકટ કરવા. લઘુતા-લાલચ. ઉપાધિ-બહારના સંયોગથી થતુ દુઃખ. રાગ-પ્રીતિ.

૧૧૯

ઉપાધિ-શરીર. રસઆર્દ્ર-રસથી ભીની. મૃતિકા-માટી. વિક્ષેપ-અડચણ.

૧૨૦

સુહૃદ-મિત્ર. સાન્નિધ્ય-પાસે. આવાસ-રહેઠાણ. સ્થૂલ-બહારનું શરીર.

૧૨૧

વસુ-પૈસો. દ્રવે-પીગળે. દુર્ઘટ-કઠણ. આઘાત-ધક્કા.

૧૨૨

રસમ-રિવાજ. વમળ-ગુંચવાડો.

૧૨૩

પંથમાં-રસ્તામાં. ભ્રુકી-નજર. વિષમ-કઠણ. નૂતને-નવા વર્ષે.

૧૨૪

વાસું-વસાવું. રાગ-પ્રેમ. અધર-હોઠ.

૧૨૫

ગિરિનિર્ઝરતટ-પર્વતમાંથી નીકળતા ઝરાનો કિનારો. કુંજ-ઝાડી ઉદધિ-સમુદ્ર. ફિલસુફ-તત્ત્વવેત્તા. સૃષ્ટિસૌંદર્ય-કુદરતની સુંદરતા. નિયંતા-નિયમમાં રાખનાર. રાજતું-ચળકતું.

૧૨૬

મોહિત-ભુલવાળું. ઈશ્વરપરાયણ-ઈશ્વરને માટેનીજ. કૌશલ્ય-હોશિયારી.

૧૨૭

બાળચેષ્ટા-બાળકના જેવી રમત. ઉદ્બોધ-જ્ઞાન. વેન-પ્રવાહ. રત્નરાશિ-રત્નનો ઢગલો. રોમ-શરીરપરના ઝીણા વાળ. શ્રેણી-હ.ર. વ્યક્ત-ખુલ્લું. વ્યક્તિનો-જુદાઈનો. સતત-હમેશાં.

૧૨૮

જલધિલહરિમાં-સમુદ્રનાં મોજાંમાં. જલધિતટ-સમુદ્રનો કિનારો. પુનિત-પવિત્ર. ગહન-ઊંડી. દિનમણિ-સૂર્ય. પતિત-પાપી.

૧૨૯

ભાવિ-ભવિષ્યના. સહચારી-સાથે ફરનારી.

૧૩૦

સુરસરી-ગંગા. કામદુધા-કામધેનુ (જુઓ). સુરતરૂ-કલ્પવૃક્ષ.

૧૩૧

વેદધ્વનિ-વેદના મંત્રનો ઉચ્ચાર. કામના ઇચ્છા.

૧૩૨

ઘટના-વિચાર. ધ્વનિ-શબ્દો. હૃદયાશ્રુના-હૃદયનાં આસુ. શ્લાઘા-વખાણ. ભૂત ભરાવે-ભરમાવે. સ્વાર્થપરત્વે-સ્વાર્થને માટે. અપરધ્વંસ-બીજાનો નાશ. ક્ષુદ્ર-હલકા. વિપરીતપંથ-ઉંધો રસ્તો. પ્રહાર-ઘા. ખચિત-નક્કી. તૃષા-તરસ. પ્રભુપદપંકજ- ઇશ્વરના ચરણરૂપી કમળ. શ્રીકાન્ત-લક્ષ્મીના પતિ-વિષ્ણુ.

૧૩૩

બુદ્ધિમંદ-જેની બુદ્ધિ થોડી છે એવા. વિચારશૂન્ય-વિચાર વિનાના ગ્લાનિ-શોક. ઉન્માર્ગ-ઉંધો રસ્તો. જ્ઞાન-જાણવું. ચાડ-તકરાર. છટકમાં-છટામાં. ઉન્માદ-ગાંડાઇ. તપે-રહે. પાદપે-પગવડે. છતી-ખુલ્લી રીતે. હાલાહલાદિ-ઝેર વગેરે. તપે-ક્રોધ ભરાય. અહર્નિશ-રાતદિવસ. સચ્છાય-સારા માણસોનો આશરો.

૧૩૪

તદપિ-તોપણ સ્મિત-હસવું તે. યુગ્મ-જોડું. કંટક-કાંટા

વિરમી-આરામ લઇ. સુખદા-સુખ આપકારી. ખિન્નગાત્ર-ઘસાઈ ગએલા શરીરવાળી. આહ્લાદક-આનંદ આપનારી. કિલષ્ટ-ખરાબ. જવાળા-આગ. સૌખ્યદા-સુખ આપનાર.

૧૩૫

દેવાંશી-દેવના અંશવાળા. પંડ-પોતે. શિષ્ટજનો-સારા માણસો. નિદર્શન-દેખાવ. દિવ્યગણમાં-દેવતાઓમાં.

૧૩૬

ઉથાપિ-ઉખેડી. પુંજો-ઢગલા. દિદાર-દર્શન. સાંચીને-એકઠું કરીને. જિર્ણાગ્ર-મોટે. શલ્યા-પત્થર. હિમાળે...ગળુ-હિમાલય પર્વતમાં જઈ દેહ ઘસાવી નાંખું.

૧૩૭

ભયભંજન-ભયને દૂર કરનાર. વાકો-તેને. પાવે-પામે. સારંગપાન-ભગવાન દદામાં-વાજાં. જોરાણુ-જોરાવર. પીયુષ-અમૃત.

૧૩૮

શૂર-કૂદકો. નિધિ-સમુદ્ર. મદ્રાખ્ય-મંદ્રાચળ પર્વત. સિંધુસુતા-લક્ષ્મી વિરૂપ-બેડોળરૂપ (નૃસિંહ.) ત્રિપાદ-ત્રણ પગલાં. વર્ણી-બ્રાહ્મણ. પરશુ-કુહાડી. ત્રિસપ્તવાર-એકવીશવાર. સેતુ-પાજ. ગિરિરજ-ગોવર્ધન કારૂણ્યતા-દયાળુપણું. વાછ-ઘેડો. ભક્તિસુત-ભક્તિના પુત્ર-સહજાનંદ વૃતાલમાંહિ-વડતાલમાં.

૧૩૯

સદસિ-સભામાંના. માનવાન-અભિમાની. રસના-જીભ. ઉચ્છિષ્ટ-છાંડેલું-એઠું. ઘ્રાણ-નાસિકા. પ્રાણાયામ-શ્વાસને નિયમમાં રાખવો તે. ત્વચા-ચામડી. નિસ્પ્રેહ-સ્પ્રહા વિનાનો. બત્રીશી-દાંતથી.

૧૪૦

મહીયર-પીયર-બાપનું ઘર. આભૂષણ-ઘરેણાં. જનસમૂહ-માણસોનો જથો. સમેટીને-પૂરાં કરી લઇને. પ્રાણીમાત્ર ..દુભો-કોઈ પણ પ્રાણીને દુઃખ દેશો નહિ. નકરે...લગાર-કંઇપણ ખાય નહિ. અન્ન-ખાવાનો પદાર્થ. સુખપાલ-પાલખી.

૧૪૧

પય પય-દૂધ ને પાણી. અહિસમ-સર્પની માફક. અહંબ્રહ્મ-હું બ્રહ્મ છું. કંચન-સોનું. દરશે...દોકડો-એક દોકડો કાઢીને આપવો તે.

૧૪૨

માંજારી-બિલાડી. કીરકોટ-પોપટની ડોક. મિષ્ટ-મીઠું.

૧૪૩

અનુપ-ઉપમા આપી ન શકાય તેવા. ભ્રાતો-ભાઇઓ. ખાનક-ખબર. અવરને-બીજાને. તુચ્છનર-હલકો માણસ. લીંબુ...મૂછપર-બરાબર હિંમત રાખીને.

૧૪૪

તાનમાં-ખુશી હોય તે વખતે. પંડમાં...પાળી-પેટમાં પાપ રાખે. દુષણ-નઠારાં કૃત્યો.

૧૪૫

વાન-રંગ. સારાસર-સારાનું કે નઠારાનું. દિંગમૂઢતામાં-મૂઢપણામાં. ભીતરમાં-અંતરમાં. ઢોર...ફરે-ગમે તેમ રખડનારા ઢોરની માફક ફરે. સત્યાસત્ય-સાચાનો કે જુઠાનો. દુઃખદ-દુઃખ આપનાર.

સમાપ્ત.